
ISSN 0976 – 9609 V-Vidyanagar

વર્ષઃ ૨૭ || અંકઃ ૧૨ || ડિસેમ્બર ૨૦૨૫ || સળંગ અંક : ૬૫૦

# વિ-વિદ્યાનગર

(Peer-Reviewed Magazine)



चारुतर विद्यामंडल – वल्लभ विद्यानगर

कर्मण्येवाधिकारस्ते।

**CHARUTAR VIDYA MANDAL**

(Est: 1945)

Vallabh Vidyanagar-388120

www.vvidyanagar.ecvm.net

# ॥ પુષ્પાંજલિ ॥



પૂ. સરદાર વલ્લભભાઈ પટેલ (પૂ. સરદાર સાહેબ) ના જન્મદિન પ્રસંગે, તા.૩૧-૧૦-૨૦૨૫ને શુક્રવારના રોજ સવારના ૯:૦૦ કલાકે વલ્લભ વિદ્યાનગર ખાતે આવેલ પૂ. સરદાર પટેલ સાહેબની પ્રતિમાએ પુષ્પાંજલિ અર્પણ કરવાના કાર્યક્રમનું ચારુતર વિદ્યામંડળ દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષશ્રી તથા ધી ચારુતર વિદ્યામંડળ (સીવીએમ) યુનિવર્સિટીના પ્રમુખશ્રી એન્જિ. ભીખુભાઈ બી. પટેલ, મંડળના મંત્રીશ્રી ડૉ. એસ. જી. પટેલ, સહમંત્રીશ્રી રમેશ તલાટી, શ્રી વિશાલ એચ. પટેલ, શ્રી મેહુલ ડી. પટેલ, સરદાર પટેલ યુનિવર્સિટીના રજિસ્ટ્રારશ્રી ડૉ. ભાઈલાલભાઈ પી. પટેલ, ધી ચારુતર વિદ્યામંડળ (સીવીએમ) યુનિવર્સિટીના પ્રોવોસ્ટ પ્રો. (ડૉ) ઈન્દ્રજિત એન. પટેલ તથા ચારુતર વિદ્યામંડળ અને ધી ચારુતર વિદ્યામંડળ (સીવીએમ) યુનિવર્સિટીના પદાધિકારીશ્રીઓ, ચારુતર વિદ્યામંડળ સંચાલિત શાળાઓ / સંસ્થાઓ તથા ધી ચારુતર વિદ્યામંડળ (સીવીએમ) યુનિવર્સિટીની કોલેજોના આચાર્યશ્રીઓ / વડાશ્રીઓ તથા કર્મચારીગણ - વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા અને પૂ. સરદાર પટેલ સાહેબને પુષ્પાજંલિ અર્પણ કરી હતી.




**તંત્રી**
ઉર્વીશ છાયા
**પરામર્શન**
ભગીરથ બ્રહ્મભટ્ટ
**સંપાદક મંડળ**
આર. કે. માંડલિયા ● મનીષા રાઠોડ
ભીખાભાઈ દેસાઈ ● રાજીવ પટેલ
**પ્રકાશક**
ડૉ. એસ. જી. પટેલ
માનદ્ મંત્રી, ચારુતર વિદ્યામંડળ
વલ્લભ વિદ્યાનગર-૩૮૮ ૧૨૦
●
**મુદ્રક**
સીવીએમ પ્રેસ, વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦

વિ-વિદ્યાનગર
ચારુતર વિદ્યામંડળ પ્રકાશન

ડિસેમ્બર-૨૦૨૫
વર્ષ : ૨૭ અંક : ૧૨
સળંગ અંક : ૬૫૦

**ISSN 0976-9609-V Vidyanagar**

ચારુતર વિદ્યામંડળ
વલ્લભ વિદ્યાનગર-૩૮૮ ૧૨૦
સ્થાપના વર્ષ : ૧૯૪૫



**પ્રમુખ**
શ્રી પ્રયાસ્વીનભાઈ બી. પટેલ
**ઉપપ્રમુખ**
શ્રી મનીષભાઈ એસ.પટેલ
**અધ્યક્ષ**
શ્રી ભીખુભાઈ બી. પટેલ
**માનદ્ મંત્રી**
ડૉ.એસ.જી.પટેલ
**માનદ્ સહમંત્રીઓ**
શ્રી મેહુલ ડી. પટેલ
શ્રી રમેશ સી. તલાટી    શ્રી વિશાલ એચ. પટેલ


**વૃત્તિ અને પ્રવૃત્તિએ વિદ્યાનગરની વિભાવનાને મૂર્ત કરતું વિશાળ જ્ઞાનસંકુલ**

પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ સુવિધાઓ ● ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સંકુલના વિજ્ઞાન, સામાન્ય, ગૃહવિજ્ઞાન પ્રવાહ ● ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, યંત્રવિજ્ઞાન, ઇજનેરી વિજ્ઞાન, ઔષધ વિજ્ઞાન, લલિતકલાઓ ચિત્ર, સંગીત, નૃત્ય, શારીરિક શિક્ષણ, આયુર્વિજ્ઞાન, બાયૉટૅક્નૉલૉજી, હોટેલ મેનેજમેન્ટ, ટુરિઝમ ટ્રાવેલના અભ્યાસક્રમોને આવરી લેતી કૉલેજ ઑફ બિઝનેસ એન્ડ ઍડમિનિસ્ટ્રેશન, અંગ્રેજી ભાષાશિક્ષણ તથા પ્રશિક્ષણ વ્યવસ્થાની કૉલેજ ● અનુસ્નાતક કક્ષાએ વાણિજ્ય અને વ્યવસ્થાપન, વિજ્ઞાન, ઔષધવિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, ઇજનેરી, દર્શનશાસ્ત્ર, અંગ્રેજી પ્રશિક્ષણના અભ્યાસક્રમો ● વિવિધ વિદ્યાશાખાઓમાં વ્યાપક સંશોધનની સુવિધાઓ ● કલા, વિજ્ઞાન અને માનવવિદ્યાઓના વિમર્શની ભૂમિકા રચી આપતાં પુસ્તકો-સામયિક પ્રકાશનો ● વિદ્યાકીય વાતાવરણને ધબકતું રાખતી વિવિધ વ્યાખ્યાનમાળાઓ ● સર્જકો, સારસ્વતો, કર્મચારીઓના સન્માનની ઉજ્જ્વળ પરંપરા, રમતગમત ક્ષેત્રે રાષ્ટ્રીય સ્પર્ધાઓનું યુવકોન્મુખ આયોજન ● પ્રાથમિકથી લઈ અનુસ્નાતક કક્ષાનાં વિદ્યાર્થી ભાઈબહેનો માટે છાત્રાલયો, અધ્યાપક નિવાસો તેમજ આચાર્ય નિવાસોની સુવિધાઓ ● સતત વિકાસની પરંપરામાં વલ્લભ વિદ્યાનગર ઉપરાંત ન્યૂ વલ્લભ વિદ્યાનગર ટાઉનશીપમાં વિવિધ અભ્યાસક્રમોવાળી શિક્ષણ સંસ્થાઓની સ્થાપના થતી રહી છે. ● રાજ્યની પ્રથમ મહિલા ઇજનેરી કોલેજ, સરદાર પટેલના જીવન અને કાર્ય માટે દેશની સર્વપ્રથમ સંશોધન સંસ્થા તેમજ સમગ્ર ગુજરાતમાં અંગ્રેજી માધ્યમની સ્નાતક કક્ષાની પત્રકારત્વ અને સમૂહ માધ્યમોની કોલેજ, ગુજરાતની યુવાપેઢીને સનદી સેવાઓમાં પ્રવેશ આપવા માટેની સીવીએમ આઇએએસ એકેડેમી ●કાયદાશાસ્ત્ર અને ન્યાયશાસ્ત્રની અનોખી કોલેજ ● ઇન્ટિરિયર ડિઝાઇન અને આર્કિટેક્ચરની સ્કૂલ ઉપરાંત ફાઇન આર્ટ્સની ડિગ્રી કૉલેજ.


અંકની છૂટક કિંમત : ₹ ૧૫/- રવાનગી ખર્ચ : ₹ ૧૦/- વાર્ષિક લવાજમ : ₹ ૧૫૦/-
વિદ્યાર્થી લવાજમ : ₹ ૧૦૦/- આજીવન લવાજમ : ₹ ૧૫૦૦/-

વલ્લભ વિદ્યાનગરના આદ્યસ્થાપકો પૈકી એક ભાઈકાકાએ ઇ.સ. ૧૯૬૪માં આ વિદ્યાકેન્દ્ર ઉપરથી એક સામયિક પ્રકાશિત થાય જેમાં સાહિત્ય અને શિક્ષણ વિષયક સંસ્કારલક્ષી સામગ્રી રજૂ થાય અને ઉચ્ચ અભ્યાસ અર્થે આવતી કિશોર-યુવાપેઢી એથી લાભાન્વિત થાય, વિદ્યાર્થીઓ અને અધ્યાપકો પણ એમાં સક્રિય રસ લેતા થાય એવી મનીષા પ્રગટ કરી હતી. ફલસ્વરૂપ ૧૯ નવેમ્બર ૧૯૬૪ના રોજ 'વલ્લભ વિદ્યાનગર' પાક્ષિકનો આરંભ થયો. પછીથી એ માસિક સ્વરૂપે 'વિદ્યાનગર' નામે પ્રગટ થતું રહ્યું. ।વિ। નામે એનો ત્રીજો અવતાર થયો ત્યારથી પૂર્વ અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલની નિસબત અને ઉદારતાના ફળસ્વરૂપે તે નવપલ્લવિત થયું, અને ઈ.સ.૧૯૯૯થી નિયમિતપણે 'વિ-વિદ્યાનગર' એ નામથી પ્રકાશિત થતું રહ્યું છે.

વિ-વિદ્યાનગર www.vvidyanagar. ecvm. net પર મૂકવામાં આવે છે. દેશ-વિદેશના વાચકોને પ્રતિભાવ જણાવવા વિનંતી.

**આ માસની વિચાર-કણિકા**

પ્રેમ પદને પામવા; તું મેલી દે મનની તાણ;
ભોજો ભગત કહે ગુરુપ્રતાપે ભક્તિ છે નિર્વાણ.
મન ! તું હજી શિખામણ માન.


।। પ્રાથમ્ય ।। "લાલો" ........................................૩
**સંકલન : એસ.જી.પટેલ**
।। વૈભવ અને વારસો ।। ...................................૬
**પદ્ય-વિભાગ : ભોજા ભગત**
।। નવાં કાવ્યો ।। ..............................................૭
**લતા જગદીશ હિરાણી, રમણ વાઘેલા, હાર્દિક વ્યાસ, ચંદ્રેશ મકવાણા**
।। વૈભવ અને વારસો ।।
**ગદ્ય-વિભાગ :** આજનો દિવસ ...............................૮
**ફાધર વાલેસ**
।। લઘુકથા-૧ ।। પારિજાતની સુગંધ ........................૯
**મનસુખ સલ્લા**
।। હાસ્ય લેખ ।। યે ચોર માંગે મોર.........................૧૦
**નગીન દવે**
।। વાર્તા ।। વાત એક રેશમની .............................૧૨
**યોગેશ પંડ્યા**
।। લઘુકથા-૨ ।। મધરાતનું રુદન ...........................૧૫
**પી. એમ. લુણાગરિયા**
।। નિબંધ ।। નાનાં સુખો અને નાનાં સતકાર્યો............૧૬
**તુષાર દેસાઈ**
।। ચિંતનકણિકા ।। Shakespeare Quote.........૧૭
**આર. કે. માંડલિયા**
।। વ્યક્તિ વિશેષ ।। અસ્મિતા, અધિકાર અને વાસ્તવના દિગ્દર્શક - શ્યામ બેનેગલ ...............................૧૯
**મનોજ મારૂવંશી**
।। સામાજિક ।। મોબાઈલનો વધારે ઉપયોગ વિદ્યાર્થીઓ અને સમાજ માટે લાલબત્તી સમાન ..........................૨૪
**બી. એમ. પરમાર**
**।। જ્ઞાન-વિજ્ઞાન : નોબેલ વિશેષ-૨૦૨૫ ।।**
૧. રસાયણશાસ્ત્રમાં નૉબેલ પુરસ્કાર પ્રાપ્ત કરનારા વૈજ્ઞાનિકો
**ડૉ.રમેશચંદ્ર વ. ભાયાણી..............................૨૬**
2. Nobel Prize in Economics-2025
**Prof. (Dr.) Kinjal Ahir........................... 29**
૩. નૉબેલ શાન્તિ પુરસ્કાર-૨૦૨૫ ....................... ૩૩
**વિનય પંડ્યા**
૪. ભૌતિક વિજ્ઞાનનો નોબેલ પુરસ્કાર-૨૦૨૫............૩૭
**કમલનયન જોષીપુરા**
5. Nobel Prize An Literature-2025
**Parul Popat.........................................43**
।। વિદ્યાવૃત્ત ।। ........................૯, ૧૧, ૨૩, ૪૦




ISSN 0976-9609

## ।। પ્રાથમ્ય ।।

## "લાલો"

**સંકલન : એસ.જી.પટેલ (લેખક : પાર્થિવ નાણાંવટી)**

આજે સવારથી સ્મિતા ખુશ ખુશ હતી. સ્મિતા ઘરના કામ ફટાફટ પતાવી રહી હતી. અને હું કુણાલ (સ્વીટૂના પુત્ર)ને રમાડી રહ્યો હતો. ઘણા સમય પછી સ્મિતાના ચહેરા ઉપર આનંદ હતો એ અચાનક જતો રહ્યો. સ્મિતા એટલે સંતોષી, લાગણી-શીલ અને મારા કરતાં વધારે સમજદાર. હું ઘણી વખત ઉતાવળું બોલી નાખું કે ઉતાવળા નિર્ણય લઈ લઉ પણ સ્મિતા ઠંડા મગજથી વિચારી બોલે અથવા કોઈ પાસેથી શાંતિથી કામ લેતી. અમારા ઘરમાં મારા પપ્પાના સ્વભાવની કોપી તેમના સ્વર્ગસ્થ થયા પછી મેં કરી હતી. તેઓ જ્યાં સુધી જીવતા હતા ત્યાં સુધી હું પણ શાંત સ્વભાવનો હતો કારણ અમારા ઘરમાં આવતી દરેક વ્યક્તિને તેઓ નજરથી ઓળખી લેતા અને એ પ્રમાણે તેમની સાથે વાણી, વર્તન અને વ્યવહાર કરી લેતા. જેથી પરીવારની સુરક્ષા પપ્પાના હાથમાં રહેતી. એટલે હું વચ્ચે માથાકૂટ કરતો નહિ. ઘરમાં એક વ્યક્તિ જ્યારે જરૂર જણાય ત્યારે સ્પષ્ટ વક્તા હોવો જોઈએ નહિતર ઘરમાં બહારથી આવતી મંથરા અને શકુનીઓની માનસિકતા ધરાવનાર તમારા ઘરની શાંતિને અશાંતિમાં ફેરવતા વાર ન લગાડે. મારા પપ્પાના સ્વર્ગસ્થ થયા પછી મેં સ્મિતા અને બાળકોને બેસાડીને કહ્યું, હવે મારા પપ્પાની જગ્યા હું લઈશ. હું કોઈની વ્યક્તિગત જીવનમાં દખલઅંદાજ કરતો નથી અને મને મારા વ્યક્તિગત જીવનમાં કોઈ દખલગીરી કરશે તે હું ચલાવી લેતો નથી. મને મારી મર્યાદા ક્યાં કેવી રીતે સાચવવી એ હું સારી રીતે જાણું છું. હું ખોટો જ્યાં પણ હોઉ ત્યાં ચર્ચા કરવી પણ જરૂરી છે પણ ભાષાની મર્યાદામાં રહીને. બસ પછી મેં ઘરમાં કામ પૂરતું બોલવાનું ચાલુ કર્યું. વણમાંગી સલાહ કોઈને આપવી નહિ. તબિયત સારી રહે એટલું ખાવું અને સંબંધો સચવાય રહે તેટલું જ બોલવું. નિવૃત્તિ દરમ્યાન વધારેમાં વધારે સમય ઈશ્વર અને સ્મિતાને આપવો જેણે સંકટ સમયે મારો હાથ પકડ્યો હતો. મારા વ્યસ્ત સમયમાં હું તેમની સામે જોઈ શક્યો ન હતો. બસ એક સાદોસીધો જીવનનો આ નિયમ મેં બનાવી નાખ્યો. દીકરા વહુને તેમની જિંદગી છે એ લોકો તેમના પ્રમાણે જીવે, અમે અમારી રીતે જીવીએ. ઘરની ચાવી પણ ચાર સેટ કરાવી દીધી હતી. ઘરની કોઈ પણ વ્યક્તિ ઘરને તાળું મારીને ગમે તે સમયે મેસેજ આપી જઈ શકે છે. મેસેજ આપવો એ ઘરમાં રહેતા દરેક સભ્યનો શિષ્ટાચારનો એક ભાગ છે. સ્વીટુ પણ શાંત સ્વભાવનો કામથી કામ રાખે તેવું તેનું વ્યક્તિત્વ. શબ્દોની કિંમત એ સમજતો હતો એટલે જયારે બોલવાનું હોય ત્યારે બોલે પણ તલવાર ની ધાર જેવું બોલી નાખે. એ ઘણી વખત સુંદર શબ્દો બોલી લેતો. તલવાર મ્યાનમાં શોભે અને જીભ મર્યાદામાં રહે ત્યાં સુધી શોભે. વાણી અને પાણી તેની મર્યાદા મૂકે તો વિનાશ જ નોતરે. સ્વીટુના લગ્ન થયા તેની પત્ની ડિમ્પલ જોબ કરતી હતી. લગ્ન પછી સ્વીટુ અને ડિમ્પલને બાજુમાં બેસાડી કહ્યું હતું. તમે બન્ને જોબ કરો અમે ખુશ છીએ. અમને તમારા એક રૂપિયાની જરૂર નથી. તમે તમારી આર્થિક સધ્ધરતા વધારવા તમે બન્ને નોકરી કરો છો. ભવિષ્યમાં યાદ રહે હું નિવૃત થયેલ વ્યક્તિ છું. અમે આઝાદ પંછી છીએ. અમને પાંજરામાં પુરવાનો પ્રયત્ન ન થાય તે જોવાની જવાબદારી તમારા ઉપર છે. હું પ્રેમના પાંજરામાં કેદ થવાવાળો માણસ છું પણ સોનાના પાંજરામાં કેદ થનાર નહિ. હું સંયમ, શિસ્ત અને શિષ્ટાચારમાં માનનાર વ્યક્તિ છું. મારે જે કહેવાનું હતું એ મેં તમને જણાવી દીધું જેથી ભવિષ્યમાં તમને એવું ન થવું જઈએ કે પપ્પાનું વર્તન અચાનક કેમ બદલાઈ ગયું. તમે આનંદમાં રહો આર્થિક સધ્ધરતા પ્રાપ્ત કરી દુનિયાના તમામ સુખ તમે બન્ને સાથે માણો તેવા અમારા આશીર્વાદ તમારી સાથે છે. અમારાથી બનતો બધો સહકાર અમે આપશું. એક વર્ષ પછી અમે દાદા દાદી બન્યા. તેઓ બન્ને ઓફિસે જતા ત્યારે

અમે તેના બાળક કુણાલને સાચવતા અને અમને પણ આનંદ હતો અમે દાદા દાદી તરીકે અમારી ફરજ અદા કરતા હતા. પણ જ્યારે નિષ્કામ ભાવે અપાતી કોઈ પણ સેવા તમારી ફરજ નહિ પણ જવાબદારીનો એક ભાગ છે તેવું કહી તમારી માથે ઠોકી બેસાડવામાં આવે ત્યારે એ પ્રવૃત્તિ બોજારૂપ લાગે. અમારે ક્યાંય જાત્રા કે ફરવા જવું હોય ત્યારે પણ ૧૦૦ વખત વિચારવું પડે કે કુણાલને (સ્વીટુ નો દીકરો) કોણ સાચવશે ? સ્વીટુ અને ડિમ્પલને રજા લેવી પડશે. છતાં પણ જતું કરવાની ભાવના સાથે અમે મૌન અને સંયમ રાખી અમારી ફરજનો એક ભાગ સમજી અમે બધું ચલાવે રાખતા હતા.. સ્મિતાનો અચાનક ચહેરો ગંભીર જોઈ મેં પૂછ્યું, સ્મિતા શું થયું ? એ મારી સામે ઉભી રહી ભીની આંખે બોલી આજનો આપણો પ્રોગ્રામ કેન્સલ. મેં કહ્યું કેમ ? ડિમ્પલનો ફોન હતો, કહેતી હતી મારે ઓફીસમાં કામ છે મોડું થશે. મેં કહ્યું તેને ખબર છે અમારે આજે સાંજે ૬ વાગ્યે "લાલો પિક્ચર" જોવા જવાનો પ્રોગ્રામ બનાવી નાખ્યો છે ટીકીટ પણ બુક થઈ ગઈ છે. ડિમ્પલએ કહ્યું એ પ્રોગ્રામ પછી રાખજો. કુણાલને રસ્તા ઉપર થોડો મૂકીને પિક્ચર જોવા જવાય. સ્મિતાની વાત સાંભળી મારો પિત્તો સાતમાં આસમાને ચઢી ગયો. મેં કહ્યું સ્મિતા ડિમ્પલ તેના મનમાં સમજે છે શું, આપણે તેના પગારદાર કર્મચારી છીએ કે એ જે ભાષામાં વાત કરે એ અમે મૌન બની સહન કરતા રહીએ. હજી શરૂઆત છે તેણે તેની મર્યાદા બતાવવી પડે. તમે શાંત થાવ. સ્મિતા મને સમજાવવા લાગી. એકતો માંડ સ્મિતા આજે મુડમાં આવી હતી ત્યાં વચ્ચે વિઘ્ન, અને છતાં ભાષા ઉપર કોઈ લગામ નહિ. મેં કહ્યું સ્મિતા હવે તું એક શબ્દ નહિ બોલે. હવે મારે જે કરવાનું છે અને જે બોલવાનું છે હું બોલીશ, પરિણામની મને પરવાહ નથી. મેં સ્વીટુને મોબાઈલ લગાવી કીધું બેટા તાત્કાલિક ઘરે આવી શકીશ ? પણ પપ્પા વાત શું છે ? તું ઘરે આવે એટલે કહું. અગત્યનું કામ છે. સ્વીટુ ઘરે ગણતરીની મિનિટોમાં આવી ગયો. મેં કહ્યું, જો બેટા આજે અમે "લાલો પિક્ચર" જોવા અમારા સિનિયર સિટીઝન ગ્રુપના સભ્યો સાથે જવાના છીએ એ ડિમ્પલ અને તું, તમે બંને જાણો છો. હમણાં તેનો અચાનક મોબાઈલ તારી મા ઉપર આવ્યો અને કહે ઓફીસમાં મારે મોડું થશે. જ્યારે ફક્ત સ્મિતાએ એટલું કીધું તને ખબર છે અમે આજે "લાલો પિક્ચર" જોવા જવાના છીએ, તો ડિમ્પલ કહે એ પ્રોગ્રામ કોઈ બીજી વખત પણ થઈ શકે. આગળ બોલી કુણાલને રસ્તા ઉપર મૂકીને તમે પિક્ચર જોવા જશો ? શું હવે પછી ડિમ્પલ અમારા પ્રોગ્રામ નક્કી કરશે..? સાધુ સંત હોય કે વ્યક્તિ સામાન્ય સંજોગોમાં જ્ઞાનની વાતો કરતા હોય છે પણ સાચી કસોટી અસામાન્ય સંજોગોમાં થાય ત્યારે જ વ્યક્તિ જેવો હોય તેવો દેખાઇ જાય. આજે ખરેખર સ્વીટુના સાચા સ્વભાવનો મને પરિચય થયો જેનો હું આગ્રહી હતો. સંયમ, શિસ્ત અને શિષ્ટાચારના દર્શન સ્વીટુના મા-બાપ સાથેના વ્યવહાર-માં ત્યારે મેં જોયા. એ ખૂબજ શાંતિથી મારી બાજુમાં બેઠો, મારા ખભે હાથ મૂકી બોલ્યો પપ્પા મમ્મી તમે આનંદથી "લાલો પિક્ચર" જોવા જાવ. મારા લાલાને હું સાચવીશ મને પણ ખબર પડે મારો લાલો કેવા કેવા તોફાન કરે છે. વાતાવરણને હળવું કરવા તેણે મજાક કરી લીધી. તે આગળ બોલ્યો, હું સ્વીકારું છું ડિમ્પલની ૧૦૦% ભૂલ છે જ્યારે તેને તમારો પ્રોગ્રામ ખબર જ છે ત્યારે તેણે મને મોબાઈલ કરી જાણ કરવી જોઈતી હતી. હું વહેલો ઘરે આવી જાત. હું ડિમ્પલને મારી ભાષામાં સમજાવી દઈશ કે પપ્પા મમ્મી સાથે સભ્યતાથી વાત કરે. સ્વીટુની આંખો પણ ભીની હતી કારણકે તે અમારો સંઘર્ષ સમયનો એક માત્ર સાક્ષી હોવાથી અમારી વેદના સમજતો હતો. સ્વીટુની લાગણીથી ભરેલી વાતોથી મારો ગુસ્સો ઠંડો થયો. મેં સ્વીટુના માથે હાથ ફેરવી કીધું તું પણ મારો "લાલો" જ છે. જા બેટા ઓફિસે કોઈ વખત ફરી અમે પિક્ચર જોવાનો પ્રોગ્રામ બનાવી લેશું. તારા સંયમ, શિસ્ત અને મા-બાપ સાથે બોલવાનો શિષ્ટાચાર જોઈ હું તારી સામે નતમસ્તક બની ગયો છું. અરે પપ્પા


ISSN 0976-9609

આજે તમારે "લાલો પિક્ચર" જોવા જવાનું જ છે તમને તમારા લાલાના સોગંદ. ફરીથી હું ચાર ટીકીટ કરાવીશ ફરી જોવા અમારી સાથે આવજો. મારા મા બાપની આંખો ભીની હોય તો "લાલો" દુઃખી થઈ જાય એ કેમ ચાલે.. હું સ્વીટુને ભેટી પડ્યો. બેટા સંતાન તારા જેવા હોવા જોઈએ. જે સત્યની સાથે ઉભા રહે. ઘણા સંતાનો મેં જોયા છે. પત્ની તરફથી મળતા આર્થિક લાભની લાલચમાં આવી સત્ય જાણતો હોવા છતાં અસત્યની તરફેણ કરતો હોય છે.

બેટા તું સમજે છે નિવૃત્તિનો સમય આનંદ કરવાને બદલે બનતો બધો સપોર્ટ તમને અમે આપી રહ્યા છીએ. કુણાલને સાચવવો એ દાદા દાદી તરીકે અમારી નૈતિક ફરજ છે એ સમજીએ છીએ. બેટા એક શરતે અમે લાલો જોવા જઈએ. તું ડિમ્પલ સાથે કોઈ પણ પ્રકારની આ બાબતે માથાકૂટ નહિ કરે. સ્વીટુએ સ્મિતાના માથે હાથ ફેરવી કહ્યું, મમ્મી તું આનંદથી લાલો જોવા જા કોઈ મગજ ઉપર ભાર રાખતી નહિ. તારી વહુ વતી હું તારી માફી માંગુ છું અને ભવિષ્યમાં આવી ડિમ્પલ કદી ભૂલ નહિ કરે તેની ખાતરી પણ હું તને આપું છું. સ્મિતા સ્વીટુને ભેટી રડી પડી. રાત્રે પિક્ચર જોઈને ઘરે આવ્યા ત્યારે થોડી અંદરથી બીક હતી કે ઉગ્ર ચર્ચા થશે. પણ ડિમ્પલ અંદરથી બહાર આવી અને સ્મિતાના પગ પાસે બેસી બોલી મમ્મી મને માફ કરો હું ઓફીસના કામના દબાણ નીચે ન બોલવાનું તમારી સાથે બોલી ગઈ હતી. અમે નિર્ણય લીધો છે આવતીકાલથી કુણાલને સાચવવા એક બહેન આવશે. કોઈ વખત સંજોગો આવા બને ત્યારે તમારે ટેન્શન નહિ અને અમારે પણ ટેન્શન નહીં. મેં કહ્યું, બેટા તમારી અત્યારે જેવી જિંદગી છે એવી જ જિંદગી અમારી ભાગદોડની હતી. જવાબદારીના ભારથી ઉંઘ આવે તો સ્વપ્ના આવે ને. નિવૃત્તિનો પડાવ એવો પડાવ છે જ્યાં ખૂબ દોડ્યા પછી નિરાંતે બેસી થોડા બચેલા શ્વાસ લેવાનો છે. થોડા અમારા અધૂરા સ્વપ્નાં પૂરાં કરવાનો સમય છે. એ પણ અમારી જાત અને પગ ચાલે ત્યાં સુધી ડિમ્પલ બોલી પપ્પા હવે આવી ભૂલ નહિ થાય..આવતા મહિને મારા પપ્પા મમ્મી વૃંદાવન, ગોકુળ, મથુરા ૧૫ દિવસ માટે જાત્રાએ જાય છે તમારું ટુર બુકિંગ માટે હું વાત કરી દઉં છું. ડિમ્પલ ઉભી થઈ બે હાથ ઊંચા કરી બોલી બોલો રાધે..રાધે મેં અને સ્મિતાએ ડિમ્પલના માથે હાથ ફેરવી કહ્યું, બેટા રાધે રાધે. મિત્રો

આપણો સમય ગમે એવો જોરમાં હોય તો પણ જોર ક્યાં અને કોની સામે વાપરવું અને ક્યાં શાંતિ, સંયમ રાખવો એની સમજ ન હોય તો સારો સમય પણ હાથમાંથી સરકી જતાં વાર નથી લાગતી. આપણા પદ, પૈસા કે પ્રતિષ્ઠાના વાક્ય રૂપી ધૂમડા મા બાપ ઉપર કાઢવાનો પ્રયત્ન કદી કરવો ન જોઈએ કારણ કે તમે જે જગ્યાએ આજે બેઠા છો તેના મૂળમાં ખાતર અને પાણી પીવડાવનાર મા બાપ જ હતા. તમારી બચપનથી યુવાની સુધીની સફર દરમિયાન ATM કાર્ડ બની ઉભા રહેલ મા-બાપને ઘડપણમાં જ્યારે જરૂર પડે ત્યારે આધારકાર્ડ બનીને ઉભા રહેશો ત્યારે જ "લાલો" ખુશ થશે.

---

માનદ્ મંત્રી
ચારુતર વિદ્યામંડળ, વલ્લભ વિદ્યાનગર
ફોન (૦૨૬૯૨) ૨૩૮૪૦૦
E-mail : sgpatel1948@gmail.com

## મન ! તું હજી શિખામણ માન

**ભોજા ભગત**

મન ! તું હજી શિખામણ માન,
એક દી ચાલવું છે સમશાન.
લખ ચોરાશીમાં અવતર્યા ને ખરી તેં ભોગવી ખાણ;
એ તો અવગુણ અતિ ઘણો, એક હરિ ભજ્યા વિણ હાણ..૧
ભજન કરો તો ભય મહે, સંત શબ્દ ધરજો કાન;
અમરદેવને આરાધી લેજો, સમજ સદગુરુની શાન.... ૨
શુદ્ધ વિચારીને ચાલજો ભાઈ ! રહેવું પડશે રાન;
મૂવા પછી નથી માણવું, વાંસે સગા કરશે સ્નાન...૩
રાજા પરીક્ષિત પામિયો ભુવનપતિ ભગવાન;
સાત દિવસ સાંભળ્યું એવું ગોવિંદ કેરું જ્ઞાન...૪
પ્રેમ પદને પામવા; તું મેલી દે મનની તાણ;
ભોજો ભગત કહે ગુરુપ્રતાપે ભક્તિ છે નિર્વાણ.
મન ! તું હજી શિખામણ માન.

ભોજા ભગત ક્યારેક શાંત ભાવે, જાણે કે ધીરજથી શિખામણ આપતા હોય તેમ પણ જણાય છે. તેમને ચાબખાનો સૂર સરળ ઉપદેશાત્મક બન્યો છે. હે મન ! તુંને હું સાચી શિખામણ આપું છું કે ગુરુને પ્રતાપે, ભક્તિને માર્ગે નિર્વાણ પામશ. જન્મ થયો છે એટલે મૃત્યુ થવાનું જ એક દી સમશાન જવાનું જ છે. આ લખચોરાશીના ફેરામાં પડવું ન હોય તો હરિભજન કરી લે. સંત શબ્દ કાને ધરી, અમરદેવની આરાધના કરી ભજન કરો. સદ્ગુરુની શાન પ્રમાણે શુદ્ધ વિચારને આચરણ કરો. ગમે ત્યારે મૃત્યુની રાત પડી જશે ને મુવા પછી કાંઈ નથી. રાજા પરીક્ષિતે સાત દિવસ કથા સાંભળી, ગોવિંદનું જ્ઞાન જાણી, ભુવનપતિ ભગવાનને પ્રાપ્ત કર્યા, પ્રેમપદને પામ્યા માટે હે મન ! તું તારી તાણા-વાણ છોડી દે અને ભક્તિને માર્ગે ચાલ.

---

Success is not the key to happiness. Happiness is the key to success. If you love what you are doing, you will be successful.”

* * * *

"Tolerance is the homage which the finite mind pays to the inexhaustibility of the infinite."

 ISSN 0976-9609

## ।। નવાં કાવ્યો ।।

### ઢળતી વયે (ગઝલ)

**લતા જગદીશ હિરાણી**

ટહૂકા ને સન્નાટા વચ્ચે
આપણ બેઉ સાથ છીએ રે !
તેજ અને છાયાની વચ્ચે
આપણ બેઉ સાથ છીએ રે !
યુગ ભલેને આથમતો
આ પળની આપણ જાત છીએ રે
જીવતર ને ઝળહળની વચ્ચે
આપણ બેઉ સાથ છીએ રે !
તણાઈ જાતી રમણા ભ્રમણા
એવા આછરતા અજવાળે
સ્પર્શ અને સંવાદો વચ્ચે
આપણ બેઉ સાથ છીએ રે !
ફુરસદના આ ઓઘ ઉછળતા
એક જ નામ રમંતુ જીહ્વે
સમજણ ને સગપણની વચ્ચે
આપણ બેઉ સાથ છીએ રે !
પગલાંઓ જ્યાં ઓગળતા ને
મૌન મ્હાલતી શેરી સારી
હવા અને સુસવાટા વચ્ચે
આપણ બેઉ સાથ છીએ રે !

Email:lata.hirani55@gmail.com

### બસ, તું સુણે તો કહું (ગીત)

**રમણ વાઘેલા**

બસ, તું સુણે તો કહું
નહીંતર સરિતા નીરની માફક વહું
બસ, તું સુણે તો કહું
કેટકેટલાં કીધાં કારણ, કેટકેટલાં પીધાં મારણ
જડે કશો મારગ ના ત્યારે, એક જ તુજને ચહું
બસ, તું સુણે તો કહું
ક્ષર-અક્ષરની માયા જાગી, ઢાઈ અક્ષરની છાયા વાગી
હાથ વળી લંબાવું ઉભડક, એક જ તુજને ગ્રહું
બસ, તું સુણે તો કહું
દરિયાને તડકો તલસાવે, ધોધમાર વાદળ વરસાવે
એક બુંદ શીતલ પામું તો, અઢળક પ્રેમ થઈ રહું ?
બસ, તું સુણે તો કહું

પ્લોટ નં. ૬૫૨/૨, સિદ્ધાર્થ પાર્ક,
સેક્ટર નં. ૮, ગાંધીનગર-૩૮૨ ૦૦૭

### સમજાય રાત આખી (ગઝલ)

**હાર્દિક વ્યાસ**

શંકાનાં વાદળાઓ ઘૂમરાય રાત આખી.
વંટોળ મારી ભીતર વરતાય રાત આખી.
તારા હતા જે પગલાં હવે અન્યના થયા છે,
રસ્તોય ધીરેધીરે બદલાય રાત આખી.
આવે છે સાદ ભેદી આ વાવમાંથી સાંજે,
પડઘાઓ શાંત જળમાં પડઘાય રાત આખી.
આ બાજુ આયનામાં હું કેદ હોઉં છું ને,
સામેની બાજુ કોઈ પરખાય રાત આખી.
મારી જ સામે મારા પડછાયા ચીસ પાડે,
બોલું જો એક અક્ષર ચર્ચાય રાત આખી !
ચાલ્યા ચરણ તો પાછો ઊભો થયો છે પર્વત,
ઊભા રહો તો પથ્થર ટકરાય રાત આખી.
દિવસની હાજરીમાં પ્રશ્નો ઘણા ઊઠ્યા છે,
એનો જવાબ શોધી વિખરાય રાત આખી !
દીવો કરી પ્રથમ હું અંધારને સજાવું,
જેથી કરી મને આ સમજાય રાત આખી.
નભની તિરાડ જોઈ પાછો વળી ગયો છું
સાંધુ જો એની આભા તરડાય રાત આખી...!

વૃંદાવન પાર્ક-૩, એસ.ટી.ડિવિઝન સામે,
રામેશ્વર મહાદેવ મંદિર વાળી શેરી, લાઠી રોડ,
અમરેલી-૩૬૫૬૦૧ (મો) ૯૮૨૫૪ ૧૫૬૯૫

### તમે કહો એ ખરું... (ગીત)

**ચંદ્રેશ મકવાણા**

મારી અંદર ઉકળે છે વરસોથી આગનો ચરું
પણ..... તમે કહો એ ખરું
કોઈ ગરોડી, માખી, મચ્છર
નથી હું કૂપ મંડૂક મારું ખુદનું હોવું છે
તલવાર, તીર, બંદૂક
હાલી મવાલીના દરબારે કદી ન હાજરી ભરું
પણ.... તમે કહો એ ખરું.
દરિયો દરિયે ડૂબી જાતો લોહી જો મારું બળે
ખોંખારો હું ખાઉં તો ઊગતો સૂર્ય સવારે ઢળે
મને ફરક ક્યાં લેશ માત્ર નારાજ જીવું કે મરુ !
પણ... તમે કહો એ ખરું

૨૦૨, મહાદેવ કોમ્પલેક્ષ, સંગીતા ગોલ્ડ પેલેસની ગલીમાં
ડી.જે.સાઉન્ડની બાજુમાં, નવા વાડજ,
શાકમાર્કેટ, નવાવાડજ, અમદાવાદ

॥ વૈભવ-વારસો : ગદ્ય વિભાગ ॥

## આજનો દિવસ

ફાધર વાલેસ

હમણાં બેએક કલાક પહેલાં ઊઠ્યા. નાહી-ધોઈને તૈયાર થયા, ચા પીધી, છાપું વાંચ્યું, ભગવાનેય યાદ કર્યા; મનમાં ને મનમાં સંકલ્પ કર્યો કે કોઈ સારું કામ થાય અને કોઈ પુણ્યો મળે. પછી દિવસમાં ઝંપલાવવા તૈયાર થયા, અને એમાં પ્રશ્ન થયોઃ આજનો દિવસ કેવો જશે ? કેવો જાય તો મને સંતોષ થાય, આનંદ રહે, કૃતકૃત્યતા લાગે ?

કેટલાક લોકો એવી પ્રતિજ્ઞા લે છે કે રોજ કોઈ એક સુકૃત્ય કરવું, જેથી કંઈ નહીં તો એટલું સારું સ્મરણ દિવસમાં રહે અને એક શુભ કાર્યના પુણ્યથી આખો દિવસ સારો ગયો એમ કહી શકાય. દિવસ ગમે તેવો ગયો હોય, પણ તેને માથે એ એક સુકૃત્યનો ચાંલ્લો આવ્યો એટલે આખો દિવસ પવિત્ર બન્યો.

એ ભાવના છે અને ભાવના સુંદર છે. પણ આજે મારો વિચાર કંઈક જુદો છે. સુકૃત્યો તો જરૂર કરીએ; પરંતુ જાણે દિવસને મામૂલી બનતો અટકાવવા માટે નહીં. એકાદ સુકૃત્યથી નમાલા દિવસ ઉપર ઓપ ચડાવવાનો સવાલ નથી. આખો દિવસ પવિત્ર જોઈએ - પછી ચાલ્લો કરીશું, પછી પવિત્ર મંદિર ઉપર કળશ ચડાવીશું.

એટલે કે આખો યે દિવસ પવિત્ર છે જ. એ મામૂલી, સામાન્ય દિવસ પવિત્ર છે. એ કેવી રીતે ? મંદિરના પથ્થરો પવિત્ર છે, એ રીતે. એ તો પથ્થર જ છે - પણ પોતાને સ્થાને છે, પોતાનું કામ કરી રહ્યા છે, પોતાનો પથ્થર-ધર્મ પાળે છે, હાડમાંસ છે, ગંદા-મેલાં થાય; પણ પોતાને સ્થાને છે, પોતાનું કામ કરે છે, પોતાનો ધર્મ પાળે છે, એટલે પવિત્ર છે.

ચાંલ્લો આવે તે પહેલાં, કળશ આવે તે પહેલાં જ, દેહ પવિત્ર છે, મંદિર પવિત્ર છે - અને દિવસ પણ પવિત્ર છે. એના બધાં કૃત્યો - ઊઠવાનું ને બેસવાનું, ઊંઘવાનું ને જાગવાનું, ઓફિસનું કામ ને ઘરના પ્રસંગો ને મિત્રોની મુલાકાતો-બધાંનું સ્થાન છે, બધાંનું કામ છે, બધાનો ધર્મ છે અને તેથી એ બધાંથી બનેલો આખો દિવસ પવિત્ર છે.

કોઈ વિશિષ્ટ કૃત્યની જરૂર નથી, કોઈ સોનાની ઈંટની જરૂર નથી; હોય તો સારું છે, પણ એ ન હોય તોય દિવસને મંગળ કહીશું. દરેક કાર્ય હોવું જોઈએ તેવું હોય, એટલું જ જરૂરી છે. ખાવાનું તો ખાવાનું અને વાંચવાનું તો વાંચવાનું. વાતચીત તો વાતચીત અને પ્રાર્થના તો પ્રાર્થના. દરેક પોતાના સમયે થાય, પોતાની રીતે થાય, આનંદથી થાય. દરેકમાં ધ્યાન અને દરેકથી સંતોષ. એ રીતે સારો દિવસ થાય. એ રીતે સારું જીવન જીવાય. આજનો દિવસ એવો જીવીએ !

'અરધી સદીની વાંચનયાત્રા'માંથી સાભાર

**દાન આપતી વખતે હાથમાં શું હતું એ નહીં, પણ દિલમાં શું હતું એ જોવાનું છે !!**

 ISSN 0976-9609

## || લઘુકથા-૧ ||

## પારિજાતની સુગંધ

**મનસુખ સલ્લા**

બંને વચ્ચે ટકાટકી થઈ ગઈ. સુરભિને લાગ્યું કે આયુષ્યે હદ ઓળંગી. આયુષ્યને લાગ્યું કે સુરભિએ આજે આઘાત આપ્યો. સુરભિ રૂમમાં જઈ આડી પડી. આયુષ્ય હીંચકા પર અન્યમનસ્ક ભાવે ઝૂલતો રહ્યો.

એક પણ શબ્દ બોલ્યા વિના, બે અજાણ્યા જણની જેમ બંને જમ્યા. બંનેને લાગ્યું કે ભોજનમાં સ્વાદ નહોતો. નજર ન મેળવવી પડે એ માટે બંને સભાન હતાં. આયુષ્ય હીંચકા પર બેસી છાપું વાંચવા લાગ્યો. પણ અક્ષરો સેળભેળ થઈ જતા હતા. તેણે છાપું મૂકી દીધું.

સુરભિએ રસોડું આટોપ્યું, પણ જાણે કોઈકના ઘરમાં હોય એમ. ફ્રીઝમાં દૂધ ક્યાં મૂકવું એ નક્કી કરતાં તેને વાર લાગી. પથારીમાં પડખાં ઘસતાં ઘસતાં થાકીને સૂઈ ગઈ. મોડી રાત સુધી હીંચકા ખાઈ આયુષ્ય પથારીમાં પડ્યો. પણ વહેલી સવારે જાગી ગયો.

બહાર આવી જોયું તો પારિજાતની વેલ ફૂલથી લચી પડી હતી. આયુષ્ય ફૂલો ચૂંટીને, નાની ડીશમાં ભરી સુરભિના ઓશિકાની બાજુમાં મૂકી દઈ હીંચકે બેસી ગયો. પારિજાતની સુગંધ લેતી સુરભિ જાગી ગઈ. ઘડીક ફૂલોની ડીશને જોઈ રહી. હીંચકે બેઠેલા આયુષ્ય પાસે જઈ ભેટી પડી, 'આયુષ્ય... આઈ એમ...' આયુષ્યે તેના મોં પર હાથ દઈ દીધો, 'નો વર્ડ્સ..' બંનેને લાગ્યું કે પારિજાતની સુગંધે બંને વચ્ચેનું અંતર ભરી દીધું હતું.

સી-૪૦૩, સુરેલ એપાર્ટમેન્ટ,
દેવાશિષ પાર્ક સામે, જજીસ બંગલો વિસ્તાર,
અમદાવાદ-૩૮૦૦૧૫, (મો) ૯૮૨૪૦૪૨૪૫૩,
Email:mansukhsalla@gmail.com

## || વિદ્યાવૃત્ત ||

## એમ.યુ.પટેલ (ટેક્નિકલ) હાઈસ્કૂલ, વલ્લભ વિદ્યાનગર

ચારુતર વિદ્યામંડળ, વલ્લભ વિદ્યાનગર સંચાલિત એમ.યુ.પટેલ (ટેક્નિકલ) હાઈસ્કૂલ, વલ્લભ વિદ્યાનગરમાં ધોરણ-૯માં અભ્યાસ કરતાં બાળકો ધ્રુવલ પરમાર, દેવ ઠાકોર, અરહાન ખલીફા તથા આમીર ખલીફા ગુજરાત સરકારના વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગ દ્વારા આયોજિત રોબોફેસ્ટ-૫.૦ માં કેટેગરી-૨ નાં વિષય "એ.આઈ. ઓટોનોમસ ડ્રાઇવિંગ બોટ્સ"માં પ્રથમ લેવલમાં (રાજ્ય કક્ષાએ) વિજેતા બનેલ છે અને શાળાને ગૌરવ અપાવેલ છે. તમામ વિજેતા વિદ્યાર્થીઓને ચારુતર વિદ્યામંડળના તમામ સાહેબશ્રીઓએ આશીર્વાદ પાઠવ્યા છે અને હજુ વધુ પ્રગતિ કરવાની પ્રેરણા આપેલ છે.

|| હાસ્ય લેખ ||

## યે ચોર માંગે મોર

**નગીન દવે**

કાળીચૌદશની કાળ રાત્રિએ માંડણદાદાની દેરીએ બધા ચોરોનો મેળો જામ્યો હતો. પહેલા તો ચોરજગતનાં આદિપુરુષ માંડણદાદાની માત્ર ખાંભી હતી. નાના મોટા ચોર જ્યારે ચોરી કરવા જતા ત્યારે અહીં શ્રીફળ વધેરી સિંદૂર ચડાવી પછી જ પ્રયાણ કરતા. ત્યાંથી થોડે દૂર ચોરનું એક ગામ વસી ગયેલું. જ્યારે કોઈ મોટી ચોરી થતી તો પોલીસનાં આંટાફેરા વધી જતા પણ ગામ ફરતી થોરની ગાઢી વાડ કરી દીધેલી હોઈ ત્યાં પ્રવેશવું અઘરું થઈ પડતું.

ચોર સમુદાયનો આ સૌથી મોટો અને એકમાત્ર મેળો હતો. આ દિવસે નાના મોટા સૌ ચોર આ ચોરભૂષણ માંડણદાદાની ખાંભીને મધરાતે કસુંબો પાઈ, માનતાઓ પૂરી કરી પ્રસાદ લેતા.

પહેલા તો અહીં પરંપરાગત ચોરો જ આવતા પરંતુ હવે તો આધુનિક વસ્ત્રોવાળા, અંગ્રેજી છાંટ વાળી શુદ્ધ ભાષા બોલતા ચોરો પણ આવતા થઈ ગયેલા. ચતુર નામનો ચોર તો ભણીને પીએચડી સુધી પહોંચી ગયેલો. "આધુનિક યુગમાં ચૌર્યકલા" પર તેણે મહાનિબંધ લખી ડોક્ટરેટની પદવી હાંસલ કરેલી. પહેલેથી જ તે ચાલાક હતો, પરંતુ ભણવામાં તેજસ્વી નહોતો. તેણે કાપલીઓ કરી પરીક્ષામાં થઈ શકતી તમામ ચોરીની પદ્ધતિઓમાં નિપુણતા મેળવી શિક્ષણનાં સઘળા કોઠા વીંધી નાખ્યા હતા. આ ડીગ્રીધારી યુવાનને આગેવાન થવાનાં અભરખા જાગ્યા અને તેણે નેતાગીરીનાં પાઠ ભણવા માંડ્યા.

દરેક ગામમાં હોય છે એમ અહીં પણ કવિઓ હતા. કવિ સંમેલનો-મુશાયરા પણ યોજાતા. મત્લા-મક્તાનાં શેર પર કવિઓને ભરપૂર દાદ મળતી. વાહવાહી થતી. ચતુરને લાગ્યું કે જો કવિ બની જઈએ તો જીભ છૂટી થાય અને નેતૃત્વનાં પાઠ પણ શીખવા મળે. તેણે અરૂઝ-છંદશાસ્ત્રની કિતાબો ઘણી વાંચી પણ શબદનો ઓતાર ન જ આવ્યો. ઉર્દૂનાં એક મશહૂર શાયર કંવલ સરહદીનો આ શેર તેના વાંચવામાં આવ્યો:

ઢૂંઢી શરીફઝાદોં કે ઘર પર બહૂત,
મગર તહજીબ કી કિતાબ તવાયફ કે ઘર મિલી.

એક નિવૃત્ત ગઝલકારને રાજી કરી તેણે આ શેરનું ગુજરાતીકરણ કરાવ્યું:

શોધ્યા કર્યો ખૂબ જ શરીફોનાં ઘરમાં પણ,
મળ્યો સભ્યતાનો ગ્રંથ ગણિકાના આવાસમાં.

આ શેરની સાથે થોડી પંક્તિઓ પોતાની મેળે જોડી દઈ અનુભવી પાસે સુધારાવધારા કરાવી ગઝલ ઘસડી કાઢી. ઊઠાંતરીએક્કા તેણે જૂની ગઝલોમાં સેળભેળ કરી, ક્યારેક કોઈ બુઝુર્ગ પાસે યેનકેન પ્રકારે લખાવી ચોરીમિશ્રિત ગઝલો કવિ સંમેલનનાં સંચાલકોને રાજી કરી ઘબેડવા માંડી. તાલીબજવૈયાઓ પણ તેણે ભાડે રાખેલા તે વાહવાહ અને ઈર્શાદ...દુબારા...હાકોટા છાકોટા કરી દાદ આપતા... ધીરેધીરે તેને ભાષણ કરતાં પણ આવડી ગયું.

મેળામાં એકઠા થયેલા લોકોએ પૂજન-અર્ચનની રસમ પૂરી કર્યા પછી ચતુરે તેમની સભાનું આયોજન કર્યું. સભામાં તેણે બિનકુશળ, અર્ધકુશળ અને કુશળ ચોરોના સંગઠનની રચનાનો પ્રસ્તાવ મૂક્યો. ભૂમિકા બાંધતાં તેણે કહ્યું કે, 'સંઘે શક્તિ કલિયુગે.' આજે દરેક ખાતામાં યુનિયનો છે. ભલે તેને ડાબેરી વિચારસરણી કહેવાતી હોય પણ દરેક દેશોમાં યુનિયન પ્રથાનો સ્વીકાર થયેલો જ છે. આપણને ચોર કહેવામાં આવે છે. આ ચોર પરંપરા બહુ પ્રાચીન છે. યજુર્વેદમાં પણ તસ્કરોનાં હૃદયમાં બિરાજમાન શિવજીને વંદન કરાયા છે. શ્રીકૃષ્ણ ભગવાન પણ માખણચોર કહેવાયા છે. બાપુએ દાંડીકૂચ કરી મીઠું ઉપાડ્યું હતું એ પણ ચોરી કહેવાઈ છે. બાપુની આત્મકથામાં મોહનલાલ પંડ્યાને 'ડુંગળીચોર'નો ઈલ્કાબ મળેલો તેનું રસિક વર્ણન આવે છે.


ISSN 0976-9609

આપણાં બીબીબચ્ચા વૃદ્ધ માબાપ, નાના ભાઈભાંડુઓ માટે ચોરી કરવી પડે છે. ઘણાં રાજનેતાઓએ અઢળક નાણું લૂંટ્યું છે. તેમનાં આવાસો પર દરોડાઓ પડ્યા છે. ઘણાંએ જેલની હવા પણ ખાધી છે. આ મહાચોરોને વારંવાર જામીનો મળ્યા કરે છે. મોંઘા વકીલો રોકી તેઓ છૂટી પણ જાય છે, જ્યારે આપણા ચોરબંધુઓને ઝટ જામીન પણ મળતા નથી. સજા પણ મોટી મળે છે. તેથી કહેવત પડી છે 'ચીભડાનાં ચોરને ફાંસીની સજા.'

આજે આપણે આ મુદ્દાઓના ઠરાવો કરીને સત્તાવાળાઓને મોકલીએ.

૧. ચોરી એ મજબૂરીનું પરિણામ છે એટલે ચોરો માટે અભ્યાસ નોકરીમાં બે ટકા અનામત આપવામાં આવે.
૨. જે ચોર ઝપાઝપીમાં મૃત્યુ પામે તેને શહીદનો દરજ્જો આપવામાં આવે.
૩. પંચાયતથી માંડી પાર્લામેન્ટ સુધી ચોરો માટે દશ ટકા બેઠકો અનામત રાખવામાં આવે.
૪. ત્રણ વર્ષ ઉપરાંતનાં ચોરીનાં કેસો પાછા ખેંચવામાં આવે.
૫. કોઈને ચોર કહી તેના પર અભદ્ર ટીપ્પણી અને નફરતભર્યા શબ્દોથી ઊતારી પાડવામાં આવે તો તેનાં પર સખ્ત સજા થાય એવા કાનૂનો બનાવવામાં આવે.

આ ઠરાવો મૂકાયા અને સર્વાનુમતે પસાર થયા. મીડિયા અહેવાલ મુજબ આ સભામાં પણ ઘણાંનાં ખિસ્સા કપાયાં હતાં.

સભામાં એવું નક્કી થયું કે આગામી વર્ષના મેળા સમયે સત્તાધારી અને વિપક્ષનાં સર્વદળીય નેતાઓની હાજરીમાં "અખિલ ભારતીય ચૌર્ય સમાજ પાર્ટી" ની વિધિવત રચના કરવામાં આવશે અને દરેક નાની મોટી ચૂંટણીઓમાં ઉમેદવારો ઊભા રાખવામાં આવશે. સભાનાં અંતે ગગનભેદી નારાઓ થયા:

'નફરત કા ઝહર મિટાઓ, ચોર બંધુઓ કો અપનાઓ. ચૌર્ય સમાજ જિંદાબાદ! જિંદાબાદ!'

---

૨૪૨, પુષ્કરધામ સોસાયટી,
યુનિવર્સિટી રોડ, રાજકોટ ૩૬૦૦૦૫
મો. ૬૩૫૨૧ ૫૫૮૪૯

---

## ।। વિદ્યાવૃત્ત ।।

### સીવીએમ યુનિવર્સિટી દ્વારા આઇસ્ટાર કોલેજ ખાતે આંતરકોલેજ ચેસ સ્પર્ધાનું આયોજન

ચારુતર વિદ્યામંડળ યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ તથા ચારુતર વિદ્યામંડળના ચેરમેન શ્રી ભીખુભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ તાજેતરમાં ભાઈઓ અને બહેનો માટે આંતરકોલેજ ચેસ સ્પર્ધાનું આયોજન આઇસ્ટાર કોલેજ, વલ્લભ વિદ્યાનગર ખાતે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ચારુતર વિદ્યામંડળ યુનિવર્સિટીની ૧૪ કોલેજોના આશરે ૧૫૦ જેટલા રમતવીરોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ઉદ્ઘાટન પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે ચારુતર વિદ્યામંડળના ઉપપ્રમુખ શ્રી મનીષભાઈ પટેલ, સીવીએમ યુનિવર્સિટીના સેન્ટ્રલ સ્પોર્ટ્સ કમિટીના ચેરમેન ડૉ. કિરણ પટેલ તથા આઈસ્ટાર કોલેજના પ્રિન્સિપાલ ડૉ. એમ.એમ. રાજ ઉપસ્થિત રહ્યા હતા. વાઇસ પ્રેસિડેન્ટ શ્રી મનીષભાઈ પટેલ દ્વારા રમતવીરોને રમતનું મહત્ત્વ સમજાવી રમતોમાં ભાગ લેવા માટે પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું. સ્પર્ધાને અંતે વિજેતા તથા ઉપવિજેતા ટીમોને ટ્રોફી આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આંતરકોલેજ ચેસ સ્પર્ધાના સફળ સંચાલન બદલ સંસ્થાના પ્રિન્સિપાલ ડૉ. એમ.એમ. રાજ તથા કોલેજ સંયોજક ડૉ. જીગર પટેલ દ્વારા આઈસ્ટાર સ્પોર્ટ્સ સેલના કન્વિનર ડૉ. મંદાર કર્વે તેમજ સૌ રમતવીરોને હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

|| વાર્તા ||

## વાત એક રેશમની...

યોગેશ પંડ્યા

સાંજ પડી ગઈ હતી. શિયાળાનો દિવસ હતો. આછું આછું અંધારું પથરાયું હતું. તેજો સામે શેઢેથી ચૂપકીદીથી ઓરડી તરફ આવ્યો ને કોઈ ઓળો આંબાવાડિયામાંથી બહાર નીકળીને ઓરડી પાછળ થઈને ભાગી છૂટ્યો અને એ જ વેળાએ આંબાવાડિયા પાછળથી રેશમ હાથમાં રજકાનો ભારો લઈને આ તરફ આવી. તેજો લાલઘૂમ આંખે રેશમને તાકી રહ્યો 'કોણ હતું એ?'

'કોણ?' રેશમે પણ તેજાને એ જ સવાલ કર્યો તમે કોની વાત કરો છો?'

'અરે તારી તે...' તેજો ગુસ્સાની આગથી ભભૂકી ઉઠયોઃ 'આંધળી થઈ ગઈ છો કે પછી દેખતી ન હોવાનો ઢોંગ કરે છો? અરે, હમણાં તારી પહેલાં જ તને મળીને ગયો ઈ નપાવટની વાત કરુ છું તને..'

પણ મને તો કોઈ મળ્યું જ નથી પછી વાત કેવી ને ઢોંગ કેવા?' 'હું તો અહીં રજકો વાઢતી હતી જુઓ આ દાતરડું અને આ રજકો. આમાં કયાં કોઈ વાત આવી?'

"અરે, તને કહું છું ઈ...એ બોલ્યો પણ એમ તું નહીં માને. ક્યારેક રંગે હાથે પકડીશ ત્યારે તારો કાન આમળીને કહીશ કે આ સગલો તારો છે કે પછી મારો છે?"

રેશમ એકીટશે તેની સામે જોઈ રહી અને પછી ફળફળતો નિઃશ્વાસ નાખીને ઓરડી તરફ ચાલી ગઇ.

આ વાતને દસ-બાર દિવસ થયા હશે ને એક દિવસ તેજો ટ્રેક્ટર લઈને પાદરે રેશમની રાહ જોતો કંટાળી રહ્યો હતો ત્યાં જ રેશમનો ખિલખિલાટ હસવાનો અવાજ આવ્યો. તેજાએ ચમકીને પાછળ જોયું તો એક સાયકલવાળો જુવાન ઊભો હતો અને રેશમ તેની સાથે લળી લળીને વાતો કરી રહી હતી. પેલો પણ, રેશમની સાથે જાણે પોતાની કોઈ 'સગલી' હોય એમ જ વાતોના તડાકા મારી રહ્યો હતો. તેજો લાય લાય થઈ ગયો. 'સાલી, આ નક્ટી માનશે નહીં' "કોણ જાણે ક્યા હલકટનાં લોહીની બનેલી છે તે ભાયડાઓથી ધરાતી જ નથી." ટ્રેક્ટર ત્યાંને ત્યાં જ પડતું મૂકીને એ ધસ્યો.

જોકે પેલો આ વાતથી બેખબર હતો પણ "કાગને બેસવું અને ડાળને ભાંગવુ" એમ પેલો એ જ પળે સાયકલ લઈને નીકળી ગયો અને રેશમ મલપતી મલપતી ટ્રેક્ટર તરફ વળી. ધસ્યે આવતા તેજાએ લાગલું જ એનું બાવડું પકડીને ઝંઝેડી નાખી "હાળી છાનગપતણી! કોની હારે આમ ઉલાળા લેતી હતી? કોણ હતો તારો ભાઈબંધ?"

"રેશમે આજ તીખી નજરે તેજાની સામે જોયું અને પછી બોલી 'તમે જેવું ધારો છો એવું નથી, એ મારા પિયરનો મારી શેરીમાં રહેતો મારા સગા ભાઈ સરીખો કેશવ હતો.' સાયકલ લઈને એના મામાને ત્યાં ખીહર (ઉતરાયણ) કરવા જતો હતો. હું મળી ગઈ તો ઉભો રહી ગયો એમાં તમારે ઓચાકોચા બોલવાની જરૂર નથી સમજ્યા?"

"હવે ઓચાકોચાની દીકરી થા મા...તેજાએ એક થપાટ નાખી દીધી 'મને ખબર છે કે તું કેવી છો.' આજે ઓલ્યો, તો કાલે પેલો. આદમીથી ધરાતી જ કયાં છો? પણ ખબરદાર, આજ પછી કોઈ પરાયા પુરુષ સાથે વાત કરી છે તો.."

રેશમની આંખો ચૂઈ પડી. કાળજે કરવત લાગી હૈયા ઉપર બળબળતા ડામ પડ્યા. કડવાશનાં ઘૂંટડા ગળા નીચે ઉતારી ગઈ અને કશું પણ બોલ્યા વગર ટ્રેક્ટર તરફ ચાલતી થઈ ગઈ.

 ISSN 0976-9609

આ વાતને મહિનો જેવું થયું હશે. દિવાળી પછી ચોપવામાં આવેલા ઘઉં હવે મોટા થઈ ગયા હતા પણ વાતાવરણમાં પાછોતરા પોષનો તડકો જલદ બન્યો હતો. ઓણ સાલ વરસાદેય ખૂબ ઓછો હતો એટલે ઘઉંને પાણતની જરૂર હતી પણ આ તરફ અચાનક તેજાની બા સમજુબા માંદા પડી ગયા. મોટા દવાખાને લઈ જવાની જરૂર પડી, દાખલ કર્યા.

તેજો રેશમને કહે 'એક કામ કર, તું ઘરે જા અને પડખેવાળા રામને કહેજે કે આપણા પડામાં મોટર ચાલુ કરીને ઘઉં પાઈ દે.'

'પણ મને..એકલા જવાનું? અને વળી તમે નહીં.'

'એની ચિંતા ન કર, રામ મારો સગો ભાઈ છે અને એની ઉપર મને વિશ્વાસ છે પણ હા, પાણી વાળતા તારે શીખવું પડશે. રામને બસ્સો વિઘાની જમીનમાં ટાઇમ રહે ન રહે.'

"સારું...કહી રેશમ ઘરે આવી. સાંજે રામને વાત કરી. રામ કહે વાંધો નહીં ભાભી...તમ તમારે ચિંતા ન કરો. હું જ પાણી વાળી દઈશ, તમારે ડાબું જમણું હથેળી જેવડું પડુ છે, એવડા પડામાં પાણી વાળતા વાર શી ?"

"તો સારું રામભાઈ...એક તો અમારા બાને દાખલ કર્યા છે અને તમારા ભાઈને દવાખાને રોકાવું પડે એમ છે...અને મને તો કાંઈ પાણી વાળતા થોડું આવડે? ઈ તો તમારું આદમીનું જ કામ..." રેશમની કાળી આંખોમાં આભારનું ચોમાસુ આવીને બેસી ગયું.

રામે એના ગાલે ટપલી મારીને કહ્યું, "એ બધી ચિંતા છોડી દો, હું આવડો મોટો તમારો દિયર બેઠો જ છે ને? આદમીને કરવાનું હોય ઈ બધાય કામ કરી આપીશ બસ?" પછી કહે "તમને તમારા ઘરવાળાની જરાય જેટલી ઊણપ કે ઓછપ નહીં આવવા દઉં બસ?"

લહેરાતા મોલની સંગાથે ઊડ ઊડ કરતી ગુલાબી ઓઢણી ઓઢીને સીમની લીલીછમ્મ મોલાત જેવું રેશમ હસી રહી હતી. મંદ મંદ રેશમી પવન વાતો હતો. ઘરે રાખેલી બેય ગાય માટે થોડી જુવાર વાઢી જાઉં એમ વિચારીને માથોડું ઊભેલી ઘેરામાં વાઢવા ગયેલી રેશમની પીઠે અચાનક કોઈ પુરુષનો સ્પર્શ થયો એ જ વેળા એ ચોંકી ઉઠી પાછુ ફરીને જોયું તો રામ!

'રામભાઈ તમે !' એ ધ્રૂજતી ધ્રૂજતી બોલી ઊઠી. જવાબમાં રામની આંખોમાં વાસનાનાં પૂર છલકાયા, 'ભાભી આ આખા વગડામાં એક તમે છો, એક હું છું અને તમારી દશા હું જાણું છું કે તેજો તમને પતિ તરીકેનો પ્રેમ નથી આપતો, પણ પતિ તરીકેની પીડા આપે છે પણ હું તમને ન મળેલા પ્રેમની પૂર્તિ કરી દઈશ'.

"તમે ખોટા સરનામે આવી ગયા રામભાઈ" રેશમના હોઠમાંથી શબ્દો ફૂટ્યા, 'તમે જેવી ધારો છો એવી સ્ત્રી નથી. હું મર્યાદાનું ઓઢણું ઓઢીને મારા પતિને ઘરે આવી છું. મને શરીરના સુખની ખેવના કે વાંછ્ના નથી. અગર આપણી વચ્ચે કડવું વવાઈ જાય એની પહેલા તમે મને છોડી દો તો સારું છે."

"ઓહોહો..." અચાનક રામનો મિજાજ પલટાયો, "તું કેવીક મર્યાદાનું ઓઢણું ઓઢીને આવી છો ઈ મને ખબર છે તું ઉંબરો વટીને તો કે દૂ'ની બહાર નીકળી ગઈ છો. તેજો અમથો નથી કહેતો."

"ઈ એની ભૂલ છે કે મને ઓળખી નથી શક્યા પણ મારા હસીખુશીભર્યા સ્વભાવને હું બાંધી શકતીએ નથી. જાણેઅજાણે મારાથી વા હારેય વાતું થઈ જાય છે અને એને મારા ઉપર વહેમ પડે છે."

"પણ મારા ઉપર નહીં પડે. ઈ જવાબદારી મારી. તમારે વા હારે વાતું થઈ જાય છે એમ આજે અહીં જ મારી સાથે મુલાકાત કરીને એક સુખરાત પણ કરી લો."

એમ કરતાંક ને રામે રેશમને પોતાની સાથે ભીંસી દીધી. રેશમની ફરતે તેના હાથનો ભરડો મજબૂત બનતો જતો હતો પણ એક પળે ઉપરવાળો રેશમની મદદે આવ્યો. કકરાવેલા દાતરડાની ધારનો છરકો રામને થતાં જ ભીંસ ઢીલી પડી કે રેશમ જુવારના ઘેરામાંથી ભાગી છૂટી. પણ રામ પાછળ જ હતો. રેશમ દાતરડીને પડતી મૂકીને ઓરડી ભણી ભાગી. તેને થયું કે આજ નક્કી મારી આબરૂ ઉપર ડાઘ લાગી જશે પણ એ જ વેળાએ પડખેની વાડીવાળો એભલ આવી પહોંચ્યો. રામ ઘેરામાં છૂપાઈ ગયો.

એભલે ચિંતિત સ્વરે પૂછ્યું "કાં કાં ભાભી! શું થયું?" પણ રેશમનાં શરીરમાં જવાબ આપવાનાં હોંશ ન હતા. એ ફસડાઈ પડી.

તકનો લાભ લઈ રામ છાને પગલે ભાગી છૂટ્યો અને તેજાની માંની ખબર કાઢવા દવાખાને જઈ પહોંચ્યો.

તેજો કહે 'અરે, તારી ભાભીને તો મેં ગામડે મોકલી છે, તને કાલ મળી નથી?' જવાબમાં રામો કહે 'હવે ઈ બાઈની વાત કર મા. એની ચૂંગાલમાંથી તો કાલે માંડ છટક્યો.."

"કેમ? શું કર્યું એણે?"

'હવે રહેવા દે. મારે કોઈ વાત નથી કરવી. બને એટલી વહેલી તકે આને ફારગતિ આપી દે!' એમ કહીને ગોઠણથી ઘડેલી સાવ નરાતાળ જૂઠનો ચિતાર એણે તેજાની આગળ રજૂ કરી દીધો.

★★★★★★★

આ તરફ રેશમ, એભલને કહી રહી હતી, "આ વાત તમે તમારા ભાઈને કહો તો તમારી ભાઈબંધીનાં સમ છે પણ રામના રૂપમાં હવે તો અહીં ઘરે ઘરે રાવણ રાજ કરે છે! સારું થયું કે તમે ખરે ટાંકણે આવી પહોંચ્યા નહિતર આબરૂનાં ઓઢણા ઉપર કલંકનો ડાઘ લાગી જાત."

બીજા દિવસે ઓચિંતાનાં છાના પગલે નવેળીમાં ઊભા રહી ગયેલા તેજાએ જોયું તો ઓરડી-માંથી રેશમ સાથે કોઈ પુરુષનાં પણ અવાજ સંભળાતા હતા. એ છાને પગલે ઓરડીનાં જાળિયામાંથી ડોકાયો, તો રેશમ એભલ સાથે કોઈ વાતે ખડખડાટ હસતી હતી.

તેજો એ જ પળે ઓરડીમાં ધસ્યો અને રેશમનું બાવડું પકડીને ખેંચી "સાલી કૂલટા! હલકટ....હું અમથો તો તને નહોતો કહેતો કે તું ભાયડાની ભૂખી છો! આજ તો તનેય ખબર પાડી દઉં કે તેજાનાં ઘરનો ઉંબરો વળોટવાની કેવી સજા હોય છે!" એમ કરતાકને ચોટલેથી ખેંચી. રેશમ હાકાબાકા થઈ ગઈ. ચોટલો પકડીને ઘસડતો ઘસડતો તેજો રેશમને બહાર લાવ્યો આજે એક જ ધારિયાનો ઘા અને એ ભેળી તારી લીલા પૂરી.." અરે પણ.. તેજા તું આ શું કરે છે ? એભલે વચ્ચે પડીને રેશમને છોડાવવાનો પ્રયત્ન કરતાં કહ્યું "ભલા માણસ, તું ભાભીને મૂકી દે... એમનો શું વાંક છે ભઈલા! એ તો પાણી વાળતા વાળતા મોટરનો ફ્યુઝ ઊડી ગયો તે બાંધવા આવ્યો હતો, વાતમાં બીજુ કાંઈ નથી તેજા..તું નાહકનો..."

"હવે તું તો મને મૂકી જ દેજે નહિતર આ ધારિયું...સગું નહીં થાય.."

"તો પછી કરી લે ઘા..." એભલ પણ અસલી મિજાજમાં આવી ગયો "તારે ઘા જ કરવો હોય તો સૌથી પહેલા રામ ઉપર કર. જેણે ભાભી ઉપર બદનજર નાખી હતી. એ તો ટાંણે હું આવી પહોંચ્યો કે તારા ઘરની આબરૂ લૂંટાતા લૂંટાતા રહી ગઈ... આ તો બિચારી મારી ભાભીએ મને આપણી ભાઈબંધીનાં સમ આપ્યા હતા પણ જ્યારે હવે સત અને અસતનું યુધ્ધ છે એ ટાણે મારે સમ ભાંગવા પડે તો કુરબાન છે પણ તારી આંખે બાંધેલા અંધવિશ્વાસનાં પાટા ખોલ્યા સિવાય કોઈ આરો નથી...જા, પેલો ઘા કરી આવ રામને."


ISSN 0976-9609

"હા...હા..." સામે શેઢેથી દોડી આવેલા વશરામ ભગત પણ બોલ્યા, "સાચી વાત છે એભલની! અરે રેશમ વહુ તો ચોવીસ કેરેટનો હીરો છે હીરો પણ પરખ તને કરતા ન આવડી...ધૂળ પડી તારા જીવતરમાં તેજા! ધૂળ પડી..."

અવાચક બનેલા તેજાનાં હાથમાંથી ધારિયું નીચે પડી ગયું. એણે બેબસ આંખે જ્યાં રેશમ ઊભી હતી ત્યાં જોયું પણ એક જ પળ...

બીજી જ પળે પેલુ ગુલાબી ઓઢણું હવામાં ઊડ્યું "ધબ્બાક..." કરતો એક અવાજ આવ્યો અને રેશમનાં જીવતરનું લુખ્ખું સુખ્ખું સત્ય ભાડિયા કૂવાનાં પાણીની સપાટી ઉપર કાયમ માટે અંકિત થઈ ગયું ....!!

૧૪૧/ શિવનગર, તળાજા રોડ,ભાવનગર
મો-૯૩૭૭૧૧૪૮૯૨

**|| લઘુકથા-૨ ||**

## "મધરાતનું રુદન"

**પી. એમ. લુણાગરિયા**

રાત મંથરગતિએ વીતી રહી હતી. હૉસ્પિટલના વાતાવરણમાં ધીમે ધીમે સૂનકાર વ્યાપી રહ્યો હતો. વોર્ડમાંથી દર્દીઓના ઉહકારા, ધીમી ચીસ ક્વચિત સંભળાતા હતા. મારી તબિયત હવે સુધારા પર હતી. પરંતુ મચ્છરના ત્રાસથી હું મોડે સુધી પથારીમાં જાગતો પડ્યો હતો.

એકાએક લોબીમાં ચહલપહલ થતી સંભળાઈ. કોઈના રડવાનો અવાજ પણ સંભળાયો. જોકે હૉસ્પિટલ માં આ બધું સહજ હોય છે. ઊંઘ ન આવવાથી હું પથારીમાં ઊભો થયો. ધીમા ડગલે લોબીમાં આવ્યો. જોયું તો એક યુવાન દર્દી રિસાયેલ બાળકની માફક રડતો. ચીસો પાડતી ફ્લોર પર આળોટી રહ્યો હતો. તેની બાજુમાં એક વૃદ્ધ આદમી નિઃસહાય અને દીન વદને મૌન બેઠો હોત. પેલા દર્દીનો વાલી હશે તેના દીદાર પરથી તે ગામડામાંથી આવ્યા હોય એમ લાગતું હતું.

હું ત્યાં નજીક જઈને ઊભો રહ્યો. મને જોઈને ડ્યુટી પરની સિસ્ટર બોલી ઊઠી. "આ ભાઈ કોઈ વાતે સમજતા નથી. કહું છું કે સાહેબ હમણાં આવશે. પણ શાંત થતા જ નથી. રાડારાડ કરીને બીજા દર્દીઓને ખલેલ પહોંચાડે છે..."

"એમને શું થયું છે ?" મેં સાહજિક પૂછપરછ કરી.

સિસ્ટરે કહ્યું, "કશુંક કરડ્યું છે એમ કહે છે. પણ શું કરડ્યું છે એની એમને જ ખબર નથી. એટલે. પ્રાથમિક ઈલાજ પણ કેવી રીતે થઈ શકે ?"

આ તરફ ડૉક્ટરની રાહ જોવાઈ રહી હતી. બીજી તરફ પેલો યુવાન દર્દી પગ પછાડીને પોતાના દર્દને વાચા આપવા વ્યર્થ પ્રયત્ન કરી રહ્યો હોત. ઊંઘ આવતી હોવાથી મેં પથારી તરફ પ્રયાણ કર્યું. મારી આંખ હવે ઘેરાવા લાગી હતી. પેલા યુવાન દર્દીની ચીસ ધીમે ધીમે બંધ થઈ ગઈ હોય એમ લાગતું હતું હવે સંભળાતી નહોતી. કદાચ ડૉક્ટર આવી ગયા હશે. સારવાર કારગત નીવડી હશે.

થોડીવારે મારી ઊંઘ એકાએક ઊડી ગઈ. લોબીમાં ફરી કોઈ રડતું હોય એમ લાગ્યું. કોઈ નવો દર્દી આવ્યો હશે ? ફરજ પરની સિસ્ટરને ઠપકો આપવાનું મન થઈ આવ્યું. જિજ્ઞાસા વશ બેઠો થઈને હું ધીમા પગલે લોબીમાં આવ્યો. જોયું તો સિસ્ટરની ખુરશી ખાલી હતી. કદાચ ડૉક્ટરને બોલાવવા ગઈ હશે પરંતુ આ શું થોડા કલાક પહેલા જે વૃદ્ધ આદમી મૌન બેઠો હતો તે હવે રડતો હતો અને જે દર્દી રડતો, આળોટતો હશે તે હવે મૌન થઈ ચૂક્યો હોત. તે હવે ક્યારેય રડી શકે એમ ન હતો. તેથી જ વૃદ્ધ આદમી મોકળા સાદે રડી રહ્યો હતો.

ટાઈટન-૫૪, સી-૪૦૨, રિલાયન્સ મોલ પાછળ,
રાજકોટ-૩૬૦૦૦૧ (મો) ૭૬૯૮૧૬૦૧૬૦

## ।। નિબંધ ।।

## નાનાં સુખો અને નાનાં સત્કાર્યો

**તુષાર દેસાઈ**

સુખ અને સંતોષ હંમેશાં બહુ જ મોંઘી ગણાતી વસ્તુઓથી નથી મળતા. નાની નાની વસ્તુઓ પણ માણસને સુખથી ભરી દે છે. બસ, તેમાંથી સુખ શોધવાની દૃષ્ટિ કેળવવી જોઈએ.

બધાંની પાસે અંબાણીના "એન્ટેલિયા" જેવી આલીશાન ઇમારત ન હોય, પણ પોતાની માલિકીનો બે બેડરૂમ-હોલ, કિચનનો ફ્લેટ હોય એ પૂરતું છે. BMW કે ઇલેક્ટ્રિક કાર ન હોય, પણ મારુતિની નાની અલ્ટો કાર હોવું એ બસ છે.

ભલે તમે વીકેન્ડમાં મોંઘી હોટેલમાં જઈ જમી ન શકો, પણ રવિવારે સોસાયટીના નાકે આવેલ દુકાનેથી નાયલોન ખમણ, ફાફડા-કઢી-મરચાં સાથે કડક મીઠી ચાની ચુસકીનો આનંદ માણો તો એ "હાઈ-ટી"થી કમ નથી. કુલુ-મનાલી કે કેરાલાની લક્ઝરી ટૂરમાં ભલે ન જઈ શકીએ, પણ એ.સી. બસમાં બે દિવસ માટે સપરિવાર ડાકોર-શામળાજી કે આબુ-અંબાજી જઈએ તો એ લક્ઝરી ટૂર બરાબર જ છે.

હાઇવે પરના પાર્ટી-પ્લોટમાં મોંઘાદાટ પાસ ખરીદી ગરબાનો આનંદ માણવા જઈ ન શકીએ, પણ સોસાયટીમાં ટેપ પર ચાલતા ગરબાને તાલે ઘૂમીને ય મજા માણી શકાય. એ પછી સોસાયટીના રહીશો સાથે ચા-નાસ્તાની પાર્ટીની મજાનું તો પૂછ્યું જ શું!

આવાં નાના પ્રસંગો જીવનમાં આનંદ રેલાવે છે અને એ આનંદનો રેલો દિવસો સુધી એની અસર છોડી જાય છે.

આવું જ સત્કાર્યોનું છે. નાની એવી પ્રવૃત્તિ જે બીજાને આનંદ કે રાહત આપી શકે એ મોટા દાન આપી કરેલ સત્કાર્યોથી કોઈ રીતે ઊતરતી નથી.

આજના દિવસે મળેલ કોઈ બાળક કે વયસ્કના હાથમાં એક રૂ.ની ટોફી કે ચોકલેટ થમાવીએ, તેનો ચહેરો આનંદથી મલકી જશે. દિવસમાં આવી પાંચેક વ્યક્તિઓને તમે મળો, તમારું સુખ બેવડાઈ જશે. આમાં મોટો ખર્ચ નથી, પણ એક સારું કામ કર્યાનો સંતોષ થશે.

તમે શાળાનો ઓરડો ચણાવવા જેટલા સંપન્ન ન હો, પણ તમારી જાણમાં હોય એવા ગરીબ વિદ્યાર્થીને ટેક્સબુક કે નોટો-ચોપડા લઈ આપો તો એ સત્કાર્ય છે. કોઈ વિદ્યાર્થીની ફી ભરવામાં તેને થોડો આર્થિક ટેકો આપો તો એ કોઈ સ્કોલરશીપ આપ્યાથી કમ નથી. તમારે ત્યાં આવતી કામવાળી બેનના બાળકને સ્કૂલ યુનિફોર્મ લઈ આપશો તો એ ભગવાનને વાઘા ધરાવ્યા બરાબર જ છે.

આવા અનેક નાનાં કાર્યો છે જેમાં કોઈ મોટી રકમ ખર્ચવાની નથી, પણ દૃષ્ટિ કેળવવાની વાત છે. ભર તડકે હાથલારી ખેંચી તેલનો ડબો મુકવા આવેલ મજૂર કે બાટલો મુકવા આવેલ ગેસ કંપનીના હેલ્પરને સામે ગલ્લેથી શેરડીનો એક ગ્લાસ રસ પીવડાવવાથી આપણા દિલને પણ ટાઢકનો અનુભવ થશે. એ જ રીતે ગરમીના દિવસોમાં લારી લઈને ઘરે આવતા પસ્તીવાળા, ભંગારવાળા, ડોલ-તગારાં સાંધવાવાળાને પ્યાલો છાશ કે શરબત આપીએ તો એ પણ પુણ્ય કાર્ય લેખાશે. બાજુમાં ચાલતી કન્સ્ટ્રક્શન સાઈટ પર કામ કરતા મજૂરોને ઉનાળામાં ફ્રીઝમાંથી ઠંડા પાણીના જગ દિવસમાં બે-એક વાર આપીએ તો એ ઠંડા પાણીની પરબ બેસાડવા સરીખું પુણ્ય કાર્ય છે.

આમ વ્યક્તિ આવા જ અનેક રોજિંદા જીવનમાં અરસ-પરસમાં નાનાં અગણિત સેવા કાર્યોથી આત્મસંતોષ મેળવી શકે છે અને આવાં સત્કાર્યોની ઈશ્વરની ગુડબુકમાં નોંધ લેવાય છે.

ચિંતનપાર્ક, વાસણા,
અમદાવાદ-૩૮૦ ૦૦૭ (મો) ૯૪૨૭૪૫૪૫૧૮



ISSN 0976-9609

## ।। ચિંતન-કણિકા ।।

## Shakespeare Quote :

**આર. કે. માંડલિયા**

How sharper than a serpant's tooth it is
To have a thankless child !"
(William Shakespeare's King Lear Act:I Scene:IV)

કિંગ લિયર વિલિયમ શેક્સપિયરની સૌથી વધુ પ્રચલિત અને ચર્ચિત ટ્રેજેડી - કરુણાંતિકાઓમાંની એક છે. પ્રસ્તુત ટ્રેજેડીમાં એ બાબતનો નિર્દેશ કરવામાં આવ્યો છે કે કેટલીક વખત અયોગ્ય અને અણછાજતા પ્રશ્નો પૂછવાથી કૌટુંબિક જીવનમાં કલહ અને વિભાજનની નોબત આવતી હોય છે. તેમાં પણ જ્યારે કોઈને તમારા પ્રત્યે કેટલો પ્રેમસ્નેહ છે તેવો પ્રશ્ન પૂછાય ત્યારે નાજુક સંબંધો તુટી પણ શકે છે. માનવીની લાગણીઓની માત્ર અનુભૂતિ થઈ શકે છે, તેને માપી શકાતી નથી એ તેમાં પણ જ્યારે કોઈ વ્યક્તિની, આપણા પ્રત્યેની લાગણીને શબ્દોમાં માપવાની કોશિશ કરીએ ત્યારે પરિણામ માઠા આવતા હોય છે. શબ્દો કદાપી કોઈની લાગણીને માપવા માટે માપદંડ ન હોઈ શકે. લાગણી એ અનુભૂતિનું વિશ્વ છે, માપદંડ માટેનું વિશ્વ નથી. પ્રસ્તુત ટ્રેજેડીમાં કંઈક આવું જ બને છે.

કિંગ લિયરને ત્રણ દીકરીઓ છે. ગોનેરીલ, રીગન અને કોર્ડેલીઆ. પોતે વૃદ્ધાવસ્થાએ પહોંચેલ હોઈ, નક્કી કરે છે કે પોતાનું રાજ્ય પોતાની ત્રણ પુત્રીઓમાં વહેંચવું પણ એ બાબતનો તાગ મેળવીને કે કઈ પુત્રી પિતાને કેટલો પ્રેમ કરે છે. પિતા નક્કી કરે છે કે એક પછી એક ત્રણેય પુત્રીઓને તેઓ પિતાને કેટલો પ્રેમ કરે છે. તે પૂછવું અને જે પુત્રીનો જેવો જવાબ હોય તેના આધારે ત્રણેયને પોતાના રાજ્યનો હિસ્સો સુપરત કરવો. પ્રથમ મોટી પુત્રી ગોનેરીલ પાસે જઈને એક પુત્રી તરીકે પિતાને કેટલો પ્રેમ કરે છે તે પ્રશ્ન પૂછે છે ગોનેરીલનો જવાબ કોઈ પણ પ્રખર વાચકને સંસ્કૃતની પેલી કહેવત યાદ અપાવી જાય તેવો છે. વચને કિમ દરિદ્રતા ? મતલબ, વચન આપવામાં, બોલવામાં શા માટે કંજુસાઈ કરવી ? ગોનેરીલ પોતાનો જવાબ અતિશયોક્તિ અલંકાર સભર ભાષામાં આપે છે. તે પોતાના પિતાને પોતાની સ્વતંત્રતા, આંખોની જોવાની ક્ષમતા, તમામ સંપત્તિ, પોતાનાં સૌંદર્ય, સ્વાસ્થ્ય, માન-મરતબો અને પોતાના જીવનથી પણ વિશેષ ચાહે છે. કિંગ લિયરની ખુશીનો પાર નથી રહેતો અને પરિણામ સ્વરૂપ પોતાના રાજ્યનો ત્રીજા ભાગનો હિસ્સો ગોનેરીલને આપી દે છે. ત્યારબાદ વચલી પુત્રી રીગન પાસે આવીને તે પિતાને કેટલો પ્રેમ કરે છે તે પ્રશ્ન પૂછે છે. રીગન પોતાની બહેન ગોનેરીલને જવાબ આપવામાં નખશીખ અનુસરે છે. તેણે આપેલા ઉત્તર પ્રમાણે, પોદતાની મુખની વાત અન. શબ્દો ગોનેરીલ બોલી ગઈ છે. મતલબ જેટલી લાગણી ગોનેરીલને પિતા પ્રત્યે છે. તેટલી જ લાગણી રીગનને પણ પિતા માટે છે. રીગન માત્ર એટલું જ ઉમેરવા માગે છે કે પોતાના પિતાની પ્રત્યેના પ્રેમને ખાતર તે તમામ દુન્યવી સુખોને છોડી દેવા તૈયાર રહે છે. અતિ પ્રસન્ન થયેલ કિંગ લિયર રીગનને પણ પોતાના સામ્રાજ્યનો ત્રીજો ભાગ આપી દે છે. ક્રમ પ્રમાણે હવે કોર્ડેલીઆનો વારો આવે છે. પોતાની બન્ને બહેનોએ આપેલા જવાબથી તે થોડી બેચેન બને છે કે હવે તે શું જવાબ આપશે. જ્યારે પિતા તેની પાસે આવીને તેજ પ્રશ્ન પુછે છે. ત્યારે કોર્ડેલીઆનો જવાબ પિતાને આઘાત જનક લાગે છે. તેનો જવાબ છે: "નથીંગ" મતલબ કશું જ નહીં. પિતાનો તાત્કાલિક પ્રતિભાવ છે: "નથીંગ વીલ કમ ઓફ નથીંગ" મતલબ, કશું જ નહીં હોય તો તેને કશું જ નહીં મળે. કોર્ડેલીઆ વધુ સ્પષ્ટીકરણ કરતા કહે છે કે તે પોતાના હૃદયને મ્હોમાં મુકી શકાતી નથી. એટલે કે તે પોતાની શબ્દોમાં અભિવ્યકત કરી શકે તેમ નથી. જેટલો સ્નેહ બીજી કોઈ પણ પુત્રી પિતાને કરતી હોય છે તેટલો જ સ્નેહ તે પોતાના પિતાને કરે છે. ન તેનાથી વધુ કે ન તેનાથી ઓછો. બસ, કોર્ડેલીઓનો આવો જવાબ કિંગ લિયરને નારાજ કરવા માટે પૂરતો છે. પોતાની પુત્રીને હૃદયવિહિન ગણીને તેને તાત્કાલિક અસરથી પોતાના વારસા અને સગપણ

બન્નેમાંથી બેદખલ કરી દે છે. કોર્ડેલીઆને બેદખલ થવું મંજૂર છે પણ પોતાની બન્ને બહેનોની જેમ શબ્દો દ્વારા સ્નેહનું બ્યુગલ વગાડવું હરગીજ મંજૂર નથી. એક માત્ર વફાદાર અધિકારી કેન્ટ રાજાને સાચી દિશાનું સુચન કરવાની કોશીશ કરે છે પણ તે વ્યર્થ નિવડે છે. પોતાનાં રાજ્યનો શેષ ભાગ ગોનેરીલ અને રીગનના પતિઓને સુપરત કરીને હિંગ લિયર નક્કી કરે છે કે તે એક મહિનો ગોનેરીલ સાથે રહેશે અને એક મહિનો રીગનની સાથે.

કિંગ લિયર પોતાનો આ નિર્ણયને અમલમાં મૂકીને જ્યારે એક એક મહિનો ગોનેરીલ અને રીગનનાં આવાસમાં રહેવા જાય છે. ત્યારે તેને સચ્ચાઈનું ભાન થાય છે. બન્ને પુત્રીઓના પિતા પ્રત્યે સ્નેહનાં શબ્દો કેટલા પોકળ અને બોદા હતા તેથી પ્રતીતિ થતાં જ પગ નીચેથી જમીન સરકી ગઈ હોય તેવો આભાસ થાય છે. બન્ને પુત્રીઓને નથી પિતા પ્રત્યે સ્નેહ કે નથી દરકાર. વૃદ્ધ પિતાની કાળજી લેવાનું કાર્ય તેમને બોજારૂપ લાગે છે. અગાઉ બન્ને પુત્રીઓ દ્વારા બોલાયેલા મીઠા શબ્દો તો માત્ર પિતાનો વૈભવી વારસો હસ્તગત કરવા માટેની એક હિન તરકીબ હતી. પોતાની બન્ને પુત્રીઓની આવી હરકત કિંગ લિયરને એક આઘાત આપે છે અને તેની ભૂલનું તેને ભાન કરાવે છે. પરંતુ હવે તો મોડું થઈ ગયું છે બાજી સુધારવા માટે ઉપરોક્ત વાક્યો કિંગ લિયર પોતાની આઘાતવશ સ્થિતિમાં બોલે છે. જ્યારે પોતાના વ્હાલસોયા બાળકો જ માતાપિતાને છેતરે અને નગુણા થઈ જાય ત્યારે માતા-પિતાને તેની પીડા એક સર્પદંશની પીડાથી પણ અનેકગણી વધુ પીડાદાયક લાગતી હોય છે.

પ્રસ્તુત ટ્રેજેડી નાટ્યકારની માનવ સ્વભાવની ઉંડી સમજણની એક વધુ સાબિતી છે. પોતાના હેતુ પાર પડી ગયા પછી માનવી તુરંત કેવો રંગ બદલી નાખે છે. તેનું સચોટ નિરુપણ થયું છે. લોહીની સગાઇવાળા આપ્તજનો પણ આ વરવા સત્યથી બાકાત નથી. પોતાની પ્રગતિ, સ્વાર્થ અને વૈભવ માટે અન્યનો ઉપયોગ એક પગથિયા તરીકે કરતા માનવીનું વરવું રૂપ ગોનેરીલ અને રીગનનાં પાત્રો દ્વારા દર્શાવ્યું છે. લોહીની સગાઈ પણ આ વરવા સત્યથી અપવાદ રૂપ નથી તે કટુ વાસ્તવિકતાથી નાટ્યકાર વિલિયમ શેક્સપિયર સુપુરે જ્ઞાત હતા.

---

(મો) ૮૩૨૦૧૯૫૨૮૨

## શ્રી પ્રવીણ દરજી પારિતોષિક

ગુજરાતી ભાષામાં લખનાર સાહિત્યકાર મિત્રોને જણાવતાં આનંદ થાય છે કે સમન્વય ફાઉન્ડેશને સન ૨૦૨૫થી ગુજરાતી સાહિત્યનાં વિવિધ સ્વરૂપોમાં પ્રકટ થયેલી સત્ત્વસભર કૃતિને ૫૧૦૦૦ રૂ.નું પારિતોષિક અને સ્મૃતિચિહ્ન અર્પણ કરવાનું ઠરાવ્યું છે. આ યોજના અંતરગર્ત એક વર્ષે વરિષ્ઠ સર્જકની અને બીજા વર્ષે યુવા સર્જકની (વધુમાં વધુ ૪૦ની વય સુધીની) કૃતિને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે. પારિતોષિકનું નામ **શ્રી પ્રવીણ દરજી પારિતોષિક** રહેશે. નિર્ણાયકોનો નિર્ણય દર વખતે આખરી લેખાશે. એકવાર જેમને આ પારિતોષિક એનાયત થયું હશે તેમનું નામ બીજીવાર ધ્યાનમાં લેવાશે નહીં. પારિતોષિકની જાણ જે તે સમયના પસંદ થયેલ સર્જકને યોગ્ય સમયે કરવામાં આવશે.

આ પારિતોષિક માટે સર્જકે પોતાની જાન્યુઆરી ૨૦૨૫ થી ડિસેમ્બર ૨૦૨૫ દરમ્યાન પ્રકટ થયેલી કૃતિની બે નકલો નીચેના સરનામે તા.૩૧-૦૧-૨૦૨૬ સુધી અચૂક મોકલવાની રહેશે.

યુવા સર્જકે પોતાની વયનો નિર્દેશ પુસ્તકના પ્રથમ પૃષ્ઠે કરવો જરૂરી છે.

**સંપર્કસૂત્ર : નીતા ભગત** (ફાઉન્ડેશન મંત્રી)

૫/બી, પહેલે માળે, સૌજન્ય સોસાયટી, ત્રણ રસ્તા, ભવન્સ સ્કૂલની સામે, મકરપુરા રોડ,
વડોદરા-૩૯૦૦૦૯ (મો) ૯૮૨૫૩૦૮૧૦૪

આ વર્ષે વરિષ્ઠ સર્જકોએ પોતાની કૃતિઓ સમયસર મોકલવા વિનંતી.

 ISSN 0976-9609

॥ વ્યક્તિ વિશેષ ॥

## અસ્મિતા, અધિકાર અને વાસ્તવના દિગ્દર્શક શ્યામ બેનેગલ

**મનોજ માલ્યાવંશી**

આર્ટફિલ્મ કે પછી પેરેલલ સિનેમા તરીકે અલાયદી ઓળખ જેને મળી તેવી ફિલ્મોના સર્જક-દિગ્દર્શક શ્યામ બેનેગલનો જન્મ ૧૪/૧૨/૧૯૩૪માં તિરુમાલગીરી હૈદરાબાદ ખાતે થયો હતો. ૨૩મી ડિસેમ્બર ૨૦૨૪ના રોજ ૯૦ વર્ષ અને ૦૯ દિવસની ઉંમરે તેઓ આ ફાની દુનિયા છોડી ગયાં. તેમને શ્રદ્ધાંજલિ આપતા નસીરુદ્દીન શાહે કહેલું- "Shyam Benegal used every single moment of his life, breath and iota of energy in a creative pursuit of some kind or the others."૧ શ્યામ બેનેગલે 'અંકુર', 'નિશાંત', 'મંથન', 'જૂનુન', 'ભૂમિકા', 'કલયુગ', 'મંડી', 'ત્રિકાલ', 'મમ્મો', 'સુસમાન', 'હરીભરી', 'અંતર્નાદ', 'સરદારી બેગમ ઝાફરી', 'નેતાજી સુભાષચંદ્ર બોઝ-ધ ફરગોટન હીરો', 'વેલડન અબ્બા', 'વેલકમ ટુ સજ્જનપુર', 'ધ મેકિંગ ઓફ મહાત્મા', 'ભારત એક ખોજ', 'ઝુબેદા' અને છેલ્લે 'મુજીબ-ધ મેકિંગ ઓફ એ નેશન' જેવી યાદગાર ફિલ્મો-ડોક્યુમેન્ટ્રીનું સર્જન કર્યું છે. ફિલ્મો દ્વારા નોખી કક્ષાના આ દિગ્દર્શકે ભારતીય સિનેજગતને નસીરુદ્દીન શાહ, શબાના આઝમી, સ્મિતા પાટીલ, ગિરીશ કર્નાડ, ઓમપૂરી, અમરીશ પૂરી, કુલભૂષણ ખરબંદા જેવા કેટકેટલાં સિતારા આપ્યા! સાહિત્ય-કૃતિઓ ઉપરથી ફિલ્મનું નિર્માણ કરીને કૃતિને લોકભોગ્ય બનાવનાર શ્યામ બેનેગલનું વિચારવિશ્વ એક સંવેદનશીલ સર્જક તરીકેનું જ રહ્યું છે. એટલે જ તેમની ઓળખ માત્ર ફિલ્મ દિગ્દર્શક કે પછી પટકથા લેખક પૂરતી નહીં પરંતુ સિનેમા ક્ષેત્રના અલાયદા વ્યક્તિત્વ તરીકેની રહી છે. નસીરુદ્દીન શાહ કહે છે 'shyam Benegal opened doors for film makers who wanted to make film they believed in. આપણે ત્યાં ટેલિવિઝનની નવીનવી બોલબાલા હતી ત્યારે ભારતીય સાંસ્કૃતિક ઐતિહાસિક અસ્મિતાને ટેલિવિઝન પર દર્શાવવાના મહત્વના પ્રોજેક્ટ તેમણે કર્યા હતા. ભારતીય સિનેમામાં સત્યજીત રે અને ગુરુદત્તની સાથે શ્યામ બેનેગલનું નામ ગૌરવભેર લેવાય છે.

તેમને Father of Parallel Cinema અમસ્તા નથી કહેવાયા. સિનેમા ક્ષેત્રે માનવીય અસ્મિતા અને અધિકારના આલેખન બદલ શ્યામ બેનેગલનું પ્રદાન નોંધપાત્ર છે. અસ્મિતા અને અધિકાર-હક્કની જાળવણી જ્યાં થાય ત્યાં દેશની અખંડિતતાનું અસ્તિત્વ ટકે. આવી જાળવણી નહીં થાય ત્યાં માનવીય અસ્તિત્વના લીરેલીરા ઊડે, અપમાનભરી અને આતંકિત સ્થિતિમાં લાચારી જન્મ લે, ભેદભાવ-શોષણને લીધે સંઘર્ષ તીવ્ર બને, સામાજિક ભેદભાવોને પ્રોત્સાહન દ્વારા રાજકીય સત્તા માટેના કાવાદાવા શરુ થાય, એવી બધી વાસ્તવિકતાઓનું નિર્માણ થાય. શ્યામ બેનેગલ આ અસ્મિતા અને અધિકારના પ્રશ્નોને સિનેમામાં તરતા મૂકીને ભારતીય સામાજિક વાસ્તવિકતા વિશેનું ગહન ચિંતન રજૂ કરે છે. અહીં તેમની કેટલીક ફિલ્મોના સંદર્ભ સાથે વાત કરવાનો ઉપક્રમ છે.

અંકુર (૧૯૭૩) ફિલ્મ અનેક રીતે નોંધનીય છે. એ તેમની પહેલી ફિલ્મ હતી અને સત્ય ઘટનાને આધારે બનાવવામાં આવી હતી. એક દલિત યુગલના જીવનને નિમિત બનાવી આખા ગ્રામીણ સમાજના વિવિધ પાસાં રજૂ કરતી આ ફિલ્મમાં શબાના આઝમી, અનંતનાગ, સાધુ મહેર, પ્રિયા તેંદુલકર જેવા કલાકારો છે. લક્ષ્મી (શબાના આઝમી)ના લગ્ન ગરીબીને લીધે મૂંગા-બહેરાં કીશ્તયા(સાધુ મહેર) સાથે થયેલા છે. ગામના જમીનદારનો દીકરો સુર્યા(અનંતનાગ) શહેરમાંથી ભણીને આવેલો અને સરકારી કાયદા કાનુન જાણનારો છે. લક્ષ્મી અને કીશ્તયા તેના નોકર તરીકે કામ કરે છે. અભડાઈ જવાના સગવડિયા નિયમો અમૂક જગ્યાએ જ લાગુ કરવાનું આ વલણ ફિલ્મનું નોંધપાત્ર પાસું છે. સુર્યા લક્ષ્મીની છેડતી કરે,

પતિની ગેરહાજરીમાં સૂર્યા અને લક્ષ્મીના જાતીય સંબંધો બંધાય છે અને તે ગર્ભવતી બને છે. સરુ (સૂર્યાની પત્ની) સૂર્યા સાથે રહેવા આવે ત્યારે તે દલિત લક્ષ્મીની હાજરીથી નાખુશ છે અને લક્ષ્મીએ જે વસ્તુને પકડી હોય એવી વસ્તુને તે પકડતી પણ નથી. સૂર્યાને ત્યાં ફરી કામ કરવાની ઈચ્છા રાખતા કીશ્તયાને મારવા માટે સૂર્યા માણસો મોકલે અને મનમાં સૂર્યાને ભાંડતી લક્ષ્મી માર ખાતા કીશ્તયાને બચાવીને ધીમે પગલે ઘર તરફ જાય છે.ફિલ્મના અંતમાં એક બાળક સૂર્યાના ઘરની બારી પર પથ્થર ફેંકતો દર્શાવાયો છે. હૈદરાબાદમાં બનેલી સત્ય ઘટનાને રજૂ કરતી આ ફિલ્મમાં હૈદરાબાદના પ્રાદેશિક સામાજિક રંગને જોઈ શકાય છે. અહીં સ્ત્રી તરીકે લક્ષ્મીની અસ્મિતા અને અધિકારને બાધિત થતાં જોઈ શકાય છે. અખંડિત ભારતમાં સામાજિક ભેદભાવો કેવા બાધક બની માનવીય અસ્તિત્વ માટે સમસ્યારૂપ બની રહે છે તે જોઈ શકાય છે. આર્થિક અને શારીરિક શોષણના સંદર્ભમાં પાત્રોનું મનોવૈજ્ઞાનિક આકલન કરીએ તો શ્યામ બેનેગલના વિવિધ દૃષ્ટિકોણ ધ્યાનમાં આવશે.

નિશાંત (૧૯૭૫)માં ગિરીશ કર્નાડ,શબાના આઝમી, અમરીશ પુરી, નસીરુદ્દીન શાહ, સ્મિતા પાટિલ, અનંતનાગ, કુલભુષણ ખરબંદા અને મોહન અગાશે જેવા કલાકારો છે. ગામમાં જેનો વિરોધ કોઈ નહીં કરી શકે એવા જમીનદારનું વર્ચસ્વ છે. ગામમાં આવેલા શાળામાં નવા શિક્ષક-ગિરીશ કર્નાડની પત્ની-શબાના આઝમીને જોઈ જાગીરદારના પરણિત ભાઈ-નસીરુદ્દીન શાહની નજર બગડે. જમીનદાર-અમરીશ પુરીના ભાઈઓ ઉઠાવી જાય અને વારંવાર બળાત્કાર કરે, શિક્ષકની ફરિયાદ પોલીસ કે કલેકટર પણ ધ્યાને ધરતા નથી એવા ભારતીય યુગનું અહીં દર્શન છે. પોતાની પત્નીને બચાવવાની હરેક કોશિશમાં શિક્ષક હાર પામે છે, જમીનદારનો શક્તિશાળી પ્રભાવ અંતમાં નાશ પામતો દર્શાવાયો તો છે પણ અંતમાં કરુણ સ્થિતિ જ દર્શાવાઈ છે. ગામના પુજારીએ શિક્ષકને કરેલી મદદ માનવીયતા જીવંત હોવાની નિશાની છે પણ ફિલ્મનો મુખ્ય સૂર લાંબી શોષિત રાત્રીનો અંત ક્યારે? એ પ્રશ્ન છે. શક્તિશાળી સામાજિક વર્ગ દ્વારા કરવામાં આવતું યૌન શોષણ જેવા વિષયને શ્યામ બેનેગલે આ ફિલ્મમાં દર્શાવ્યો છે. શોષણ સામેનો આક્રોશ, બદલાની ભાવના અને હિંસા સંબંધિત ચિંતનવાળો ફિલ્મનો કરુણ અંત વ્યક્તિના માનવીય ગૌરવ ઉપર વેધક કટાક્ષ કરે છે. અસ્મિતા અને અધિકાર ઉપર પૈસાદાર વર્ગ-સામંતવાદનું આધિપત્ય એવું છે કે એ ભારતીય અખંડિતતાને સાકાર થવા દેતા નથી. ફિલ્મમાં પોલીસ અને કલેકટરની કામગીરી અનેક સંકેતો આપી રહે છે. મંથન (૧૯૭૬) ફિલ્મ મધ્ય ગુજરાતમાં દૂધ ઉત્પાદક મંડળીની સ્થાપનાની પ્રક્રિયા દરમિયાનના સંઘર્ષને દર્શાવતી ખૂબ ચર્ચાયેલી ફિલ્મ છે. આણંદની વિખ્યાત અમૂલના નિર્માણમાં રહેલ ડેરીઉદ્યોગની સહકારી મંડળીની પ્રવૃત્તિના પાયા કે જેમાં ડૉ. વર્ગીસ કુરીયનની કામગીરીનો પ્રભાવ દર્શાવાયો છે તે વ્હાઈટ રીવોલ્યુશનને શ્યામ બેનેગલે કેમેરામાં કંડારી છે. સિનેમાના ઇતિહાસમાં પાંચ લાખ ખેડૂતોના લોકફાળાથી બનેલ આ એકમાત્ર ફિલ્મ છે. ગ્રામીણ સ્તરે વકરેલો જાતિવાદ અને એને લીધે બનતી ઘટનાઓને શ્યામ બેનેગલે માનવીય લાગણીઓ સાથે રજૂ કરી છે. હરિજનો અને સવર્ણો વચ્ચેનો સંઘર્ષ પણ કેન્દ્રમાં છે. મહિલાઓનો સહકાર અને મહિલા નેતૃત્વ એ પણ આ ફિલ્મનો મહત્વનો મુદ્દો છે. નસીરુદ્દીન શાહ, સ્મિતા પાટીલ,અમરીશ પૂરી, ગિરીશ કર્નાડ જેવાં કલાકારોની અદાકારી આજે પણ વખણાઈ છે.

'જૂનુન' ફિલ્મ રસ્કિન બોન્ડની અ ફ્લાઈટ ઓફ પીજનના આધારે બનાવવામાં આવેલી. એમાં ૧૮૫૭નો બળવો કેન્દ્રમાં છે એટલે અધિકારની લડત ત્યાં પણ છે. બ્રિટીશ સામ્રાજ્યની સામે આઝાદીની લડત સાથે પ્રેમનું આલેખન આ ફિલ્મને જાનદાર બનાવે છે. વિદેશી સ્ત્રીને પોતાના ઘરે રાખવાનું,પ્રેમ કરવાનું અને પરણવા સુધીનું વિચારવું એ બધામાં

 ISSN 0976-9609

મુસ્લિમ અને વિદેશી એમ બે સાંસ્કૃતિક સંદર્ભોની ભૂમિકા પણ નોંધનીય છે. ભૂમિકા ફિલ્મ અભિનેત્રી હંસા વાડકરની આત્મકથા પર આધારિત છે. સ્મિતા પાટિલ, અમોલ પાલેકર, નસીરુદ્દીન શાહ. પોતાની જીવનયાત્રા એમાં પુરુષો સાથેના સંબંધો અને નિરાશાનું આલેખન. નાયિકાના અસ્તિત્વના આટાપાટા આ બાયોપિકમાં જોઈ શકાય છે.

'કલયુગ' ૧૯૮૧માં રજૂ થયેલી ફિલ્મ જેને અપરાધ ડ્રામા તરીકે ઓળખવામાં આવે છે. મહાભારતને આધુનિક સમયની દૃષ્ટિએ રજૂ કરતી ફિલ્મ છે જેમાં બે ભાઈઓ વચ્ચેના વેપારજગત-ઉદ્યોગજગતની લડાઈ છે એની સમાંતરે કુટુંબમાં ચાલતા વિખવાદ છે. અહીં શશી કપૂર,રાજ બબ્બર,રેખા, અનંતનાગ, સુપ્રિયા પાઠક જેવા કલાકારો છે. મહાભારતના જ પાત્રો અહીં અલગ અલગ રીતે દર્શાવવામાં આવ્યા છે. લોભ, મોહ, મદ, મત્સર, કામ, ક્રોધ જેવા માનવીય ભાવોને લીધે આડા અવળા ફંટાતા અને આખરે વિખેરાઈ જતા બે કુટુંબની કથા દર્શાવતી આ નોંધપાત્ર ફિલ્મ બની છે. આ ફિલ્મને 'a modern and secularized interpretation of the Mahabharata" તરીકે ઓળખવામાં આવે છે. અસ્તિત્વલક્ષી પ્રશ્નો અને અધિકાર માટેની પડાપડી અહીં પણ છે. શ્યામ બેનેગલે મંડી (૧૯૮૩) ગુલામ અબ્બાસની આનંદી નામની ઉર્દૂ વાર્તા પરથી બનાવી હતી. આ ફિલ્મમાં હૈદરાબાદ શહેરની વચ્ચે આવેલા વેશ્યાવાડાને કેન્દ્રમાં રાખીને સમકાલીન રાજકારણને દર્શાવાયું છે. રુકમણીબાઈની ભૂમિકામાં શબાના આઝમી અને તેના સહાયક-ટૂંગ્રુસની ભૂમિકામાં નસીરુદ્દીન શાહનો અભિનય જાનદાર છે. જીનતની ભૂમિકા સ્મિતા પાટિલ અને બસંતીની ભૂમિકામાં નીના ગુપ્તા પણ ઉલ્લેખનીય. ઉપરાંત સોની રાજદાન, રત્ના પાઠક જેવી અભિનેત્રીઓ. શ્યામ બેનેગલે કહ્યું છે કે આ ફિલ્મમાં મારા ગમતા બધા કલાકારો હતાં. રાષ્ટ્રીય આંતરરાષ્ટ્રીય સ્તરે નોંધ લેવાયેલી અને સૌથી વધુ ફિલ્મફેર એવોર્ડ મેળવનારી ફિલ્મ તરીકે પણ તેની ગણના થાય છે. એક જ બાપના સંતાનો વચ્ચે પાંગરતો પ્રેમ, દાંભીક સામાજિક દેખાવ ખાતર વેશ્યાવાડાને શહેર બહાર કાઢવાની રાજકીય ઢબે થતી કામગીરી, સુશીલ અને જીનતના દુનિયાથી દૂર ભાગવાના હવાતિયા, જીનતનો અપરાધબોધ અને સુશીલની હાર, જીનતની આત્મહત્યા, અંતમાં રુકમણીબાઈની શિવલિંગ પાસેની પ્રાર્થના એ બધું એ રીતે કેમેરામાં કંડારાયું છે કે સમાજના દંભ અને ભેદભાવ તથા અપમાનને સહેલાઈથી જોઈ-સમજી શકાય છે.

ધર્મવીર ભારતીની નવલકથા સૂરજ કા સાતવા ઘોડા (૧૯૫૨) ઉપરથી શ્યામ બેનેગલે ૧૯૯૨માં એજ નામની ફિલ્મ બનાવી હતી, જેમાં રજીત કપૂર અને રઘુબીર યાદવ મુખ્ય કથકના રૂપમાં વાર્તા રજૂ કરે છે. માણિક મુલ્લા-રજીત કપૂર પોતાના જીવનમાં અલગ અલગ સમયે પરિચયમાં આવેલી ત્રણ સ્ત્રીઓની વાત કરે છે તેમાંથી મધ્યમ, અમીર અને ગરીબ વર્ગ અંગેનું ચિંતન પામી શકાય છે. એકદમ તળિયે રહેલા વર્ગ દ્વારા સમાજની પ્રગતી કે અધોગતિ થતી હોવાની બાબત અહીં કેન્દ્રમાં છે. ત્રણેય નાયિકાઓ પોતપોતાના અસ્તિત્વ સંદર્ભે વિચારીને અલગ અલગ નિર્ણયો લેતી બતાવવામાં આવી છે. સુરજના રથને ખેંચતા સાત ઘોડાઓ એ myth અહીં શીર્ષકમાં પ્રયોજાયું છે. છેલ્લો સાતમો ઘોડો અહીં ઉલ્લેખનીય છે. વાર્તા કહેવાની વર્ષો જૂની રીતિનો અહીં ઉપયોગ થયો છે. હરીભરી (૨૦૦૦) ફિલ્મ પાંચ સ્ત્રીઓના માધ્યમ દ્વારા જીવનના હક્કને પોતાની રીતે મેળવવાના પ્રયત્નની કથા છે. ફિલ્મમાં 'fertility rights'-પ્રજનન અધિકાર એ મુખ્ય વિષય છે. સ્ત્રી એ બાળક પેદા કરવાનું સાધનમાત્ર નથી. જયારે ભારતમાં પુત્રનો જન્મ નહીં થવાને કારણે પણ સ્ત્રીને સાસરેથી કાઢી મૂકવામાં આવે એ વાસ્તવિકતા તરફ આ દિગ્દર્શક કેમેરો ફેરવે છે. તેમણે અંતર્નાદ (૧૯૯૧) નામની ફિલ્મ પાંડુરંગ શાસ્ત્રી આઠવલેની સ્વાધ્યાય પ્રવૃત્તિની સામાજિક ક્ષેત્રે થયેલી અસરને કેન્દ્રમાં રાખીને બનાવી હતી.

'વેલકમ ટુ સજ્જનપુર' (૨૦૦૮) ફિલ્મ તેમાં દર્શાવાયેલા વિષય અને શ્રેયસ તલપડેના યાદગાર અભિનય માટે હંમેશ યાદ રહેશે. સજ્જનપુર નિમિત્તે જાણે ભારતભરના ગામડાનું વાતાવરણ અહીં આપણને પ્રાપ્ય બને છે. ગામડામાં રહેતો ભણેલો બેકાર યુવાન જે નવલકથા લખવાના સ્વપ્ન જોતો હતો એ લોકોને પત્રો વાંચી આપવામાં અને પત્રો લખી આપવામાં, સરકારી ખાતાઓમાં અરજી કરવામાં મદદ કરે તે, તેને ગમતી સ્ત્રી પોતાના પતિ પર પત્ર લખાવવા આવે ત્યારે જે સ્થિતિ દર્શાવાય છે તે, ગામડામાં ચૂંટણી વખતે આ પત્ર લખનારની હાલત થાય તે,રાજકીય કિન્નાખોરીને લીધે વિજેતા ઉમેદવારની થતી હત્યા, કિન્નર-third genderની અસ્મિતા અને અધિકારના પ્રશ્નો અહીં જોઈ શકાય છે. અમૃતા રાવ, દિવ્યા દત્તા, યશપાલ સિંહ જેવા અદાકારોએ બખૂબી અભિનય નિભાવ્યો છે. ભારતના ગ્રામીણ વાસ્તવના દ્રશ્યો આ ફિલ્મમાં મહત્વના છે. એવી જ સુંદર ફિલ્મ વેલ ડન અબ્બા(૨૦૧૦) છે. ફિલ્મ સરકારી યોજના અને એ યોજના સાથે જોડાયેલા નોકરશાહીના ગાળિયા-ગતકડાંના ભ્રષ્ટાચારી વિશ્વમાં આપણને લઈ જાય છે. મધ્યમવર્ગ માટે સરકારી યોજના કેવી સ્થિતિનું નિર્માણ કરે છે તેનું વર્ણન અહીં હાસ્યરસ સાથે કટાક્ષપૂર્ણ રીતે કરવામાં આવ્યું છે. કુવો બનાવવાની યોજનાનો લાભ લેવાની પ્રક્રિયાથી લઈને આર.ટી.આઈ.ની અસર જેવા મુદ્દાઓ આ ફિલ્મમાં શ્યામ બેનેગલે વણી લીધા છે. બોમન ઈરાનીએ અહીં મુખ્ય ભૂમિકામાં અભિનયના ઓજસ પાથર્યા છે. સામાન્ય માણસની સરકારી તંત્ર સામેની લડત નોંધનીય બની છે.

શ્યામ બેનેગલે જવાહરલાલ નેહરુએ લખેલ પુસ્તક 'The Discovery of India' નામના પુસ્તકના આધારે દુરદર્શન માટે ભારત એક ખોજ નામની ૫૩ એપિસોડની શ્રેણી રજૂ કરેલી એ એમનું નોંધપાત્ર પ્રદાન ગણાય છે. ૧૯૮૪માં નેહરુ નામની જવાહરલાલ નેહરુના જીવન ઉપરની ડોક્યુમેન્ટ્રી બનાવી હતી. ઉપરાંત વર્ષ ૧૯૯૬માં The Making Of The Mahatma નામની ડોક્યુમેન્ટ્રી બનાવી હતી જેમાં ગાંધીજીએ દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહમાં મેળવેલ જીત બતાવવામાં આવી છે. હક્ક-અધિકાર અને અસ્તિત્વ માટેનો સંઘર્ષ અહીં કેન્દ્રમાં છે. ભારત આવ્યા એ પહેલાના દક્ષિણ આફ્રિકાના ગાંધીજીનું જીવનચરિત્ર અહીં ઉપસાવવામાં આવ્યું છે. Netaji Subhashchandra Bose The Forgotten Hero નામની ૨૦૦૫ની બાયોપીકમાં સુભાષચંદ્ર બોઝનું ચરિત્ર ઝીલવામાં આવ્યું છે. સુભાષચંદ્ર બોઝ પોતાની રીતે આઝાદીના અધિકારની લડાઈ લડે તેનું અહીં ચિત્રાંકન છે. ઉપરાંત તેમણે "samvidhaan the making of the constitution of india" નામની નોંધપાત્ર સિરીઝ બનાવી હતી જેમાં બંધારણ સભાની કામગીરીને કેમેરામાં કંડારવામાં આવી હતી. બંધારણ વ્યક્તિના અસ્તિત્વને સલામત રાખે છે, તેને મૂળભૂત અધિકારો આપે છે. એવા બંધારણ નિર્માણની પ્રક્રિયા તેમણે ભારતીય દર્શકો સુધી પહોચાડી. છેલ્લે ૨૦૨૩માં Mujib: The Making of a Nation નામની બાયોપીકમાં બાંગ્લાદેશના પ્રથમ પ્રમુખ શેખ મુજીબુર રહેમાનની હક્ક, અધિકાર માટેના સંઘર્ષથી ભરેલી વાસ્તવિક જીવનકથા રજૂ કરી હતી.

શ્યામ બેનેગલની ઉપરોક્ત સિનેસૃષ્ટિને જોતા એ સહજ પામી શકાય છે કે સામાજિક નિસબત આ દિગ્દર્શકમાં ભારોભાર ભરેલી છે. Social concern માટે જરૂરી ચૈતસિક સજ્જતા અને જ્ઞાનસભર ગાંભીર્ય તેમનામાં હતાં. એટલે ઓમપુરી પોતાના ગુરૂ એવા શ્યામ બેનેગલને પોતાના વિશ્વકોશ તરીકે ઓળખાવે છે. મુખ્ય ધારાની ફિલ્મોમાં જે નહીં આવ્યું તે શ્યામ બેનેગલની ફિલ્મોમાં આવ્યું. ઉપર ચર્ચેલી ફિલ્મોમાં દર્શાવાયેલા સાચા વાસ્તવિક જનજીવનને લીધે અભ્યાસીઓ તેમની ફિલ્મોમાં Social realism-સામાજિક વાસ્તવ જુએ છે. જાતિ, વર્ગ અને સત્તા સંબંધિત વાસ્તવની વ્યક્તિના અસ્તિત્વ અને અધિકાર ઉપર જે અસર થાય છે એ અસર તેમણે રૂપેરી પડદે ઊતારી. તેમની ઘણી ફિલ્મોની નોંધ રાષ્ટ્રીય એવોર્ડ


ISSN 0976-9609

અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ લેવાયેલી છે. શ્યામ બેનેગલને દાદાસાહેબ ફાળકે પુરસ્કાર, સોવિયેટ લેન્ડ નહેરુ પુરસ્કાર, અનેક રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારો અને ડી.લીટ. ની પદવી પણ આપવામાં આવેલી. ઉપરાંત ભારત દેશના અત્યંત મહત્ત્વના ગણાતા પદ્મશ્રી, પદ્મભૂષણ સન્માન પ્રાપ્ત થયાં. ગિરીશ કર્નાડે એકવાર કહેલું 'He was not a director but also a doctor, a psychiatrist, a father figure and banker' એ એમના વિશે કેટકેટલું કહી જાય છે! છેલ્લે ૮મી નવેમ્બર ૨૦૨૪ના રોજ સમશીદને આપેલ કલાક ઉપરનો તેમનો ઈન્ટરવ્યું યુટ્યુબ પર ઉપલબ્ધ છે.૨ એ જોતા તેમના વિચારવિશ્વને સરળતાથી પામી શકાય છે. એમને જયારે પુછ્વામાં આવ્યું કે 'you don't like melodrama? તેના જવાબમાં તેઓ કહે છે- 'not at the cost of terribility' એટલે વ્યક્તિના અસ્તિત્વ અને અધિકારને લગતી વાસ્તવિકતાની ભયાનક સ્થિતિ-terribility એમને મન મહત્ત્વની છે. આ લીજેન્ડ ફિલ્મમેકરને જયારે એવું પુછ્વામાં આવ્યું કે દુનિયા તમને કઈ રીતે યાદ રાખે તેવું ઈચ્છો? ત્યારે તેઓ આ ઓલિયા જેવો જવાબ ભલે આપે કે- 'never thought of that', પણ હકીકત એ છે કે વ્યક્તિના અસ્તિત્વ અને અધિકારલક્ષી વાસ્તવિક પ્રશ્નોને ફિલ્મરૂપે વાચા આપવા બદલ-Parallel Cinema ક્ષેત્રે મહત્ત્વનું પ્રદાન કરનારા આ વૈશ્વિક ખ્યાતિ ધરાવનારા legend સર્જક-દિગ્દર્શક તરીકે તેઓ સદા યાદ રહેશે...

**સંદર્ભ:**


1. https//www.youtube.com/watch?v=H7NUaUbRiR4
2. <https//www.youtube.com/watch?v=QG4Xld6ops4

-youtube અને અન્ય પ્લેટફોર્મ પર ઉપલબ્ધ શ્યામ બેનેગલની ફિલ્મો.



ગુજરાતી વિભાગ,
ડૉ એ.પી.જે અબ્દુલ કલામ સરકારી કોલેજ,
સિલવાસા, દાદરા નગર હવેલી-૩૯૬૨૩૦
mahyavanshimanoj@yahoo.co.in
(મો) ૯૮૯૮૬૮૪૬૦૧


---

**॥ વિદ્યાવૃત ॥**

## Different Activities and Achievements of ADIT College

1. **Activity Date : 27.10.2025** : One team of ADIT selected from Level I (ideation) to Level II (Proof of Concept) of India's biggest Robotics competition : "Robofest-Gujarat 5.0" under the guidance of Dr. Dhaval Tailor, Electrical Engineering Department, ADIT.
2. **Activity Date : 12.11. 2025** : SEMINAR "Bilion Minutes of Peace- Appeal Project" was organized at ADIT Auditorium and coordinated by Dr. Manisha Makwana. In this programme expert talk was delivered by Brahmakumari's devotee in which 50-60 students participated
3. **Activity Date : 14.11. 2025** : Workshop on Design Thinking with "Figma" was organized in Collabration with Netaji House and Mech. Dept ADIT in which 30-40 students participated.
4. **Activity Date : 11.11. 2025 :** Workshop on "Graphics Design" was organized by Mr. Sarfaraz Jarda and Mr. Axit Kachhia for 1st year students.

|| સામાજિક ||

## મોબાઈલનો વધારે ઉપયોગ વિદ્યાર્થીઓ અને સમાજ માટે લાલબત્તી સમાન

**બી. એમ. પરમાર**

આજના યુગમાં મોબાઈલ જીવનજરૂરી સાધન બની ગયું છે. પરંતુ મોબાઈલના વધુ ઉપયોગના કારણે વિદ્યાર્થીઓના જીવનમાં ઘણી બધી સમસ્યાઓ ઊભી થઈ છે. જે વિદ્યાર્થીઓ અને સમાજ માટે લાલબતી સમાન સાબિત થઈ શકે એમ છે. જેના અંગે ચારૂત્તર વિદ્યામંડળ સંચાલિત નલિની અરવિંદ અને ટી.વી.પટેલ આર્ટસ કૉલેજનાં પ્રિન્સિપાલ ડૉ. બી. એમ. પરમાર દ્વારા એક સર્વે કરવામાં આવ્યો હતો.

આ સર્વેમાં આણંદ જીલ્લાના કુલ ૬૪૪ સ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓ જેમાં ૫૫.30% વિદ્યાર્થીઓ અને ૪૪.૭0% વિદ્યાર્થિનીઓએ પોતાના મંતવ્યો જણાવ્યા હતા. જેમાં ૫૮.30% શહેરી અને ૪૧.૭0% ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓ હતા. આ સર્વેમાં પૂછવામાં આવેલા પ્રશ્નો અને તેના ચોંકાવનાર તથ્યો નીચે પ્રમાણે છે.

- સૌથી વધુ ક્યાં માધ્યમનો ઉપયોગ કરો છો? ૮૭.૬0% વ્યક્તિઓએ જણાવ્યું કે તેઓ સૌથી વધુ મોબાઈલનો ઉપયોગ કરે છે.
- મોબાઈલના ઉપયોગનું કારણ જણાવશો? ૭૨.૭0% જણાવ્યું ગેમ્સ રમવા, ૨0% મનોરંજન માટે ૭.30% વિદ્યાર્થીઓએ જણાવ્યું કે તેઓ અભ્યાસ માટે મોબાઈલનો ઉપયોગ કરે છે.
- આપ દિવસ દરમિયાન મોબાઇલનો ઉપયોગ કેટલા કલાક કરો છો? ૬0.30% વિદ્યાર્થીઓએ ૫ થી ૮ કલાક જણાવ્યું જે વિદ્યાર્થીઓમાં વધારે પડતું મોબાઈલ એડીકશન છે તેવો સંકેત દર્શાવે છે.
- મોબાઇલ એડિક્શન માત્ર સમયથી નક્કી થતું નથી, પણ વ્યવહાર, લક્ષણો, અને માનસિક અસરથી નક્કી થાય છે.

"જ્યારે મોબાઇલ તમારા જીવનને નિયંત્રિત કરવાનું શરૂ કરે છે, અને તમે તેને નિયંત્રિત ન કરી શકો – ત્યારે એ એડિક્શન છે, ભલે સમય ઓછો હોય કે વધુ."

- તમે મિત્રો સાથે વાત કરવામાં કેટલા કલાક મોબાઈલનો ઉપયોગ કરો છો ? ૭૬.૮0% વિદ્યાર્થીઓએ ૨ થી ૩ કલાક જણાવ્યું.
- શું મોબાઈલમાં આપ વર્તમાન પત્રો (ન્યુઝ પેપર) વાંચો છો ? ૫૩.૯0% વિદ્યાર્થીઓએ હા કહી.
- શું તમે મોબાઈલ ઉપયોગને ઘટાડવાના પ્રયત્નો કરો છો? ૭૮.૬0% હા કહી. મતલબ કે તેઓ મોબાઈલ એડીકશન ધરાવે છે તેને છોડી શકતા નથી.
- આજના યુગમાં મોબાઈલ આશીર્વાદ છે કે અભિશાપ? ૫૬.૪0% વિદ્યાર્થીઓએ અભિશાપ જણાવ્યું.
- જ્યારે તમે તમારા ફોનને એક્સેસ કરી શકતા નથી ત્યારે શું તમે ક્યારેય બેચેની અનુભવો છો? ૬૮.૪0% હા કહી.
- તમારા મોબાઈલ વપરાશ પર જો કોઈ બાહ્ય નિયંત્રણ મૂકવામાં આવે તો શું લાગણી અનુભવો છો? ૫૫.30% એ ચિંતા, ૨૭.30%એ હતાશા અને ૧૭.૪0% એ મનોભાર થાય તેવું જણાવ્યું.
- શું તમારા ફોનના ઉપયોગથી તમારા સંબંધો પર નકારાત્મક અસર પડી છે? ૬૪.૨0% વિદ્યાર્થી ઓએ હા કહી. એનો અર્થ એવો થયો કે મોબાઈલ સબંધોમાં નકારાત્મક અસર જન્માવે છે. જે ખુબ ગંભીર બાબત છે.
- તમારે કોઈપણ ક્ષેત્રની માહિતી જોઈતી હોય તો ક્યા માધ્યમનો ઉપયોગ કરો છો? ૭૫.૭0% વિદ્યાર્થીઓએ ગુગલ કહ્યું અને ૧૮.૧0% વિદ્યાર્થીઓએ યુ-ટ્યુબ અને ૬.૨0% જણાવ્યું

કે વાંચન માટે લાઈબ્રેરીનો સહારો લઈએ છીએ.

- આપ વાંચન માટે ક્યું માધ્યમ પસંદ કરો છો? ૫૧.૪૦% વિદ્યાર્થીઓએ મોબાઈલ કહ્યું.
- શું આપ વાંચન માટે લાઈબ્રેરી વિઝિટ કરો છો? ૬૦.૧૦% વિદ્યાર્થીઓએ ના કહી.
- મોબાઈલમાં સૌથી વધુ ઉપયોગ શેનો કરો છો? ૪૫.૦૦%એ વોટ્સએપ અને ૪૩.૬૦%એ ઇન્સ્ટા અને ૧૨.૪૦%એ અન્ય જણાવ્યું.

**વિદ્યાર્થીઓમાં વધતા મોબાઇલ ઉપયોગના કારણોઃ**

૧. ઑનલાઇન શિક્ષણ ખાસ કરીને COVID-19 પછી ઑનલાઇન ક્લાસનો પ્રચલન વધ્યું છે, જેના કારણે વિદ્યાર્થીઓને મોબાઇલનો ઉપયોગ જરૂરિયાત બની ગયો.

૨. સોશિયલ મીડિયા ફેસબુક, ઈન્સ્ટગ્રામ, વોટ્સઅપ વગેરે પ્લેટફોર્મ વિદ્યાર્થીઓને આકર્ષે છે.

૩. મોબાઇલ ગેમ્સ અને મનોરંજન પબજી, ફ્રી-ફાયર જેવા ગેમ્સ અને યુ-ટ્યુબ જેવી એપ્સ સમય વેડફાડવામાં મદદ કરે છે.

૪. ઇન્ટરનેટ સુવિધાની સરળતા હવે બહોળી ઇન્ટરનેટ ઉપલબ્ધતા છે, જે મોબાઇલનાં ઉપયોગને વધારે છે.

**મોબાઈલ ઉપયોગની નકારાત્મક અસરો :**

- અભ્યાસથી ધ્યાન ભટકે છે.
- આંખોની સમસ્યા, ઊંઘની સમસ્યાઓ
- શારીરિક પ્રવૃત્તિમાં ઘટાડો
- હતાશા અને તણાવ વધે છે
- સામાજિક એકલતા મોબાઇલમાં વ્યસ્ત રહીને વિદ્યાર્થીઓ મિત્રો, કુટુંબ અને સમાજથી દૂર રહે છે.

**મોબાઈલ ઉપયોગ ઘટાડવાના પગલાં :**

**૧. સમય મર્યાદા નક્કી કરો.**

- દરરોજ કેટલો સમય મોબાઇલ ઉપયોગ કરવો તે નક્કી કરો.
- જરૂર હોય તો ઘડિયાળ અથવા એપથી રિમાઇન્ડર સેટ કરો.

**૨. ડિજિટલ ડિટોક્સ દિવસ રાખો**

- અઠવાડિયામાં એક દિવસ ‘નો મોબાઈલ ડે’ તરીકે ઉજવો.
- તે દિવસે પુસ્તક વાંચો, ઘરના સભ્યો સાથે સમય પસાર કરો કે બહાર ફરવા જાઓ.

**૩. શૈક્ષણિક અને મનોરંજક ઉપયોગ અલગ કરો**

- અભ્યાસ માટે ખાસ એપ (જેમ કે ગૂગલ ક્લાસરૂમ વગેરે) નો જ ઉપયોગ કરો.
- મોબાઈલમાં મનોરંજન માટે સમય મર્યાદા રાખો.

**૪. મોબાઈલને ઘરના નિશ્ચિત સ્થાન પર રાખો**

- મોબાઇલ હંમેશાં ખિસ્સામાં કે બેડ પાસે રાખવાને બદલે, ચોક્કસ સ્થાન પર રાખો.
- વાંચન કે ભણતરના સમયે મોબાઇલ દૂર રાખો.

**૫. ફોનમાં મુશ્કેલ પાસકોડ રાખો**

- જે એપ્સ વધુ સમય વેડફાવે છે, તેના માટે પાસકોડ અથવા નિયંત્રણ લગાવો.

**૬. પરિવાર અને મિત્રોનો સહકાર લો**

- માતા-પિતાના માર્ગદર્શન હેઠળ ઉપયોગ કરો.
- મિત્રમંડળમાં પણ મોબાઇલથી દૂર રહીને સહપ્રવૃત્તિઓમાં જોડાઓ.

**૭. મોબાઈલ વગરના વિકલ્પો શોધો**

- જો રમવાનો મુડ હોય તો મોબાઇલ ગેમ્સની જગ્યાએ બોર્ડ ગેમ્સ રમો.
- માહિતી માટે પુસ્તકોનો ઉપયોગ કરો.
- શારીરિક કસરત કરો

**૮. સ્ક્રીન ટાઈમ ટ્રેક કરો**

- “ડીજીટલ સુખાકારી” (એનડ્રોઈડ) અથવા “સ્ક્રીન ટાઈમ” જેવી સુવિધાથી દરરોજ મોબાઇલ પર કેટલો સમય પસાર થયો તે જાણો.

મોબાઇલ ઉપયોગ સંપૂર્ણ બંધ કરવો શક્ય નથી, પણ મર્યાદિત, યોગ્ય અને ચોક્કસ ઉપયોગ દરેક વિદ્યાર્થીઓ માટે લાભદાયક છે. જો યોગ્ય પગલાં લેવાય તો તેનું નિયંત્રણ સરળ બની શકે છે.

પ્રિન્સિપાલ
નલિની અરવિંદ એન્ડ ટી. વી. પટેલ આર્ટ્સ કૉલેજ

## ॥ જ્ઞાન-વિજ્ઞાન ॥

## નૉબેલ વિશેષ-૨૦૨૫


# રસાયણશાસ્ત્રમાં નૉબેલ પુરસ્કાર પ્રાપ્ત કરનારા વૈજ્ઞાનિકો

ડો. રમેશચંદ્ર જ. ભાયાણી

દર વર્ષે ઑક્ટોબરના પ્રથમ સપ્તાહમાં બહુ ઓછા અને નસીબદાર વૈજ્ઞાનિકોને ફોન આવે છે. ફોન પર સામે છેડે સ્વીડિશ ઉચ્ચારણ કરનાર વ્યક્તિ છે જે તેમને જાણ કરે છે કે તેઓ નોબેલ પુરસ્કાર જીત્યા છે. ફોન પ્રાપ્ત કરનાર વ્યક્તિઓ નૉબેલ વિજેતા બને છે.

આપ સર્વે જાણો છો આલ્ફ્રેડ નૉબેલે તેમના મૃત્યુના એક વર્ષ પહેલા એટલે કે ૨૩ નવેમ્બર ૧૮૯૫ ના રોજ પ્રસિદ્ધ વસિયતનામા પર હસ્તાક્ષર કર્યા હતા. નોબેલ પુરસ્કાર આપવાની શરૂઆત ૧૯૦૧થી કરવામાં આવી. વિજ્ઞાનક્ષેત્રે ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર અને ફિજીયોલોજી અને મેડિસિન ક્ષેત્રે સાંકળતી શોધ માટે રાખ્યા. એ ઉપરાંત ઉત્કૃષ્ટ સાહિત્ય માટે તેમજ આંતરરાષ્ટ્રીય શાંતિના પ્રોત્સાહન માટે આપવામાં આવે છે. ૧૯૬૦ ના અંતમાં સ્વીડનની મધ્યસ્થ બેંક સ્વેરીજેસ રિક્સબેંકે આલ્ફ્રેડ નોબેલની યાદમાં આર્થિક વિજ્ઞાન પુરસ્કારની સ્થાપના કરી દર વર્ષે ૧૦ ડિસેમ્બરના રોજ યોજાતા નોબેલ પુરસ્કારના સમારંભમાં જ એનાયત કરવામાં આવે છે. આ નોબેલ વિજેતાઓની હિંમત, સર્જનાત્મકતા અને દઢતા, આપણને પ્રેરણા આપે છે તેમજ ભવિષ્ય માટેની નવી આશાઓનું પ્રદાન કરે છે. ૧૦ ડિસેમ્બર પસંદ કરવાનું કારણ આલ્ફ્રેડ નોબેલનું અવસાન ૧૦ ડિસેમ્બર ૧૮૯૬ રોજ થયેલું. તેમના વસિયતનામા અનુસાર નોબેલ પુરસ્કાર આપવામાં આવે છે.


૨૦૨૫ માં રસાયણશાસ્ત્ર નોબેલ પુરસ્કાર ત્રણ રસાયણશાસ્ત્રીઓને આપવામાં આવ્યા. તેઓએ મેટલ ઓર્ગેનિક ફ્રેમવર્કની શોધ કરી છે. જેમના નામ જાપાનના ક્યોટો વિશ્વવિદ્યાલયમાં કામ ૭૪ વર્ષના સુસુમા કિટાગાવા, ઓસ્ટ્રેલિયાના મેલબોર્ન વિશ્વ-વિદ્યાલયમાં કરતા ૮૮ વર્ષના રિચાર્ડ રોબસન અને કેલિફોર્નિયા વિશ્વવિદ્યાલય બર્કલેમાં કામ કરતા ૬૦ વર્ષના ઓમર એમ. યાઘીને આપવામાં આવ્યા છે.



આમાંના સુસુમા કિટાગાવાનો જન્મ ૪ જુલાઈ ૧૯૫૧માં જાપાનના ક્યોટો શહેરમાં થયેલો. તેઓએ બી.એસ., પીએચ.ડી. પદવી ક્યોટો વિશ્વ-વિદ્યાલયમાંથી મેળવેલી. તેઓએ પીએચ.ડી. પદવી હાઈડ્રોકાર્બન રસાયણશાસ્ત્રમાં ક્યોટો વિશ્વવિદ્યાલયમાંથી મેળવેલી. આજ વિશ્વ વિદ્યાલયમાં સ્નાતક સુધીનો અભ્યાસ કર્યો હતો. ૧૯૭૯માં પીએચ.ડી.ના અભ્યાસ પૂર્ણ કરતા તેઓ કિન્ડલ વિશ્વવિદ્યાલયમાં જોડાયા. ૧૯૮૩ માં તેઓને બઢતી મળતાં અધ્યાપક થયા. ત્યારબાદ તેઓ ૧૯૮૮ માં નાયબ પ્રાધ્યાપક બન્યા. ૧૯૯૨માં તેઓ અકાર્બનિક રસાયણના પ્રાધ્યાપક તરીકે ટોકિયો મેટ્રોપોલીટન વિશ્વવિદ્યાલયમાં જોડાયા. અહીં તેઓએ સંશોધનકાર્ય શરૂ કરેલું. ૧૯૯૮માં તેઓ ફરી ટોકિયો વિશ્વવિદ્યાલયમાં અકાર્બનિક રસાયણશાસ્ત્રના સંશ્લેષણ રસાયણ અને જીવરસાયણ વિભાગમાં જોડાયા, ૨૦૦૭માં તેઓ એક સંસ્થાની સ્થાપનામાં સહયોગી તરીકે ઈન્સ્ટિટ્યૂટ ફોર ઈન્ટીગ્રેટેડ સેલ-મટીરિયલ સાયન્સ (iceMS) માં જોડાયા, અને ૨૦૧૩-૨૩ના સમયગાળા દરમિયાન આજ સંસ્થામાં નિયામકનું પદ સંભાળ્યું, માત્ર એક જ વર્ષમાં એટલે ૨૦૨૪ માં તેઓ ક્યોટો વિશ્વવિદ્યાલયમાંના રિસર્ચ પ્રમોશન વિભાગના ઉપ-પ્રમુખ બન્યા. તેમણે સંશોધન મેટલ ઓર્ગેનિક ફ્રેમવર્કસ (MOFs) ક્ષેત્રે બહોળા પ્રમાણમાં શરૂ કરેલું. તેઓએ કરેલા કાર્યથી વિશિષ્ટ રીતે બનાવેલ ફ્રેમમાં ખાસ પ્રકારની ચેનલ બનતી જેમાં વિવિધ વાયુઓથી ભરતાં જે મટીરિયલ


ISSN 0976-9609

બનેલું તે આ વાયુને ફરી બહાર આવે એ પ્રક્રિયા દરમિયાન તેના બંધારણમાં કોઈ અસર જોવા મળીને કિટાગાવા ખાસ જણાવ્યું કે મેટલ ઓર્ગેનિક ફ્રેમવર્ક્સ (MOFs) ને સ્થિતિસ્થાપક (flexible) બનાવી શકાય. એવી ઘણી ફ્રેમો છે જેના આકાર બદલાવી શકાય છે. તેમજ ઘણા પદાર્થો દાખલ કરી શકાય છે તેમજ બહાર લાવી શકાય છે, એના સંશોધનમાં તેઓ પ્રખ્યાત થયા. તેમજ તેમને ટેક્સાસ એ એન્ડ એમ વિશ્વવિદ્યાલયમાં સંશોધન માટેનું આમંત્રણ મળ્યું. તેઓએ અહીં આલ્બર્ટકોટન સાથે કાર્ય કરેલું. સીટી વિશ્વવિદ્યાલય ન્યૂયોર્ક દ્વારા તેમને મુલાકાતી પ્રાધ્યાપક તરીકે આમંત્રિત કરેલા. ૨૦૧૮ માં મ્યુનિચના ટેકનિકલ વિશ્વવિદ્યાલય દ્વારા માનદ ડૉક્ટરેટની પદવી આપવામાં આવી. તેઓ જાપાનની સાયન્સ કાઉન્સિલના સભ્ય તરીકે ૨૦૧૧-૨૩ સુધી રહ્યા. તેઓએ મેટલ-ઓર્ગેનિક ફ્રેમર્સ (MOFs)માં પાયાનું કાર્ય કરેલું. તેમાં મોલિક્યુલર બોક્સની રચના દર્શાવી અને તેનું કાર્ય દર્શાવેલ તેમના આ કાર્ય માટે તેમને નોબેલ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો છે. ૧૯૯૭માં આ જ સંશોધનનું નિર્દેશન માકોટો ફ્યુજીતા (૧૯૯૪) અને ઓમર યાઘી અને કિટાગાવા સાથે રહી કરેલું અને જણાવ્યું કે કોર્ડિનેશન પોલીમર બંધારણમાં વાયુ પસાર કરવાથી તેનું શોષણ થવાનો ગુણધર્મ ધરાવે છે. તેનું કારણ તેમાં ખાસ પ્રકારના સૂક્ષ્મ છિદ્રો બનતા હોય છે. (સ્પંજ જેવું બંધારણ) જે વાયુનું શોષણ કરી શકે છે. ભવિષ્યમાં આના આધારે નવી ટેકનોલોજીનો વિકાસ થઈ શકે તેમ છે.



બીજા એવા જ રસાયણશાસ્ત્રી છે રિચાર્ડ રોબસન. રોબસનનો જન્મ ૪ જૂન ૧૯૩૭માં ગ્લુસ્બુન પશ્ચિમ યોર્કસાયર (અત્યારે ઉત્તર યોર્કસાયર) ઈંગ્લેન્ડ થયો હતો. તેઓએ બ્રાસનોઝ કોલેજ ઓક્સફર્ડમાં અભ્યાસ કર્યો. તેઓએ બી.એ.ની પદવી ૧૯૫૯માં મેળવી તેમજ ડોક્ટર ઓફ ફિલોસોફીની પદવી ૧૯૬૨માં પ્રાપ્ત કરેલી. અભ્યાસ બાદ તેઓએ સંશોધન જે.એ.બાલ્ટ્રોપના માર્ગદર્શન નીચે કર્યું. તેમજ ડાયસન પેરિસ પ્રયોગશાળામાં કાર્બનિક અણુઓની ફોટોકેમેસ્ટ્રીમાં સંશોધન કાર્ય કર્યું. ૧૯૬૨-૬૪ દરમિયાન કેલિફોર્નિયા ઈન્સ્ટિટયૂટ ઓફ ટેક્નોલૉજી અને સ્ટેનફોર્ડ વિશ્વ-વિદ્યાલયમાં ૧૯૬૪-૬૫ દરમિયાન સંશોધન કાર્ય કરેલું. ૧૯૬૬માં તેઓ વ્યાખ્યાતા તરીકે મેલબોર્ન વિશ્વવિદ્યાલયમાં જોડાયા અને અહીં જ રહ્યા. તેમનું સંશોધન ફાઉન્ડેશનલ સિદ્ધાંતને અનુસરીને કૉર્ડિનેશન પોલીમર્સ ક્ષેત્રે હતું. તેમાં ખાસ કરીને ઈન્ફાઈટ પોલીમેરિક ફ્રેમવર્ક્સ હતું. આગળ જતા મેટલ ઓર્ગેનિક ફ્રેમવર્ક્સ (MOFs) તરીકે પ્રસિદ્ધ પામ્યું. ૧૯૯૦માં એક નવા જ વર્ગ કૉર્ડીનેશન પોલીમર્સનું સર્જન કર્યું. તેઓએ કોપર(I) જે ટ્રેટાડ્રેલ ભૂમિતિને અનુસરે છે. તેમ જણાવ્યું. કોપર(I) ને ટ્રેટાનાઈટ્રાઈટ ઓર્ગેનિક સાથે જોડ્યું. આ રીતથી નવા જ પ્રકારના સ્ફટિક સ્લેફસોલિડ હીરા જેવા આકારમાં પ્રાપ્ત થાય છે. (આ સાથે ચિત્રમાં બતાવ્યું છે.) આ બંધારણમાં જોવા મળ્યું જે સાવ નવા જ પ્રકારનું હતું. જેમાં સૂક્ષ્મ અવકાશ (Cavity) જોવા મળે છે. અકાર્બનિક તત્ત્વનો ઉપયોગ કરી બનાવેલ મેટલ ઓર્ગેનિક ફ્રેમવર્ક્સ (MOFs) માટે તેઓએ આપેલા પ્રદાન બદલ તેમને ૨૦૨૫માં નોબેલ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા છે. તેમણે ૧૯૮૮માં ધ રોયલ ઑસ્ટ્રેલિયન કૅમિકલ્સ ઈન્સ્ટિટયૂટ દ્વારા એવોર્ડ પ્રાપ્ત કરેલ, ૨૦૦૦ માં ઑસ્ટ્રેલિયન ઍકેડેમીના ફેલો બન્યા. ૨૦૨૨માં તેઓ રોયલ સોસાયટીના ફેલો બન્યા. ૮૮ વર્ષ વયે પણ તેમનું સંશાધન કાર્ય ચાલુ છે. સલામ આવા કાર્યરત રસાયણશાસ્ત્રીને.

૨૦૨૫માં ત્રીજા રસાયણશાસ્ત્રી ઓમર એમ. યાઘીને પણ નોબેલ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા છે.



ઓમર એમ.યાઘીનો જન્મ ૯ ફેબ્રુઆરી ૧૯૬૫માં ઓમાન ખાતે થયેલો. તેઓ પેલેસ્ટાઈન નિરાશ્રિત કુટુંબમાંથી આવ્યા છે. અત્યાર તેઓ કેલિફોર્નિયા વિશ્વવિદ્યાલય, બર્કલી ખાતે રસાયણ વિભાગમાં પ્રાધ્યાપક તરીકે ફરજ બજાવે છે. આ ઉપરાંત તેઓ લોરેન્સ બર્કલી નેશનલ લેબોરેટરી સાથે જોડાયેલા છે. એટલું જ નહિ, તેઓ બર્કલી ગ્લોબલ સાયન્સ ઈન્સ્ટિટ્યૂટના સ્થાપક નિયામક તરીકે કાર્યરત છે. તેઓ નેશનલ એકેડેમી ઓફ સાયન્સ લીઓપોલ્ડીના સભ્ય છે. જાન્યુઆરી '૨૫માં તેઓ વર્લ્ડ કલ્ચરલ કાઉન્સિલના સાતમા પ્રમુખ બન્યા છે.


**MOFs** : આ એક એવું ફ્રેમવર્કસ છે જે, વાતાવરણમાંથી કાર્બનડાયોક્સાઈડ ($CO_2$) પકડી લે છે અને શુદ્ધ ઊર્જા તેમજ પાણીના સંગ્રહમાં ઉપયોગી બને છે. MOFs એ મેટલ ઓર્ગેનિક ફ્રેમવર્કસ છે, જે ખૂબ જ પોરસ (વચ્ચે બારિક છિદ્ર હોય) સ્પંજ જેવું બંધારણ ધરાવે છે. જેમાં મેટલ (ધાતુ) ના આયનો કાર્બનિક અણુઓ સાથે જોડાયેલા હોય છે. ઘન પદાર્થને બદલે તેમાં સૂક્ષ્મ છિદ્રો રહેલા હોય છે. જેમકે એક ગ્રામ પાઉડર લઈ સપાટી ઉપર પાથરી દેવાથી તે એક ફૂટબોલના મેદાન જેટલી હોય છે. MOFs માં રહેલા બારીક છિદ્રોને કારણે તેમાં વાયુ અને પ્રવાહીનો સંગ્રહ અણુકક્ષાએ કરી શકે છે. તે હવામાંથી કાર્બન-ડાયૉક્સાઈડનું શોષણ સીધું કરી શકે છે. ઉદ્યોગોમાં નીકળતા વાયુનું શોષણ કરી ગ્રીન વાયુનું પ્રમાણ ઘટાડવામાં મદદરૂપ થાય છે. તેનાથી કાર્બનના બારીક રજકણને પકડી, તેનો સંગ્રહ કરી, વૈશ્વિક તાપમાનના વધારાને નીચે લાવી શકાશે. બીજી વિશિષ્ટતા એ છે કે, તે દરેકને આર્થિક રીતે પોષાય તેમ છે. ખાસ કરીને ઉદ્યોગો દ્વારા બહાર ફેંકાતા વાયુઓ તેમજ તેમાં રહેલો ઝેરી કાર્બન મોનોક્સાઈડને ફ્રેમમાં પકડી શકાશે.

Direct Air Capture with Carbon Storage (DACCS), directly from atmosphere and biological Emisson capture carbon storage (Bioccs) આ બન્ને પદ્ધતિ યુરોપિયન કમિશન Carbon removal and Carbon Farming (CRCF) regulation is creating artification frame work for permanent carbon removal in Europe.


યુરોપિયન કમિશને MOFsના સંશોધન અને નવીનીકરણ કાર્યક્રમ તરીકે સ્વીકારેલ છે. MOFs મેટલ ઓર્ગેનિક ફ્રેમવર્ક દ્વારા હવામાંથી પાણી મેળવી શકાય તેમ છે. જ્યાં પાણીની તંગી છે ત્યાં આ પદ્ધતિ ઉપયોગી સાબિત થશે. તે ઋતુઓમાં થતા ફેરફારો તેમજ પર્યાવરણ ક્ષેત્રે પણ ખૂબ ઉપયોગી સાબિત થશે.

૨૦૨૫ના રસાયણશાસ્ત્રના નૉબેલ પુરસ્કાર વિજેતાઓએ આપેલા સંશોધન દ્વારા ભવિષ્યમાં વૈશ્વિક પર્યાવરણ, ઋતુઓમાં બદલાવ અને પીવાલાયક પાણી મેળવવા માટે એક દિશા આપી છે. આ ટૅક્નૉલૉજી અંગે સંશોધનથી દરેક શહેરોમાં તેમજ ઔદ્યોગિક ક્ષેત્રે થતા પ્રદૂષણને નિયંત્રિત કરી શકાય છે. આવી ટૅક્નૉલૉજીનું સંશોધન કરનારા રસાયણશાસ્ત્રીઓને વંદન.


નિયામકશ્રી,
લોકવિજ્ઞાન કેન્દ્ર, રેસકોર્ષ, નહેરુ ઉદ્યાન, રાજકોટ-૩૬0001




મેટલ ઓર્ગેનિક ફ્રેમવર્કની સ્થિતિસ્થાપકતા




કૉપર અને નાઈટ્રાઈટ આર્યન દ્વારા તૈયાર થયેલ હીરા જેવી આણ્વિક રચના




ઘન અવકાશયુક્ત MOFs પદાર્થની સંરચના

 ISSN 0976-9609

# Nobel Prize in Economics 2025: Learning lessons for Indian Citizens

**Prof. (Dr) Kinjal Ahir**

## Introduction :

Joel Mokyr, Philippe Aghion, and Peter Howitt are the recipients of the Sveriges Riksbank Prize in Economic Sciences in Memory of Alfred Nobel for the year 2025, as announced by the Royal Swedish Academy of Sciences (Nobel Prize. org). The Nobel prize includes a monetary reward of 11 million Swedish kronor (Nobel Prize.org) (About INR 10,36,83,437 as per the currency exchange as on 30 October, 2025 - https://sek. currencyrate.today/convert/amount-11000000-to-inr.html). In addition, a gold medal and a Diploma certificate with a unique work of art associated with the winner's contribution are also awarded (Nobel Prize.org). In Stockholm, laureates receive the Nobel Prize medal and diploma for Economics from King Carl XVI Gustaf of Sweden. Every laureate delivers a lecture for receiving the award, which describes the details of their research. Interested readers may find many interesting facts related to the different Nobel Prize distribution ceremonies in the link https://www.nobel prize.org/nobel-prize-award-ceremonies/. The objective of this research is to introduce the reader to the theoretical contributions of the 2025 Nobel laureates in Economics and to suggest learning lessons for selected stakeholders in India, thereby contributing to sustained global economic growth.

## The Theoretical Contribution of Nobel Laureates in Economics for 2025

The 2025 Nobel Prize in Economics was equally distributed into two halves, with one half given to Joel Mokyr (affiliated with Northwestern University, Evanston, IL, USA, Eitan Berglas School of Economics, Tel Aviv University, Israel), while the other half was collectively awarded to Philippe Aghion (affiliated with Collège de France and INSEAD, Paris, France, The London School of Economics and Political Science, UK), and Peter Howitt (affiliated with Brown University, Providence, RI, USA). The prize was awarded for their noteworthy contribution "for having explained innovation-driven economic growth", of which Joel Mokyr was appreciated "for having identified the prerequisites for sustained growth through technological progress" and Philippe Aghion and Peter Howitt were appreciated "for the theory of sustained growth through creative destruction" (NobelPrize.org).

Joel Mokyr, an economic historian, has highlighted that global economic growth has been sustainable over the last 200 years. The period preceding that also featured sporadic, yet crucial innovations; however, the period could not witness sustained economic growth. He believes that such sustained economic growth was the result of two types of knowledge that built upon each other. Propositional knowledge explains why something works, and prescriptive knowledge describes what is necessary for something to work. Continuous

feedback between these two kinds of knowledge led to innovations in new goods, services, their alternate uses, and more efficient methods for producing them. Other necessary conditions, besides a strong connection between propositional and perspective knowledge, include institutions that facilitate the conversion of ideas into commercial products, highly skilled and knowledgeable citizens, and a society that can accommodate change and the resulting disruption of established interest groups. Mokyr observes that historically, such changes have faced resistance, but they have been outcompeted by innovations that have been widely adopted by society. Such resilience against existing interest groups, in favor of innovations, their commercialization, and societal acceptance, resulted in sustained growth. Mokyr proves this thesis using historical data from the pre- and post-industrial revolution, which originated in Europe, particularly in the UK, due to the facilitative conditions that existed in the UK for initiating the process of sustained growth.

Philippe Aghion and Peter Howitt provided a novel mathematical model that explained how sustainable growth evolves from the economist Schumpeter's concept of creative destruction. In the phrase creative destruction, creative refers to 'the creation of new production processes and new, better-quality products', and destruction refers to 'the old, obsolete products and companies that lose commercial value because new products outcompete them'. They provided a mathematical model using modern data that continuous technological progress leads to sustained economic growth. However, Aghion and Howitt emphasize that such transitions result in the replacement of old companies, their employees, and their skill sets with companies driving innovation, thereby replacing employees with relevant and required skill sets. This continuous, creative destruction-based replacement drives sustained economic growth. Although they also highlight how such creative destruction may require crucial decisions related to Research and Development (R&D) spending. They argue that it is essential to ensure the innovative company has a first-mover monopolistic advantage to incentivize their risk-taking in R&D, else there will be no motivation to innovate. Since such innovations are a continuous process, greater spending on R&D will result in shorter-term gains, followed by a subsequent decline in the innovator's market share, allowing room for newer innovations. Such investments in R&D-based production require households to save and have developed financial markets. Aghion and Howitt could suggest what economists term 'general equilibrium' in a macroeconomic model based on creative destruction for the first time. For a more detailed reading regarding the research work of the mentioned Nobel laureates, the readers may explore https://www.nobelprize.org/uploads/2025/10/popular-economicsciences2025-3.pdf, Aghion and Howitt (1992), and Mokyr (1990, 2002, 2016).


ISSN 0976-9609

**Learning lessons for Indian stakeholders**

All Indians can contribute to India's and, thereby, the world's sustained economic growth by understanding and imple- menting the theory propounded by Mokyr, Aghion, and Howitt, in the expected spirit.

**The corporates:** The corporates play a pivotal role in the model developed by the Nobel laureates. Companies should invest in R&D to develop new products, services, alternative uses of existing products and services, and efficient methods of production. They may seek profits by selling innovative products and services derived from innovations emanating from risk-taking associated with R&D expenditures, thereby rein- vesting in fueling further innovations. They may continuously evolve by exploring newer innovations, each time contributing to an improvement in human lives or enhancing the conditions of both biotic and abiotic surroundings. If not for such continuous innovations, they would be outcompeted by competitors who provide greater value products and services to consumers. In any case, the corporations should responsibly facilitate and motivate employees to train and educate themselves for employment continuity during the transition to newer innovations. Thus, corporations can retain loyal employees and reap the benefits of retention.

**The employees:** The pace at which innovations are happening leaves less scope for employees to continue reaping the benefits of the same skill set over a longer duration. Instead, the employees will be compelled to adapt and become lifelong learners, continuously upgrading and enhancing their skills. If they do not adapt to the requirements of newer innovations, they may become jobless and struggle to find a livelihood. In particular, the increase in innovation frequency and the reduction in time gaps between innovations will compel employees to upskill and upgrade them- selves more promptly and continuously, remaining relevant in the job market and seeking greater returns. It would require upgradation far beyond their academically acquired knowledge and skills, which might remain relevant only briefly during the early career. 'Adaptability quotient' will be prominent.

**The society:** Newer products will only be as relevant as their users find them useful. Quicker adaptation to newer products and services will not only consistently improve the standards of living but also compel innovators to meet the growing expectations of societal needs continually. A more demanding society will also ignite innovation, which can eventually eliminate the' pain points' and make life happier. Thus, a demanding and adaptive society can keep the innovators on their toes to continually innovate and pave the way for sustained growth.

**The institutions:** A coordinated approach between academia, government, corporates, and society is pivotal to the success of sustained growth. Academica should contribute through knowledge generation and distribution through

research and teaching, respectively. Academia will need to generate knowledge through innovation and R&D. Ultimately, continuous communication between academia and industry will ensure the commercial and societal viability of the products developed through research in the sciences and social sciences. Research in social sciences will inform and provide a feedback loop to the sciences and industry regarding the need and importance of innovation in products and services. Such communication between academia and industry will ensure that whatever is relevant is innovated and whatever is innovated is relevant. This is crucial to ensure the efficient use of scarce resources in the economy. The government will have to facilitate each of these processes through financial resources and policies. Effective regulations should be in place to caution against the prospective hazards of the processes of 'creative destruction'. During such transitions, the government may perform its role of being a welfare state for the employees, during their skills-upgradation phase, by providing them with the necessary means to sustain themselves and their families with dignity. The government may also provide necessary financial and policy support to the corporates to continuously innovate. The government may also motivate R&D in academia by providing necessary academic, administrative, and financial autonomy to innovators.

None of these stakeholders alone can lead to sustained economic growth. Every citizen can contribute to sustained economic growth by improving the efficiency of the tasks they perform in their daily lives, regardless of how small or large. It is pivotal that each of these stakeholders coordinate with one another and complement their roles to ultimately enhance the innovative ecosystem for the greater benefit of humans, biotic, and abiotic components. In particular, during the phase of inevitable creative destruction, empathy for all concerned and inclusiveness should drive the change. Ultimately, global citizens should be able to comprehend the larger benefits of uniting beyond national boundaries, guided by the ideology of 'vasudhaiv kutumbakam'. Technological innovations should serve all and thereby contribute to sustained global economic growth!

**References :**


Aghion, P. and Howitt, P. (1992). "A Model of Growth Through Creative Destruction", Econometrica 60, 323-351.

Mokyr, J. (1990), The Lever of Riches: Technological Creativity and Economic Progress.

Mokyr, J. (2002), The Gifts of Athena: Historical Origins of the Knowledge Economy

Mokyr, J. (2016), A Culture of Growth: The Origins of the Modern Economy.

Press release. NobelPrize.org. Nobel Prize Outreach 2025. Thu. 30 Oct 2025. https://www.nobelprize.org/prizes/economic-sciences/2025/press-release/


---


Head, Department of Economics,
Sardar Patel University,
Vallabh Vidyanagar





ISSN 0976-9609

## નોબેલ શાન્તિ પુરસ્કાર-૨૦૨૫ વેનેઝુએલાની વિપક્ષ નેતા મારિઆ કોરિના મચાડોને

**વિનય પંડ્યા**

સન ૨૦૨૫ના નોબેલ પારિતોષિકોની જાહેરાત ૧૦ ઓક્ટોબર ૨૦૨૫ના દિવસે થઈ ગઈ છે. હું શાન્તિ પુરસ્કારના વિજેતા વેનેઝુએલાની વિપક્ષ નેતા મારિયા કોરિના મચાડોને આપવા પાછળના શાન્તિ પુરસ્કાર સમિતિના વિચારો અને તેના જાહેર અને વૈશ્વિક પ્રતિસાદો અને અર્થઘટનોની ચર્ચા કરવા ઉપસ્થિત છું.

નોબેલ કમિટીનો દાવો છે કે, નોબેલ શાન્તિ પુરસ્કાર એવા હેતુ માટે આપવામાં આવે છે જેના પાયામાં માનવજાતના અખંડ સ્વપ્ન શાન્તિને બિરદાવવાનું છે. નકારાત્મકતા ક્યારેય નકારાત્મક વાતો કે નિંદા કરવાથી જતી નથી, બલ્કે તેના નાશ માટે સકારાત્મકતા અપનાવવી અત્યંત આવશ્યક છે. શાન્તિની પ્રાપ્તિ માટે આદરવામાં આવતા અહિંસક સંઘર્ષોને બિરદાવીને સંસ્થા માત્ર વ્યક્તિ અથવા સંસ્થાને માન્યતા જ નથી આપતી, બલ્કે તેના દ્વારા માનવતાની શક્તિને વધુ ઉજાગર, ધારદાર અને પ્રભાવક બનાવવાનું કામ કરે છે. એને ટૂંકમાં કહીએ તો માનવતાની શક્તિમાં વિશ્વાસનો ઉદ્‌ઘોષ છે. અને સમગ્ર વિશ્વમાં માનવતાના પ્રતિબિંબ તરીકે વ્યક્ત થાય છે. સમગ્ર વિશ્વના જનમાનસ અને સરકારી મહેકમને શાન્તિના લક્ષ્યને હાંસલ કરવા માટે સજાગ, સતેજ, સશક્ત કરે છે અને સક્રિય બનાવે છે.

આ પ્રસંગે આ પારિતોષિક પ્રાપ્ત કરનાર વિશેની કેટલીક નક્કર વિગતો આ પ્રમાણે છે. ૭ ઑક્ટોબર ૧૯૬૭માં જન્મેલા મારિઆ કોરિના મચાડોએ એન્ડ્રેસ બેલો કેથલિક યુનિવર્સિટીમાંથી ઔદ્યોગિક એન્જિનિયરીંગ અને ફાઈનાન્સમાં અનુસ્નાતકની પદવી પ્રાપ્ત કરેલ છે. તેમણે પોતાના ભણતરને ઉજાળવા માટે તથા સામાજિક નિસ્બતને આધાર બનાવવા એક નાગરિક સંસ્થાની સ્થાપના કરી - વેન્તે વેનેઝ્યુએલા-તેનું નામ અને મતદાનની પારદર્શિતા માટે ઝઝૂમતા રહેવું તેનું કામ. આજથી ૧૪ વર્ષ પૂર્વ ૨૦૧૧-૨૦૧૪ ના સમયગાળામાં તેઓ વેનેઝયુએલાની નેશનલ અસેંબલીના સદસ્ય રહ્યા અને દેશમાં સૌથી વધુ મત પ્રાપ્ત કરવાનું માન પણ મેળવ્યું.

નોબેલ કમિટીએ એમના નામનો ઉલ્લેખ કરતાં જણાવ્યું કે - વેનેઝ્યુએલાના લોકોના લોકશાહી અધિકારો માટે તેમના અવિરત પ્રયાસો અને તાનાશાહીથી લોકશાહી તરફ શાન્તિપૂર્ણ પરિવર્તન માટેના સંઘર્ષ માટે પ્રયત્નશીલ રહેવાનો સંદેશ આપે છે. કુલ ૩૩૮ ઉમેદવારોમાં ૨૪૪ વ્યક્તિઓ અને ૯૪ સંસ્થાઓનું નામાંકન પ્રાપ્ત થયું હતું. આ હકીકત એટલા માટે જણાવવાનું મન થયું જેથી વાંચનારને ધરપત રહે કે સંસારમાં શાન્તિ માટે સક્રિયતા દાખવનાર આટલા બધા માણસો છે.

તેમણે અનેકવાર સરકારી પ્રતિબંધો, ધમકીઓ અને અયોગ્ય જાહેર કરવા જેવી મુશ્કેલીઓનો સામનો કર્યો છે. આ બધું હોવા છતાં તેમણે આ કામને છુપાઈ રહીને પણ લોકશાહીનો અવાજ ઊંચો રાખ્યો છે.

તેમનો મહિમા કરતા જણાવવામાં આવ્યું કે મચાડો લેટિન અમેરિકન ખંડમાં નાગરિક હિમ્મતના સૌથી અદ્‌ભુત ઉદાહરણોમાંથી એક છે. આ પુરસ્કાર બતાવે છે કે આજના યુગમાં શાન્તિ એટલે માત્ર યુદ્ધનો અભાવ નહીં, પણ ન્યાય, અધિકાર અને લોકશાહીનું અસ્તિત્વ છે. વધારામાં ઉમેરતાં જણાવ્યું કે લોકશાહીનાં સાધનો જ શાન્તિનાં સાધનો છે.

પુરસ્કાર અપાઈ ગયો, તેની પાછળના હેતુઓ પણ બતાવવામાં આવ્યા. હવે વિચાર કરવાની જરૂર છે કે - એનો પ્રભાવ વેનેઝયુએલા અને સમગ્ર વિશ્વ

માટે કેટલો છે.

વેનેઝ્યુએલામાં લોકશાહીની સ્થાપના માટે ચળવળ ચાલી રહી છે. મોટા ભાગે એ ચળવળ ગમે તેટલી જોરદાર હોય પણ એને જો સક્રિય વિમર્ષમાં ન લાવવામાં આવે તો તેનું બાળમરણ થઈ શકે છે. આજનો મીડિયા એટલો તો પ્રભાવક થઈ ગયો છે કે, તેમાં ચર્ચાતા મુદ્દાઓ લોકમુખે ચડી જાય છે. એક સમય હતો જ્યારે લોકોને મુખોમુખ માહિતી મળી જતી, પણ તેનો વ્યાપ માત્ર સ્થાનિક રહેતો. ત્યારબાદ સમાચારપત્રો અને સામયિકોનો જમાનો આવ્યો- તેનાથી તે શિક્ષિત વર્ગને પ્રભાવ પાડવા માંડ્યો અને આજે હવે જ્યારે સાયબર એજ અને એ.આઈ. અર્થાત્ આર્ટિફિસિયલ ઈન્ટેલિજન્સનો યુગ ચાલી રહ્યો છે ત્યારે આંતરરાષ્ટ્રીય વિમર્શ (ઈન્ટરનેશનલ નેરેટિવ) દ્વારા એ કામ ઝડપથી વૈશ્વિક સ્તરે પહોંચી જાય છે. આ પુરસ્કાર નાનકડા દેશ વેનેઝ્યુએલાની સમસ્યાને વૈશ્વિક ફલક પર લાવવામાં સફળ રહેશે એમ લાગે છે.

બીજો પ્રભાવ એ રીતે મહત્ત્વપૂર્ણ છે કે આવા પુરસ્કારોથી દુનિયાના નાગરિકોનો આત્મવિશ્વાસ વધી જાય છે. તેમને લાગે છે કે જેટલા પ્રમાણમાં તેમની ચળવળને ઓળખ મળવી જોઈએ તે મળે છે. કોઈ તો સાંભળનારું છે - એવી ભાવના પ્રબળ થતી જાય છે.

પણ સિક્કાની બીજી બાજુ જોતાં - વહેલી અને વ્યાપક માન્યતા અને જાહેરાત અથવા નિરાચ્છાદન (એક્સ્પોઝર) દ્વારા ચળવળકારોમાં એવી ભ્રમણા ન વ્યાપી જવી જોઈએ કે તેમને લક્ષ્ય સિદ્ધ કરી લીધું છે. સાધનાના માર્ગે નાની-નાની સિદ્ધિઓ અડચણરૂપ બને છે. અગાઉના મલાલા યુસુફ્જાઈ અને ગ્રેટા થર્નબર્ગના કિસ્સામાં શાન્તિ પુરસ્કારો દ્વારા વૈશ્વિક ઓળખ મળી ગયા બાદ જાણે તેમણે ઉઠાવેલી સમસ્યાઓ ઉકેલાઈ ગઈ છે તેવો આભાસ પુરસ્કાર પ્રાપ્ત કરનાર અને એમના ચળવળકારોના મનમાં આવી ગયો અને સમસ્યા ત્યાંની ત્યાં જ રહી ગઈ. પરમાત્માને પ્રાર્થના કે વેનેઝ્યુએલાની લોકશાહીની ચળવળના એવા હાલ ન થઈ જાય. યાદ રાખવાની આવશ્યક્તા છે કે શાન્તિ પુરસ્કાર તો માત્ર એક શરૂઆત છે - પરિવર્તન માટે એક લાંબી લડત હજી બાકી છે.

વૈશ્વિક સ્તરે જયારે વિચારણા કરવામાં આવે છે ત્યારે પણ તેના જમા-ઉધાર પાસાંઓનો વિચાર કરવો આવશ્યક છે.

સકારાત્મક પહલુ જોતાં દેખાય છે કે આ પુરસ્કારનું સાઈટેશન અર્થાત્ પ્રશસ્તિપત્રમાં શાન્તિની નવી વ્યાખ્યા આપવામાં આવી છે. હવે શાન્તિ પુરસ્કારો માનવાધિકાર, લોકશાહી અને નાગરિક સ્વતંત્રતાના પાયામાં આવી જાય છે. તેના મૂળ સ્તંભ ગણાય છે. ફ્રાંસની રાજ્યક્રાન્તિના ત્રણ શબ્દોને યાદ કરીએ - સ્વતંત્રતા, સમાનતા અને બંધુતાનો દુનિયાના અનેક દેશો સુધી પ્રભાવ પડ્યો. આશા કરીએ કે માનવાધિકાર, લોકશાહી અને નાગરિક સ્વતંત્રતા જેવા શબ્દો લોકમુખે ચડી જાય અને સમગ્ર વિશ્વમાં તેમનો પ્રભાવ પડે. આજે વિશ્વના ૧૬૭ દેશોમાંથી માત્ર ૭૪ દેશોમાં કહેવાતી લોકશાહી છે. જ્યારે ખરેખરી લોક્શાહી તો માત્ર ૨૫ દેશોમાં જ છે. તેમાં પણ વેનેઝ્યુએલામાં પરિસ્થિતિ લોકશાહીની વિરુદ્ધની છે. ત્યાંની ચૂંટણીઓમાં પારદર્શિતા અને નિષ્પક્ષતાનો અભાવ છે, વિરોધપક્ષોને ધાકધમકી, ગેરલાયકાત અને ધરપકડનો સામનો કરવો પડે છે. સરકાર અને વિશેષ પક્ષ કાર્યપાલિકા ન્યાય વ્યવસ્થા અને અન્ય સંસ્થાઓ પર અંકુશ ધરાવે છે, ત્યાંના મીડિયાની સ્વતંત્રતા પર ભારે પ્રતિબંધો છે અને પત્રકારો પર ગેરબંધારણીય દબાણો લાવવામાં આવે છે અને અંતે નાગરિક સ્વતંત્રતા અને રાજકીય વિરોધને વ્યવસ્થિત રીતે દબાવવામાં આવે છે. ૧૯૫૮થી ૧૯૯૮ દરમિયાન ત્યાં લોકશાહી હતી પણ હ્યુગો શાવેઝ અને નિકોલસ માડુરના રાજમાં


ISSN 0976-9609

સરમુખત્યારી શાસન પદ્ધતિ ચલાવવામાં આવી રહી છે.

વિપક્ષી નેતાને શાન્તિ પુરસ્કાર મળતાંની સાથે તાનાશાહી સામે લડતા નાગરિકો માટે આશાનું કિરણ મળ્યું છે. એમની ચળવળને વૈશ્વિક માન્યતા મળતાં ત્યાંની સત્તાએ હવેથી વધુ સાવધ રહીને કામ કરવાની ફરજ પડશે અને તેના દ્વારા ચળવળનું બાળમરણ નહીં થઈ શકે એવી આશા રાખી શકીએ.

**સમગ્ર પુરસ્કારનો મુખ્ય સંદેશ છેઃ**

૧. મૂલ્ય નાગરિકોની હિંમતનું છે. સત્તા માર્ગે વિશ્વ બદલવાના પ્રયાસો કરનારાઓથી દુનિયાના સ્મશાનો ભરેલા પડ્યા છે. આ પુરસ્કાર સત્તા વિના પણ હિંમત અને નૈતિક શક્તિને વિશ્વ પરિવર્તનના રાજમાર્ગ પર લાવી દે છે.

૨. આ પુરસ્કાર સ્થાપિત કરે છે કે લોકશાહી અને શાંતિ અવિભાજ્ય છે. મુક્ત ચૂંટણીઓ, ન્યાય અને નાગરિક પ્રતિનિધિત્વ વિનાની શાંતિ અધૂરી છે.

૩. આ પુરસ્કાર કોઈ પણ રીતે અંતિમ લક્ષ્ય નથી, બલ્કે એના બળે લોકશાહીની લડત સતત ચાલતી રહેતી પ્રક્રિયા છે. જેમાં આ ઘટના એક માઈલનો પથ્થર છે.

૪. ભારતીય સંસ્કૃતિની પરંપરામાં કહેવાયું છે - યત્ર વિશ્વં ભવતિ એક નીડમ્ - અર્થાત્ જ્યાં સમગ્ર વિશ્વ એક માળો બની જાય - કહેવાનો તાત્પર્ય એ છે કે આ લડતને આંતરરાષ્ટ્રીય એકતાની તાતી જરૂર છે. સમગ્ર વિશ્વની લોકશાહી શાસન વ્યવસ્થા પાસેથી સહાનુભૂતિ અને સમર્થનની આવશ્યકતા છે. અને છેલ્લે

૫. આ પુરસ્કાર આશાનો એક જ્વલંત સંદેશ છે. અંધકાર અને દમન સામે પરિવર્તનની આશા જીવંત છે.

**આ પુરસ્કારમાં ભારત અને દક્ષિણ એશિયા માટે પણ મહત્ત્વપૂર્ણ સંદેશ છેઃ**

૧. લોકશાહી માત્ર ચૂંટણી નહીં, બલ્કે એક સતત પ્રયોગ છે. લોકશાહી માટે સતત જાગૃતિની કિંમત ચૂકવવી પડે.

૨. મચાડોને અપાયેલો પુરસ્કાર સમગ્ર વિશ્વને યાદ અપાવે છે કે લોકશાહી ફક્ત ચૂંટણીઓથી પ્રારંભાતી નથી, બલ્કે તેમાં નાગરિક ભાગીદારી, સ્વતંત્ર મીડિયા, પારદર્શિતા અને નૈતિક નેતૃત્વ પર નિર્ભર છે.

૩. ભારતમાં દુનિયામાં સૌથી મોટું લોકતંત્ર છે. સંદેશ એ છે કે તેમાં લોકહિત, લોકજાગૃતિ જીવંત રાખવાં આવશ્યક છે.

૪. ભારતના સંદર્ભમાં એમ પણ કહી શકાય કે મચાડોએ શસ્ત્રો નહીં, પરંતુ સત્ય-અહિંસા-નાગરિક સંકલ્પથી તાનાશાહી સામે લડત આપી ગાંધીજીની પ્રસ્તુતતાને ફરી રેખાંકિત કરી છે. તેમણે સત્ય-અહિંસાની શક્તિ એ જ સાચી શક્તિ છે, તે સિદ્ધાન્તનું પ્રતિપાદન કર્યું હતું અને તેના પ્રયોગ દ્વારા ભારતમાં પરિવર્તનના વાયરા છૂટા મૂક્યા હતા.

૫. હિંસાનો અભાવ શાન્તિ નથી, બલ્કે ન્યાય અને સમાનતા પણ તેના અભિન્ન અંગ છે. વેનેઝ્યુએલામાં શાન્તિ માટેની લડત એટલે ન્યાયપૂર્ણ શાસન અને માનવાધિકારોની પુનઃ સ્થાપના.

૬. સમગ્ર દક્ષિણ એશિયામાં-જ્યાં ગરીબી, અસમાનતા અને ધાર્મિક રાજકીય તનાવ વ્યાપક છે ત્યાં સાચી શાન્તિ માટે ન્યાય, સમાનતા અને સંવાદ જરૂરી છે.

૭. નાગરિક હિંમત અને તેમની નિરંતર જાગૃતિ અને શાન્તિપૂર્ણ માર્ગ જ શાન્તિનું સૌથી મોટું હથિયાર છે. તેના થકી જ સ્થાયી પરિવર્તન શક્ય બને છે. દબાણ-સમજણ-પ્રેમ વચ્ચેનો ભેદ પારખીને

જ કાયમી પરિવર્તન લાવવાના પ્રયાસો થવા જોઈએ.

૮. આ પુરસ્કાર સત્તા સામે બોલવાની આવશ્યકતાને ઉજાગર કરે છે અને ન્યાય વિના શાન્તિ નહીં, તે સિદ્ધાન્તને સ્થાપિત કરે છે. એનો મતલબ એ છે કે જ્યારે પણ સત્તા અન્યાય કરે ત્યારે સાહસપૂર્વક અવાજ ઉઠાવવો એ શાન્તિ માટેની સેવા છે.

૯. લોકશાહી ખંડિત થાય તો શાન્તિ પણ ખંડિત થાય છે. નોબેલ સમિતિએ સ્પષ્ટ કહ્યું છે કે, વિશ્વભરમાં લોકશાહી દબાઈ રહી છે. તેના પ્રભાવથી દક્ષિણ એશિયા પણ બાકાત નથી, ભારતની આસપાસના દેશોમાં વિચાર સ્વતંત્રતા, નાગરિકોનું પ્રતિનિધિત્વ અને માનવ અધિકારો સીમિત થઈ રહ્યા છે.

૧૦. મચાડોને પુરસ્કાર - ચેતવણી સ્વરૂપ છે કે જ્યાં લોકશાહી નબળી પડે છે ત્યાં શાન્તિ પણ ખંડિત થાય છે.

૧૧. મચાડોને પુરસ્કાર સ્થાપિત કરે છે કે એક વ્યક્તિની આંતરિક નિષ્ઠા અને ન્યાય માટેની લડત પણ સંસારને નૈતિક દિશા આપી શકે છે.

આ સમયે નોબેલ શાન્તિ પુરસ્કાર સમિતિએ જે હિંમત બતાવી છે, તેને કારણે તેના ચરિત્રમાં આવતા ફેરફારોની નોંધ લઈએ.

- સમિતિએ વૈશ્વિક પ્રભાવ પાડવા મથતા પરિબળોને અવગણ્યા છે. ખાસ તો અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને પણ ના ગાંઠ્યા.
- અન્યથા એવા અનેક કિસ્સાઓ છે જેમાં નોબેલ શાન્તિ પુરસ્કાર સમિતિ પુરસ્કાર આપવા અને ન આપવાના કિસ્સાઓમાં દબાણ સામે ઝૂકી ગઈ હોય. ખાસ કરીને ખોટી રીતે અને સમય કરતા પહેલાં અપાયેલા પુરસ્કારોમાં બરાક ઓબામાને અપાયેલ શાન્તિ પુરસ્કાર કવેળાનો હતો. હેન્રી કિસિંજરને અપાયેલ પુરસ્કાર તો ફારસ બની ગયો કારણ કે જે કારણથી પુરસ્કાર આપવામાં આવ્યો હતો ઘટના જ વિપરીત પરિણામોવાળી બની ગઈ. કેટલાક પુરસ્કારો તો સ્ટોર્મ ઈન અ ટી-કપ જેવા બની રહ્યા ખાસ કરીને યાસર અરાફતને અપાયેલ પુરસ્કાર.
- ત્યાર બાદ એવા કિસ્સાઓ પણ છે જેમાં જે ખરેખર અધિકારી હોય પણ તેને પુરસ્કાર આપવામાં ન આવ્યો હોય અને તેનો ક્લાસિક દાખલો છે. મહાત્મા ગાંધીને-નોમિનેશન હોવા છતાં-શાન્તિ પુરસ્કાર આપવામાં ન આવ્યો.
  - ૦ આવા બનાવો શાંતિ પુરસ્કારની અસરકારતાને લૂણો લગાડે છે. કારણ કે તેમાં નિષ્પક્ષતાનો છેદ ઉડાડી દેવામાં આવે છે.
  - ૦ પુરસ્કાર સમિતિના સભ્યો પણ રાજકારણથી રંગાયેલા હોવાથી તેની નિષ્પક્ષતા પર શંકાની સોય ઉઠે છે.
  - ૦ જેને પુરસ્કાર અપાય છે તેની ચળવળના વિપરીત પરિણામો મળે છે ત્યારે પણ શાંતિ પુરસ્કારને બટ્ટો લાગે છે.

એમ કહી શકાય કે, નોબેલ પુરસ્કાર સમાજ માટે એક અરીસો છે જેમાં માનવજાત પોતાની આંતરિક વૃત્તિઓને પ્રતિબિંબિત થતી જુએ છે. ક્યારેક તે અરીસો ચમકે છે અને ક્યારે એ ધૂંધળો થઈ જાય છે પણ એટલું તો કહી જ શકાય કે,

- ડર વિના બોલો, અહિંસા સાથે લડો અને લોકશાહી માટે જીવો.
- શાન્તિ એ ફક્ત હથિયારોનું મૌન નહીં પરંતુ અંતરાત્માનો ન્યાય અને લોકશાહીનો લય છે.
- શાન્તિ એ ફક્ત હિંસા ન હોવી નહીં એટલું જ નહિ, બલ્કે ન્યાય, સ્વતંત્રતા અને માનવસન્માનનું અસ્તિત્વ હોવું છે.

---

'ઋચા', વે-મેડ કોલેજ સામે, મહીવાસ ચોકડી,
વલ્લભ વિદ્યાનગર-૩૮૮ ૧૨૦ (મો) ૯૯૨૪૪૪૮૮૧૧


ISSN 0976-9609

## ભૌતિક વિજ્ઞાનનો નૉબેલ પુરસ્કાર ૨૦૨૫

**કમલનયન જોષીપુરા**

જગપ્રસિદ્ધ નૉબેલ ઇનામોને હવે ૧૨૫ વર્ષ થઈ રહ્યાં છે. Alfred Nobelનું નામ ધરાવતાં આ ઇનામોને ગુજરાતીમાં ભૂલથી નોબલ તેમજ અંગ્રેજીમાં noble પણ લખવામાં આવે છે...!!

આ વખતનાં નૉબેલ ઈનામોની વાત કરતાં પહેલાં ચાલો જરા ભૂતકાળમાં સરી જઇએ.

ફ્લેશબેક....૧૮૯૦નો સમય રસાયણશાસ્ત્રી ઇજનેર આલ્ફ્રેડ નૉબેલ ડાયનેમાઇટ નામના સ્ફોટક પદાર્થની શોધ અને એકાધિકાર દ્વારા સ્વીડનનો ધનકુબેર બની ગયો છે. એ તો જાણીતું થયેલું કે તે સ્ફોટક પદાર્થ બેધારી તલવાર જેવો છે. તેના સદુપયોગ પણ થઈ શકે છે તો યુધ્ધમાં દુરુપયોગથી મોટી જાનહાનિ થતી હોય છે. એક દિવસ આલ્ફ્રેડ છાપાંમાં એક મૃત્યુનોંધ વાંચીને ચોંકી ઉઠે છે. એમાં લખ્યું હતું... આલ્ફ્રેડ નૉબેલનું અવસાન. 'મોતના સોદાગરનું મૃત્યુ...' (The merchant of death is dead.) હકિકતે અખબારની બહુ મોટી ભૂલ હતી. જેનું અવસાન થયેલું એ તેનો ભાઈ લુડવીગ હતો. પણ એ વાંચતાં આલ્ફ્રેડ ખૂબ ખિન્ન થઇ ગયો, તેને થયું...અરે... મારા મૃત્યુ બાદ લોકો મને આ રીતે યાદ કરશે...?! કહે છે કે એ પછી આલ્ફ્રેડે નક્કી કર્યું કે કંઈક એવું કરી છૂટવું જેથી પોતાની વિદાય બાદ લોકો તેને ખૂબ સારી રીતે યાદ કરે. એમણે પોતાના વસિયતનામામાં લખ્યું કે તેમની મિલ્કતમાંથી દર વર્ષે ઉત્તમ કાર્યો માટે આંતરરાષ્ટ્રીય ધોરણે, દેશ-દેશના કોઈ ભેદભાવ વિના, વિશેષ પુરસ્કારો આપવામાં આવે. ૧૯૦૧થી પ્રતિવર્ષ નૉબેલ પુરસ્કારો 'માનવજાતના કલ્યાણ અર્થે શ્રેષ્ઠ શોધ અથવા તો પ્રદાન માટે' અર્પણ કરવામાં આવે છે.

એ ઈનામો હવે છ જુદાં જુદાં વિષય-ક્ષેત્રોમાં આપવામાં આવે છે, તે પૈકી આપણે ભૌતિક વિજ્ઞાન વિશે વાત કરીએ તો, વર્ષ ૨૦૨૫નું નૉબેલ પારિતોષિક ત્રણ અમેરિકન ભૌતિક વિજ્ઞાનીઓને એનાયત થશે. તેઓનાં નામ છે, **જહોન ક્લાર્ક, માઈકેલ ડેવોરેટ અને જહોન માર્ટિનીઝ.**




**ફિઝિક્સના નૉબેલ પારિતોષિક વિજેતાઓ ૨૦૨૫** (nobelprize.org)

સ્વીડનની The Royal Swedish Academy of Sciences દ્વારા તે અંગેની જાહેરાત કરવાની સાથોસાથ એ ત્રણે વિજ્ઞાનીઓનાં સરસ રેખાચિત્રો પ્રસિદ્ધ કરેલ છે તે અહીં આપેલ છે; જુઓ, nobelprize.org. એ ત્રણ પ્રાયોગિક ભૌતિક-શાસ્ત્રીઓને કઈ શોધ માટે આ પ્રસિધ્ધ પુરસ્કાર એનાયત થનાર છે? તેના જવાબમાં ઉપરોક્ત જાહેરાત-માંથી જ ટાંકીએ તો, ...for the discovery of macroscopic quantum mechanical tunnelling and energy quantisation in an electric circuit.

એ બધું તો અટપટું અને અઘરું લાગે છે, નહીં...?! ચાલો, સરળ શબ્દોમાં એ સંશોધનનું હાર્દ સમજવા પ્રયાસ કરીએ. એ શોધનો ચિતાર આપતા શબ્દોમાંથી સૌ પ્રથમ આપણે 'ક્વૉન્ટમ'ને પકડીએ. આજકાલ એ એક ગૂંજતો શબ્દ થઈ ગયો છે. આશરે સવાસો વર્ષ પહેલાં યાને કે ૨૦મી સદીના આરંભે ભૌતિકવિજ્ઞાનમાં અવનવા સિધ્ધાંતો આવવા લાગ્યા, તેના પ્રારંભિક જ્યોતિર્ધરો હતા મેક્સ પ્લાંક અને આલ્બર્ટ આઇન્સ્ટાઇન. ભૌતિકવિજ્ઞાનમાં તે સમય પૂર્વે સ્થાપિત થઈ ચૂક્યું હતું કે પ્રકાશ અને અનેક પ્રકારનું અદશ્ય વિકિરણ એ વિદ્યુત્-ચુંબકીય તરંગો

રૂપે અસ્તિત્વ ધરાવે છે. તે ખ્યાલથી જુદું જ વિચારીને આઇન્સ્ટાઇને કહ્યું કે પ્રકાશ/વિકિરણ એ ઊર્જાનાં છુટ્ટાં છુટ્ટાં કણો 'ઊર્જાપૂંજ'ના સ્વરૂપમાં હોય છે. તો આમ ક્વૉન્ટમ એટલે પ્રકાશ જેનો બનેલો છે તે ઊર્જાનું સૂક્ષ્મ પડીકું - ઊર્જાપૂંજ, જેને 'ફોટોન' નામ અપાયું. ૧૯૦૦થી ૧૯૩૦ના ત્રણ દાયકાના ગાળામાં ભૌતિક- વિજ્ઞાનમાં એક પછી એક યુગપ્રવર્તક સિધ્ધાંતો આવ્યા અને એક પ્રકારની વૈચારિક ક્રાંતિ થવા પામી. ૧૯૨૪માં ફ્રેંચ વિજ્ઞાની લૂઇ દ્-બ્રોગ્લીએ જબરો ધડાકો કર્યો; તેમણે પરિકલ્પના આપી કે ઇલેક્ટ્રોન જેવાં કણો પણ તરંગના ગુણધર્મો દાખવી શકે. એ રીતે એક બાજુ પ્રકાશ એ તરંગ પણ છે અને ફોટોન રૂપે ઊર્જા-કણ પણ છે, તો બીજી બાજુ ઇલેક્ટ્રોન જેવું કણ દ્રવ્યકણ પણ છે અને દ્-બ્રોગ્લી તરંગ પણ છે...! કેવો અદ્ભુત દ્વૈતવાદ...?! ૧૯૨૬માં એર્વિન શ્રોડિંગરે Schroedinger 'wave' equation આપ્યું અને ક્વૉન્ટમ ગતિવિજ્ઞાન Quantum mechanics નો ધમાકેદાર પ્રારંભ થયો. તે સાથે ભૌતિકવિજ્ઞાનમાં જ્ઞાનક્રાંતિનો ઉદય થયો, અને ત્યાર બાદ પ્રથમ ક્વૉન્ટમ ટેક્નોલોજીકલ ક્રાંતિનું પ્રભાત ઊગ્યું. પ્રકૃતિનાં મૂળ તત્ત્વો પ્રકાશ અને દ્રવ્ય-પદાર્થોને બારીકીથી સમજવાના પ્રયત્નોમાંથી વિજ્ઞાન અને ટેકનોલોજી જન્મે છે. ક્વૉન્ટમ મિકેનિક્સ, જે ગણિતના પાયા પર રચાયેલું જ્ઞાન છે, તે હવે સો વર્ષનું થાય છે, પણ એ ખૂબ જ વિલક્ષણ છે; તેના સૂચિતાર્થો આપણને સ્તબ્ધ કરી મૂકે એવા હોય છે. પ્રસિધ્ધ ભૌતિકવિજ્ઞાની નિલ્સ બોહરે કહ્યું હતું "Anyone who is not shocked by quantum theory has not understood it."


પરંતુ આપ કહેશો, 'એ તો બધી સો વરસ જૂની વાતો થઈ... એમાં ૨૦૨૫નાં નૉબેલ પુરસ્કારના વિષયની વાત ક્યાં આવી...?!'

જરા ધીરજ ધરજો, એ પુરસ્કાર જે શોધો માટે જાહેર થયો છે તેની થોડી ભૂમિકા બાંધી લઈએ. શરૂઆતમાં આપેલ અંગ્રેજી લખાણમાં તેની વિગતો આપવામાં આવી છે; તેમાં એક શબ્દ આવે છે, tunnelling. સાદી ભાષામાં ટનેલ એટલે સુરંગ કે બોગદું. પહાડ કે ટેકરી પરથી ચડીને સામે પાર જવાને બદલે તેમાં અંદરથી ખોદકામ કરીને રસ્તો બનાવવામાં આવે તે; સમજો ને કે પારગમન. પરંતુ શરૂઆતમાં ઉલ્લેખ કર્યો છે એ quantum mechanical tunnelling તો સાવ અલગ અને આશ્ચર્યજનક બાબત છે. તેનો ટૂંકો ખ્યાલ મેળવવા માટે ચાલો સમયની કેડી પર પાછા જઈએ. ક્વૉન્ટમ મિકેનિક્સની અજીબોગરીબ વિચારધારાથી ભૌતિકવિજ્ઞાનમાં ખળભળાટ મચી ગયો હતો, છતાં પણ તેનો ઉપયોગ કરીને પરમાણુઓની સૂક્ષ્મ સૃષ્ટિના કોયડા હલ કરવામાં સફળતા પણ મળી રહી હતી. પરમાણુની અંદર કેંદ્રભાગે અતિઅત્યંત સૂક્ષ્મ એવો ગર્ભભાગ હોય છે જેને નાભિ - ન્યૂક્લિયસ કહે છે. એ પણ જાણીતું થયેલું કે યુરેનિયમ જેવાં ભારે તત્ત્વો અસ્થાયી હોય છે અને તેની પરમાણુ-નાભિમાંથી આલ્ફા કે બીટા કણો તેમજ ક્વચિત્ ગામા કિરણો પણ નીકળતાં રહે છે. આલ્ફા કણોનાં ઉત્સર્જનની સમજૂતિ અંગે એક સમસ્યા ઊભી થઈ હતી. ન્યૂક્લિયસ તથા આલ્ફા કણ બંને ધન વીજભાર ધરાવે છે. હવે આલ્ફા કણ એ ન્યૂક્લિયસમાંથી બહાર નીકળવા મથે તો પણ તેને અપાકર્ષણની આડશ (repulsive barrier) નડે. ભારે તત્ત્વોમાંથી ઉત્સર્જિત થતાં આલ્ફા કણોની ઊર્જા કેટલી હોય છે એ તો શોધી કાઢવામાં આવેલું. સમસ્યા એ હતી કે એ ઊર્જા પેલા અપાકર્ષણના બૅરિયર (બંધન)ને ઓળંગવા માટે અપૂરતી હોય છે છતાં પણ આલ્ફા કણ ન્યૂક્લિયસની બહાર આવી પહોંચે છે શી રીતે?! ૧૯૨૮માં જ્યોર્જ ગૅમોવ અને સાથીઓએ ક્વૉન્ટમ મિકેનિક્સના આધારે સૈદ્ધાંતિક ગણતરીઓ હાથ ધરી. તેઓનું કહેવું એ હતું કે ક્વૉન્ટમ સિદ્ધાંતો અનુસાર આલ્ફા કણ એ કેવળ કણ નથી, એ તરંગ સ્વભાવ પણ ધરાવે છે. આમ આલ્ફા કણ તરંગ પેલા બૅરિયરના સંપર્કમાં આવે છે ત્યારે તે તરંગની બૅરિયર આરપાર નીકળી જવાની સંભાવના

રહે છે, ભલે અતિશય ઓછી પણ એ સંભાવના તો હોય છે જ. એ રીતે quantum mechanical tunnelling ક્વૉન્ટમ પારગમનના ખ્યાલથી આલ્ફા કણોનું ઉત્સર્જન સમજાવી શકાયું.
સૂક્ષ્મની સૃષ્ટિમાં ક્વૉન્ટમ મિકેનિક્સની આણ પ્રવર્તે છે એ વધુ ને વધુ બહાર આવવા લાગ્યું. ગઈ સદીના લગભગ મધ્ય ભાગથી જેને પ્રથમ ક્વૉન્ટમ ક્રાંતિ કહે છે તેનો પ્રારંભ થયો.

આપણી મુખ્ય વાત નૉબેલ ઇનામો ૨૦૨૫ વિષેની છે. તેના સંદર્ભમાં, શરૂઆતમાં જેનો ઉલ્લેખ આવી ગયો, એ વિદ્યુત્ પરિપથ વિષે થોડું સમજી લઈએ. વિદ્યુત્ પ્રવાહનું વહન કરતા તાર વાહક હોય છે, જ્યારે તેને ફરતે વિંટાળેલ પડ અવાહક હોય છે. વળી અર્ધવાહકો (semiconductors) એ તો આજકાલ ધૂમ મચાવી છે. વિજ્ઞાનીઓએ અતિસંવાહક superconductorsની પણ શોધ કરી છે. એ ખાસ પ્રકારના પદાર્થો છે કે જે અત્યંત ઓછાં તાપમાને શૂન્ય અવરોધે વિદ્યુત પ્રવાહનું વહન કરે છે. આપ જુઓ કે આપણે સૂક્ષ્મની સૃષ્ટિની અને ક્વૉન્ટમ સિધ્ધાંતોની વાત કરતા હતા અને અચાનક ઇલેક્ટ્રિક સરકિટ અને વાહકો જેવી મોટી કે સ્થૂળ વસ્તુઓ પર આવી ગયા...! ક્વૉન્ટમ મિકેનિક્સ એ અદશ્ય સૂક્ષ્મને લગતું જ્ઞાન છે. શું કોઈ એવી સીમા મર્યાદા હશે કે જે ક્વૉન્ટમ અને રુઢિગત સંકલ્પનાઓને અલગ પાડી શકે?!

કોઈ સ્થૂળ તંત્ર કેટલુંક મોટું હોય તો એ ક્વૉન્ટમ અસરો દર્શાવી શકે...?! આ મહાપ્રશ્નમાં વર્ષ ૨૦૨૫નાં ફિઝિક્સનાં નોબેલ પારિતોષિકની શોધોનું હાર્દ રહેલું છે. ક્વૉન્ટમ પારગમન tunnelling શું મોટાં તંત્રોમાં પણ સંભવી શકે?!



દડાનું ક્વૉન્ટમ પારગમન?! (https//www.nobelprize.org/prizes/physics/2025/popular-information/)

આ અંગે લોકોની જાણકારી માટે રૉયલ સ્વીડિશ એકેડમી ઓફ સાયંસીઝએ એક રમૂજી લાગતું ચિત્ર પ્રસિધ્ધ કર્યું છે તે જુઓ. એક બાળક દિવાલ પર દડો ફેંકે તો એ અથડાઈને પાછો આવે; ભલે ને એ ખૂબ જોશથી ફેંકે, એ દડો ક્યારેય દીવાલની આરપાર જઈ શકે નહીં. અહીં ક્વૉન્ટમ પારગમન શક્ય નથી. ૧૯૮૪-૮૫ના અરસામાં ઉપરોક્ત વિજ્ઞાનીઓ ક્લાર્ક, ડેવોરેટ અને માર્ટિનીઝએ અમુક વીજપરિપથો પર કાળજીપૂર્વકના પ્રયોગો કર્યા, અને દર્શાવ્યું કે, ક્વૉન્ટમ ટનેલિંગની ઘટના, પહેલાં માનવામાં આવતું હતું તેનાથી મોટાં/સ્થૂળ તંત્રમાં પણ બની શકે છે. એટલું જ નહીં, એ પણ સિધ્ધ થયું કે સૂક્ષ્મ સ્તરની ઘટના, જેને ઊર્જાનું અસતત અસ્તિત્વ અથવા તો ક્વૉન્ટમીકરણ (energy quantisation) કહે છે, એ ઠીક ઠીક મોટાં તંત્ર-હાથમાં લઈ શકાય તેવી વસ્તુમાં યે શક્ય છે. એ ત્રણે અમેરિકન વિજ્ઞાનીઓએ લગભગ ૧૯૮૪-૮૫ના સમયમાં અતિસંવાહક સાથેના વીજ પરિપથો પર પ્રયોગો કર્યા. એ અતિસંવાહકના ઘટકો અવાહક પદાર્થનાં પાતળાં સ્તર વડે અલગ કરવામાં આવ્યા. એ પ્રકારનાં જોડાણને Josephson junction કહે છે. આ પરિપથ રચનામાં પ્રયોગો દ્વારા એવું જાણવા મળ્યું કે અતિસંવાહકનાં વીજભારિત કણો એવી રીતે વર્તે છે કે જાણે તે સમગ્ર પરિપથમાં ફેલાયેલ એક જ કણ હોય...!

'એક જ કણ'નું બનેલ લાગતું એ સ્થૂળ તંત્ર શરૂઆતમાં એ અવસ્થામાં હોય છે કે જ્યાં વિદ્યુત્-

પ્રવાહ કોઈ જ વોલ્ટેજ વિના વહેતો હોય છે. એ તંત્ર, આમ તો પાર ન કરી શકાય તેવાં બંધનમાં સપડાયેલું હોય છે. ઉપરોક્ત પ્રયોગોમાં એક તબક્કે તે એક ક્વૉન્ટમ લાક્ષણિકતા દર્શાવે છે અને તે શૂન્ય વોલ્ટેજની અવસ્થાને પાર કરતું, quantum mechanical tunnelling કરતું જણાય છે. પરંતુ અવસ્થાના આ પરિવર્તનની ખબર શી રીતે પડે?! પ્રયોગોમાં વોલ્ટેજનું અમુક મૂલ્ય આવતું જણાય છે ત્યારે તે પરિવર્તન થયાની ખાત્રી થાય છે.

ફરી આપણે ક્વૉન્ટમ મિકેનિક્સના વિશેષ ગુણધર્મોની વાત કરીએ તો કોઈ પણ ક્વૉન્ટમ તંત્ર બદ્ધ સ્થિતિમાં હોય ત્યારે તે ઊર્જાનું અસતત અસ્તિત્વ અથવા તો ક્વૉન્ટમીકરણ (quantization) દર્શાવે છે. નૉબેલ વિજેતા ભૌતિક વિજ્ઞાનીઓને શું એવું કોઈ લક્ષણ આ પ્રયોગોમાં જાણવા મળ્યું? હા, તેઓએ શોધી કાઢ્યું કે ઉપરોક્ત પરિપથ તંત્રની ઊર્જા ક્વૉન્ટમીકૃત (quantized) હોય છે. બીજા શબ્દોમાં તે ઊર્જાનું શોષણ કે ઉત્સર્જન અસતત કે અલગ અલગ જથ્થામાં જ કરી શકે છે.

નૉબેલ પુરસ્કારની જાહેરાતમાં તે અંગેની સમિતિએ જણાવ્યું તે પ્રમાણે, ક્વૉન્ટમ મિકેનિક્સની શતાબ્દીનાં વર્ષમાં ઉપરોક્ત શોધો દ્વારા આ નવાં આશ્ચર્યો પ્રગટ થઈ રહ્યાં છે. તે અત્યંત ઉપયોગી પણ છે કેમ કે આજકાલની ડિજિટલ ટૅક્નૉલૉજીના પાયામાં ક્વૉન્ટમ મિકેનિક્સ રહેલ છે. તેનું એક ઉદાહરણ લઈએ તો આપણા રોજિંદા વ્યવહારમાં મોબાઇલ અને કેટલાંય અદ્યતન સાધનો વપરાય છે તેમાં રહેલ છે ICs-microchips, જેમાં અસંખ્ય ટ્રાન્ઝિસ્ટરો હોય છે અને એ ક્વૉન્ટમજન્ય ટૅક્નૉલૉજી પર આધારિત છે. આ વર્ષનું ભૌતિકવિજ્ઞાનનું નૉબેલ ઇનામ એવા અવસરો પૂરા પાડે છે કે જેથી કરીને, નવી પેઢીની ક્વૉન્ટમ ટૅક્નૉલૉજીનો વિકાસ થશે, જેમાં સમાવિષ્ટ છે, ક્વૉન્ટમ કંપ્યુટર, quantum cryptography and quantum sensors વગેરે.

નૉબેલ પુરસ્કારો અર્પણ કરવાનો મુખ્ય સમારંભ સ્વીડનની રાજધાની સ્ટૉકહોમમાં ડિસેમ્બરની ૧૦મી તારીખે યોજાશે. હવે તો એ ભવ્ય કાર્યક્રમનું ઑનલાઇન પ્રસારણ પણ થાય છે.

નિવૃત્ત પ્રોફેસર, સ.પ.યુનિ., વલ્લભ વિદ્યાનગર

॥ વિદ્યાવૃત્ત ॥

## Achievements of Faculties and Students of ADIT

[1] **Dr. Vishal Narendra Singh,** Principal at A. D. Patel Institute of Technology, CVM University, has been selected for the prestigious Research Fellowship Scheme (2023–24 & 2024–25) by Knowledge Consortium of Gujarat (KCG), under the Government of Gujarat. His Minor Research Project, titled "Conversion of Waste Plastics into Usable Energy Forms Through Bubbling Fluidized Bed Fast Pyrolysis Process", has earned recognition for its innovative approach to sustainable energy development. The project has secured an approved fellowship amount of 1,75,000, with the first instalment of 87,500 already sanctioned.

[2] **Dr. Mitesh I. Shah,** Head of Dairy Technology and Professor at ADIT, CVM University, has been honored with selection of his Major Research project under the Knowledge Consortium of Gujarat (KCG),Government of Gujarat's Research Fellowship Scheme (2023–24 & 2024–25) for his Major Research Project in the field of Biochemistry. His project, titled "Numerical Modelling, Development and Experimental Investigations for Characterization of LN2 Probe for Cryo-Ablation of Cancerous Tissues," has been acknowledged for its scientific relevance and innovative potential in cancer treatment technologies. Prof. Shah received a fellowship of 3,50,000.

[3] One team of ADIT Shortlisted for SIH 2025 Grand Finale. Meet Jasoliya (PS ID: 25262) and his team have been shortlisted for the Grand Finale of the Smart India Hackathon (SIH) 2025, as per the official shortlist document. Their team successfully cleared the Phase-1 evaluation, demonstrating exceptional innovation, technical proficiency, and problem-solving capabilities. The shortlisted student team consists of: Madhvedrasinh Vaghela, Dev Narola, Madhav Chotaliya, Kirtan Dobariya, Ashmita Yadav, Meet Jasoliya.

The team was guided by Mr. Vimal G. Bhatt ( Mentor and SPOC of SIH 2025) whose continuous support and expert guidance played a key role in strengthening the project and preparing the team for national-level competition.

## Nobel Prize in Literature : 2025

**Parul Popat**

"I'm not interested to believe in something, but to understand the people who believe." ¯ **László Krasznahorkai, 2025,** Nobel Prize Winner

Since the first announcement in 1901, the Nobel Prize in Literature has made the world pause and reflect on the immense power of words, which illuminate history, unravel the complexities of human emotions, and remind us of humanity. In 2025, this recognition shined upon Hungarian novelist László Krasznahorkai, a writer who has also won the Man Booker International prize in 2015. The Nobel Committee's tribute, a "compelling and visionary oeuvre that, in the midst of apocalyptic terror, reaffirms the power of art" for László Krasznahorkai, acknowledges the realistic optimism that defines his writing. While many authors use fiction to escape the world, Krasznahorkai turns toward societies on the brink, toward lives fraying under invisible pressures and finds there a fierce, almost stubborn, humanity.

Widely regarded as the most important living Hungarian author, László Krasznahorkai was born on 5 January 1954 in Gyula, Hungary, to a lawyer father and a mother who worked as a social security administrator. His early years were shaped by books, discipline, and the intellectual restlessness that later defined his writing. Krasznahorkai studied law and Hungarian language and literature, a combination that sharpened his sensitivity to human frailty and to the intricate machinery of society. After working as an editor for a few years until 1984, he committed himself fully to writing and has remained a freelance author ever since.

His first novel, *Satantango* (1985) has remained his most celebrated work till date. The novel unfolds in a decrepit, isolated village in dystopian communist Hungary. The plot revolves around the enigmatic return of Irimiás, a figure who may be a saviour, a con-man, or something far more sinister. Through the depiction of the manipulation of the residents by Irimiás, Krasznahorkai exposes the village's fragile social fabric using a blend of brutality, dark humour, and philosophical depth. The Guardian described the novel as "a monster of a book…brutal, relentless and so amazingly bleak that it's often quite funny." It is interesting to note that the twelve chapters of Satantango each consists of a single paragraph. Far from being merely "experimental" or difficult, Satantango teaches readers how to slow down, how to inhabit the pauses and silences in which real human emotions live. It reveals that even despair has its own music, and that ordinary people carry extraordinary burdens quietly. The English translation of the novel won the 2013 Best Translated Book Award (Fiction), further cementing its status as a modern classic.

*The Melancholy of Resistance* (1989) is another famous work. Often called a "comedy of apocalypse," this novel is set in a provincial Hungarian

town thrown into turmoil by the arrival of a travelling circus. The only attraction of this circus is an enormous whale carried on the back of a truck. The creature's grotesque presence unsettles the townspeople and triggers a wave of manipulation, fear, and collective hysteria. George Szirtes, who translated the novel into English, has memorably described Krasznahorkai's prose as "a slow lava flow of narrative, a vast black river of type,". The novel is a powerful study of social collapse. It won Germany's Book of the Year Award in 1993.

Krasznahorkai's later works-*War & War* (1999), *Seiobo There Below* (2008), *The Last Wolf and Herman* (2018) extend this vision while travelling across wider emotional and geographical landscapes. In War & War, a lonely archivist travels the world in a desperate attempt to preserve a manuscript he believes contains the essence of civilisation. The work is a moving portrait of one man's battle against meaninglessness. Seiobo There Below is an episodic novel composed of 17 individual "pieces," each focusing on a different story, character, and setting, from Renaissance Italy to modern Japan. Thematically, the book explores the relationship between the artist and art, focusing on the process of creation and the impact of art on the viewer. The Last Wolf and Herman is a collection of two novellas exploring themes of obsession, destruction, and the complex relationship between humans and the natural world. The Last Wolf is about a philosophy professor tasked with writing the true story of the last wolf in a barren region of Spain, which he narrates in a single, long sentence. Herman tells the story of a skilled trapper who is hired to clear a forest of its "noxious beasts" but eventually switches sides to hunt different prey.

Krasznahorkai has a long-standing creative partnership with the renowned Hungarian filmmaker Béla Tarr who has directed four films based on the author's works, and has co-written two additional scripts with the author. Their collaboration began with *Kárhozat* (Damnation) a 1988 black-and-white Hungarian film directed by Béla Tarrin and the screenplay co-written by Laszlo Krasznahorkai. In 1994, there released the seven-and-a-half-hour black-and-white film adaptation of *Satantango.* The making had taken almost seven years of work, but is now regarded as a masterpiece of world cinema. *The Melancholy of Resistance* has also been adapted into a 2000 film by director Béla Tarr called *Werckmeister Harmonies,*

"When I am not reading Kafka I am thinking about Kafka. When I am not thinking about Kafka I miss thinking about him. Having missed thinking about him for a while, I take him out and read him again. That's how it works."-László Krasznahorkai

Considered as a postmodern writer, Krasznahorkai openly acknowledges Kafka as his guiding literary influence—"I follow him always," he has said. Across the world, reviewers have struggled to describe the unsettling beauty of his work. The Guardian calls

 ISSN 0976-9609

him a "master of the apocalypse," not for writing about destruction alone but

> "When I am not reading Kafka I am thinking about Kafka. When I am not thinking about Kafka I miss thinking about him. Having missed thinking about him for a while, I take him out and read him again. That's how it works."
>
> **- László Krasznahorkai**

for capturing the fragile emotions that precede it. The New York Times notes that his prose "flows like a river of thought," pulling readers into landscapes where despair and hope coexist uneasily. Many critics see him as a natural heir to Kafka, Dostoevsky, and Melville, writers who understood that fear, absurdity, and spiritual longing are inseparable from the human condition. Yet Krasznahorkai is not merely following a tradition; he is extending it.

Despite the scale and seriousness of his themes, László Krasznahorkai is, at heart, a profoundly humane observer of ordinary life. What sets him apart is the compassionate intelligence that shines through even the bleakest moments of his fiction. His characters are people who think too much, feel too deeply, or fear too quietly. They stumble, suffer, and lose their way, but much like us, they continue to search for order, for meaning, for a moment of grace. It is this quiet insistence on endurance that critics find extraordinary. As one reviewer observed, "Krasznahorkai looks into the abyss and still manages to find a pulse." His Nobel Prize is thus not a recognition of darkness, but of his extraordinary ability to navigate it, showing that storytelling remains one of humanity's deepest ways of understanding itself. Krasznahorkai once remarked, half-jokingly, that he writes long sentences because "the human soul does not breathe in full stops." That insight captures his entire artistic philosophy. By refusing abrupt endings, his writing honours the continuity of human experience: the flow of consciousness, the persistence of longing, and the unbroken thread of endurance.

Across all these works, Krasznahorkai returns to a few profound questions:

- How does one remain human in inhuman circumstances?
- Where does beauty survive when the world appears broken?
- What keeps a person moving when hope becomes fragile?

These questions give his literature a timeless resonance, allowing his stories to speak not only to readers of today but to anyone who has ever felt lost, overwhelmed, or suspended between fear and possibility.

---

Professor & Head
PG Department of English
Sardar Patel University,
Vallabh Vidyanagar. (M) 98242 73232
Email: parulpopat@gmail.com

## ।। સૂચના ।।

૧. 'વિ-વિદ્યાનગર' વલ્લભ વિદ્યાનગરના શૈક્ષણિક ટ્રસ્ટ ચારુતર વિદ્યામંડળ તરફથી દર માસે નિયમિત પ્રકાશન થતું શિક્ષણ, સાહિત્ય અને સંસ્કાર વિષયક સામગ્રી પીરસતું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક છે. માનવજીવનને ઉન્નતિકારક અને યુવાવર્ગને પ્રેરક, શિષ્ટ સરળ શૈલીમાં, મૌલિક, અનુવાદિક ઉપરાંત સંચય સ્વરૂપ (digest)) માં પણ સામગ્રી આપવામાં આવે છે.

૨. ।વિ। માં મોકલેલું લખાણ મૌલિક હોવું જરૂર છે. પ્રકાશન અર્થે કૃતિ મોકલતી વખતે સર્જકે એની ઝેરોક્ષ નકલ પોતાની પાસે અવશ્ય રાખવી. તંત્રીને ઝેરોક્ષ નકલ મોકલવી નહિ. મૂળ લખાણ જ મોકલવું. લખાણ કાગળની એક બાજુએ, ફૂલસ્કેપ કાગળ પર હાંસિયો પાડીને જ મોકલવું જરૂરી છે. પોસ્ટકાર્ડ કે ઈન્લેંન્ડ પર મોકલેલું લખાણ પ્રકાશન માટે સ્વીકારવામાં આવશે નહિ. કૃતિના સ્વીકાર-અસ્વીકાર અંગેના નિર્ણયનો અધિકાર તંત્રી-સંપાદક મંડળનો રહેશે.

૩. સાધારણ રીતે લાંબા લેખોને અવકાશ ઓછો છે. લખાણ ટૂંકું અને મુદ્દાસર હોય એ જરૂરી છે. લખાણમાં અંગ્રેજી શબ્દનો ઉપયોગ કર્યો હોય ત્યાં સાથે કૌંસમાં ગુજરાતી પર્યાય આપવો આવશ્યક છે. લખાણ ગુજરાત વિદ્યાપીઠના માન્ય જોડણીકોશ અનુસારની જોડણીમાં હોવું જરૂરી છે. લેખમાંના અભિપ્રાયની જવાબદારી સંબંધિત સર્જકની જ રહેશે, તંત્રી કે સંપાદક મંડળ એ અંગે જવાબદાર રહેશે નહીં.

૪. ।વિ। માં મોકલેલું લખાણ પ્રકાશન અર્થે અન્ય સામયિકને પણ મોકલેલું ન હોવું જોઇએ. એ અંગેની કાળજી તેમજ જવાબદારી સર્જકે રાખવી જરૂરી છે. સામાન્ય રીતે બે-ત્રણ માસમાં કૃતિ પ્રકાશિત ન થાય તો અસ્વીકૃત કૃતિ પરત મોકલવાની પદ્ધતિ નથી. તેથી જવાબી ટપાલીખર્ચ ન મોકલવું લેખ/કૃતિ અંગે કોઇ પત્ર વ્યવહાર ટેલીફોન કે રૂબરૂ સંપર્ક કરવો નહિ.

૫. પ્રત્યેક કૃતિ નીચે સર્જકે બેન્ક એકાઉન્ટ નંબર પ્રમાણે પોતાનું નામ, બેન્ક એકાઉન્ટ નંબર IFSC Code તથા પિનકોડ સાથેનું પૂરેપૂરું સરનામું અવશ્ય લખવું. જેથી સર્જકની પુરસ્કારની રકમ જમા કરાવવામાં સરળતા રહે. અપૂરતી વિગતને કારણે પુરસ્કારની રકમ જમા ન થઇ શકે તો જવાબદારી સર્જકની રહેશે. આથી દરેક વિગત ચકાસણીને મોકલવી.

૬. 'વિ-વિદ્યાનગર' દર માસની પાંચમી તારીખે નિયમિતરૂપે પ્રકાશિત થાય છે. સામયિકનો અંક ચોક્સાઇથી રવાના કરવામાં આવે છે. ટપાલમાં અંક ગેરવલ્લે જાય તો તે અંગેની જવાબદારી સંસ્થાની નથી. અંક ન મળ્યાની ફરિયાદ અંક પ્રગટ થયા પછી એક માસ સુધીમાં મળશે તો જ તેના પર ધ્યાન આપી શકાશે. અલબત્ત, અંક સિલકમાં હશે તો બીજી નકલ મોકલવામાં આવશે.

૭. લવાજમ વાર્ષિક-આજીવન રૂબરૂમાં-મની ઓર્ડરથી-બેન્ક ડ્રાફ્ટ-ચેકથી મોકલી શકાય. મનીઑર્ડરની કૂપનમાં ગ્રાહકે સ્પષ્ટ અક્ષરે પોતાનું નામ સરનામું, પિનકોડ સાથે લખવું. બહારગામના બેન્ક ડ્રાફ્ટ-ચેકમાં લવાજમની રકમ ઉપરાંત રૂપિયા પાંત્રીસ ઉમેરવા. ગમે તે માસથી ગ્રાહક થઇ શકાય છે. લવાજમ 'ચારુતર વિદ્યામંડળ' ના નામે મોકલવું.

૮. દિવંગત થયેલા આજીવન ગ્રાહક અંગે તેમના સગાં-સંબંધીઓને તે વિશે કાર્યાલયને જાણ કરવા વિનંતી.

૯. વ્યવસ્થા અંગેનો તેમજ તંત્રી સાથેનો સઘળો પત્રવ્યવહાર નીચેના સરનામે કરવો.


### ડૉ. ઉર્વીશ છાયા

**તંત્રીશ્રી, વિ-વિદ્યાનગર, આસિ.પ્રોફેસર, (અધ્યક્ષ માઈક્રોબાયોલોજી એન્ડ ફૂડ ટેકનોલોજી વિભાગ)**

**એન.વી.પટેલ સાયન્સ કૉલેજ** (N.V.P.A.S.), **વલ્લભ વિદ્યાનગર**

**ઇ-મેઇલ** : editor.vidyanagar@gmail.com.


**લવાજમ**

| | |
|---|---|
| **વાર્ષિક** | : ₹ ૧૫૦, સ્થાનિક વિદ્યાર્થીઓ માટે પ્રોત્સાહક લવાજમ ₹ ૧૦૦ |
| **આજીવન** | : ₹ ૧૫૦૦ |
| **વિદેશમાં** | : ૨૫ $ અથવા ૧૫ £ આજીવન ૧૦૦ $ અથવા ૭૦ £ |
| **છૂટક નકલની કિંમત** | : ₹ ૧૫ + રવાનગી ખર્ચ ₹ ૧૦ |

 ISSN 0976-9609

# ॥ સરદાર સ્મૃતિ યાત્રા ॥









સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે સરદાર પટેલ યુનિવર્સિટી અને જિલ્લા વહીવટી તંત્ર આણંદના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ સરદાર સ્મૃતિ યાત્રાનું ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષશ્રી તથા ધી ચારુતર વિદ્યામંડળ (સીવીએમ) યુનિવર્સિટીના પ્રમુખશ્રી એન્જિ.ભીખુભાઈ બી. પટેલ, મંડળના મંત્રીશ્રી ડૉ. એસ. જી. પટેલ, સહમંત્રીશ્રી રમેશ તલાટી, શ્રી વિશાલ એચ. પટેલ, ધી ચારુતર વિદ્યામંડળ (સીવીએમ) યુનિવર્સિટીના પ્રોવોસ્ટ પ્રો. (ડૉ) ઈન્દ્રજિત એન. પટેલ, ચારુતર વિદ્યામંડળ તથા ધી ચારુતર વિદ્યામંડળ (સીવીએમ) યુનિવર્સિટી પરિવારના પદાધિકારીશ્રીઓ તેમજ BAPS સ્વામિનારાયણ મંદિર, આણંદના કોઠારી પૂ. ભગવતચરણસ્વામી તથા સંતગણ, સંસ્થાઓના આચાર્યશ્રીઓ/વડાશ્રીઓ, કર્મચારીગણ-વિદ્યાર્થીઓએ ચારુતર વિદ્યામંડળના કાર્યાલય પાસે વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહીને સરદાર સ્મૃતિ યાત્રાનું હાર્દિક સ્વાગત કર્યું હતું અને પૂ. સરદાર સાહેબને ભાવાંજલિ અર્પણ કરી હતી.

V-Vidyanagar 27 (12)
Published on 05/12/2025
No. of Pages 48 Including Cover
ISSN 0976 – 9609 V-Vidyanagar

BOOK POST
December 2025

Postal Regd. No. AND/318/2024-26
RNI Regd. No. GUJGUJ/2001/05433
Posted at Vallabh Vidyanagar on
5th of Every Month

**Werner Heisenberg**



(5 December 1901 to 1 February 1976)

Werner Karl Heisenberg was a German theoretical physicist, one of the main pioneers of the theory of quantum mechanics and a principal scientist in the German nuclear program during World War II. Heisenberg published his Umdeutung paper in 1925, a major reinterpretation of old quantum theory.

(Source: google)

**Editor : Dr. Urvish Chhaya**

**If undelivered, return to**
Dr. S.G. Patel, Hon. Secretary, Charutar Vidya Mandal,
Vallabh Vidyanagar 388120, Gujarat (INDIA)
(Printed, Published and Owned by Charutar Vidya Mandal, Vallabh Vidyanagar )